॥ ૐ શ્રી ॥

શ્રી સુબોધક

વાર્તામાળા.

(સ્ત્રી ઉપયોગી રસીક વાર્તાઓનો સંગ્રહ.)

પ્રસિદ્ધ કર્તા

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

તંત્રી ચંદ્રપ્રકાશ, ખપાટીઆ ચકલા-સુરત.

To ______________________

From ______________________

સોલ એજન્ટ

મંગળદાસ હરકીશનદાસ બુકસેલર્સ.

ભાગાતળાવ—સુરત.

મૂલ્ય આઠ આના.

ટૂંક વખતમાં લોકપ્રિય થઈ ગયેલાં અમારાં વખણાયેલાં પુસ્તકો

પ્રાણાયામ

પ્રાણાયામ સંબંધી સઘળી માહિતી આપનાર અમારું પુસ્તક સર્વ લોકો અને ખાસ વખાણને પાત્ર થયેલું છે. તેમાં પ્રાણાયામ કેવી રીતે કરવો, પ્રાણાયામથી શું લાભ થાય છે. પ્રાણાયામથી જીવનની વૃદ્ધિ શી રીતે થઈ શકે છે, પ્રાણાયામનું સ્વરૂપ, પ્રાણાયામ કેવી રીતે કરવો, વગેરે બીજી સેંકડો ઉપયોગી બાબતો સરળ ભાષામાં અને યુક્તિમાં સમજાવી છે. લગભગ બહોળો ફેલાવો થાય માટે પુસ્તકની કિંમત માત્ર આઠ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ ૦—૧—૦

ગૃહસ્થાશ્રમ

ગૃહસ્થાશ્રમ સંબંધી સંપૂર્ણ માહિતી આપનાર સ્ત્રી પુરુષ અને બાળક એ સર્વના હાથમાં એક સરખી રીતે મૂકવા લાયક પુસ્તક બહાર પાડ્યું છે. તેમની જીજ્ઞાસા આ પુસ્તક પૂર્ણ કરશે. તેમાં ગૃહસંસાર સુધારવાના બની શકે તેવા સરળ અને સાચા ઉપાયોનું વર્ણન સર્વોત્તમ વાર્તાઓ અને નિબંધો દ્વારા આપવામાં આવ્યું છે. થોડાજ સમયમાં તેની એક હજાર નકલો ખપી ગઈ છે. અને હજી નિત્ય ખપતી જાય છે. દરેક ગૃહમાં રાખવા આના જેવું ઉપયોગી બીજું પુસ્તક તમને ભાગ્યેજ મળશે તેની એકજ પ્રત મંગાવી તેની ખાત્રી કરો. સુંદર છાપ, પાકું પુઠું પૃષ્ઠ ૩૫૦. ફોર્મ ૨૫ ના મોહક ચિત્રો સહિત આ પુસ્તકનું મૂલ્ય ફક્ત સવા રૂપિઓ રાખવામાં આવ્યું છે. પોસ્ટેજ ૦—૨—૦

સુખનો મહામંત્ર

કોઈ પણ સમયમાં તમે ગમે તેવા નિરાશ થઈ ગયા હશો તો પણ આ પુસ્તક વાંચનથી તમારામાં અપૂર્વ નવું જીવનબળ આવશે તમારી રગેરગમાં ઉત્સાહ જાગશે મૂલ્ય એક આનો પોસ્ટેજ અર્ધો આનો.

આરોગ્ય

આરોગ્ય સંબંધી સઘળી માહિતી આપનાર અમારાં તરફથી હાલમાંજ પ્રકટ નવીન પુસ્તક, તેમાં આરોગ્ય રહેવાના ઉપાયો, વ્યાધિઓને મટાડવાના ઔષધો, ગોળીઓ, વ્યાધિનું સ્વરૂપ, કુદરતી ઉપાયોથી વ્યાધી શી રીતે મટાડી શકાય, મરણતુલ્ય કસરતો વગેરે અનેક બાબતોને સમાવી છે. ઉંમરમાં છેલ્લી શોધ અનુસાર આ મટાડવાના અને નવજીવન પ્રાપ્ત કરવાના સર્વથી બની શકે તેવા ઉપચારોનું વર્ણન પુસ્તકમાં અતિ વિસ્તારથી કરેલું છે દરેક કુટુંબમાં રાખવા લાયક આ સચિત્ર પુસ્તકની કીંમત ફક્ત આના દશ રાખવામાં આવી છે. પોસ્ટેજ ૦—૧—૦ જુદું.

સંક્ષેપક ઓફીસ, સુરત

ચંદ્રપ્રકાશ ઓફીસ ગ્રંથમાળા
ગ્રન્થાંક ૧૪.

શ્રી સુબોધક

વાર્તામાળા.

(શ્રી ઉપયોગી રસિક વાર્તાઓનો સંગ્રહ.)

પ્રસિદ્ધ કર્તા—

પ્રભુશંકર નરભેરામ વ્યાસ.

તંત્રી ચંદ્રપ્રકાશ, ખપાટીઆ ચકલા–સુરત.

શા. ખુ. અ. ના ધી સુરત જૈન એન્જીન પ્રિન્ટીંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે

મુદ્રીત કર્યું. ખપાટીઆ ચકલા સુરત.

મૂલ્ય આના આઠ.

પ્રસ્તાવના.

ગગન વિહારી મનુષ્યની એક પાંખ તેની ગૃહણી-તેની અર્ધાંગના છે. અને તેની સ્થિતિ જ્યાં સુધી યથાર્થ રીતે સુધરી નથી. ત્યાં સુધી તેનાથી યથેચ્છ ગગનમાં ઉડી શકાતું નથી. પક્ષીના પગમાં લોઢાની બેડી નાંખી તેને ઉડવાનું કહેવામાં આવે તો તેનાથી જેમ જરા પણ ઉંચે ઉડી શકાતું નથી તેમ મનુષ્યના સંબંધમાં પણ છે. મનુષ્ય ભલે ગમે તેટલી પ્રગતિ, કરે, તે ગમે તેટલા સુધારાના ભાષણ કરે, અને તે ગમે તેટલો વિવિધ માર્ગોમાં આગળ વધે પણ જ્યાં તેની સુખદુઃખની સાથી. જ્યાં તેના જીવનનું વિશ્રામ સ્થાન અશિક્ષિત હોય ત્યાં તે ત્યાંનો ત્યાંજ રહેવાનો. અનેક પ્રકારની શુભ કામનાઓ ઇચ્છાઓ તેના હૃદયમાં ઉદ્‌ભવિ હૃદયમાંજ શમવાની. આવી વસ્તુ સ્થિતિમાં સ્ત્રીઓને સુધારી તેને તેના જ્ઞાતવ્ય વ્યનું યર્થાર્થ ભાન થાય એ પ્રકારની પ્રગતિ કરવાની અનિવાર્ય જરૂર છે. અને હાલના સમયમાં દેશના ઘણા ખરા વિદ્વાનોનું તથા ભગિનીઓનું તે ઉપર લક્ષ ખેંચાયું છે તે સંતોષપ્રદજ છે.

સ્ત્રીઓની પ્રગતિ કરવાના બે માર્ગ મુખ્ય છે. અને તેનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧ મંડળ અથવા સમાજ સ્થાપી તે દ્વારા સ્ત્રીઓને કેળવણી-માત્ર શાળાઓમાં ચાલતી પોપટીઆ કેળવણી નહિ પણ વ્યાવહારિકી જ્ઞાન આપનાર કેળવણી આપવી. કેમકે તેમ થાય છે તોજ તે યથાર્થ કેળવણી કહી શકાય છે અને તે બાળા યોગ્ય વયે ગૃહિણી થવાને લાયક બની રહે છે.

૨. વ્યાવહારિક જ્ઞાન, તેમજ બીજા ધાર્મિક, શારીરિક વગેરે બાબતોથી ભરપુર જ્ઞાનના પુસ્તકો દ્વારા તે કેળવણીનો પ્રચાર કરવો.

આ બે પ્રકારના માર્ગમાં પ્રથમનો માર્ગ વિશેષ ઉત્તમ છે. અને તે માર્ગને અનુરૂપ **ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ, વનિતાવિશ્રામ** અને હાલમાંજ નવીન જન્મ પામેલી **સ્ત્રી સમાજ** જેવી સંસ્થાઓના ઉદ્દેશ અને પ્રવૃત્તિ જોતાં તે અભિનંદનને પાત્ર છે.

પુસ્તકો એ પણ મનુષ્યના એક ગુપ્ત મિત્રરૂપ હોવાથી તેની પણ અગત્ય છે. ઉત્તમ પ્રકારના પુસ્તકો એક સન્મિત્રની ગરજ સારે છે અને તેથી તે દ્વારા પોતાના યોગ્ય વિચારોને જનસમાજમાં મૂકવા એ પણ એક કર્તવ્ય રૂપ છે. આ પુસ્તકનું પ્રકટીકરણ પણ કાંઇક તેવા હેતુને લઇને તથા પૂર્વે જણાવ્યા પ્રમાણે વ્યાવહારિક જ્ઞાન પુસ્તકો દ્વારા પ્રકટ કરવાની બીજા પ્રકારની પ્રવૃત્તિરૂપ હોઇ તેની પ્રસિદ્ધિ યોગ્ય ગણી છે. અને તેનો ઉચિત સત્કાર કરવો જનસમાજના હાથમાં છે. જો તેમ થશે તો ભવિષ્યમાં બીજી આવીજ પ્રવૃત્તિ અવકાશાનુસાર થયા કરશે.

જે લેખક ભાગની અને બંધુઓએ પોતાના લેખો આ પુસ્તકમાં પ્રકટ થવા મોકલી આપ્યા છે તે સર્વનો આભાર માનવામાં આવે છે.

ચૈત્ર શુક્લ ૧ ચંદ્ર વાર. નૂતન સંવત્સર તા. ૩-૪-૧૯૧૬.

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત. } પ્રભુશંકર નરભેરામ વ્યાસ.



શ્રી સુબોધક વાર્તામાળા.

સૌદામિની.

પ્રથમ પરિચ્છેદ.

તિરસ્કાર.

હે પરમેશ્વર ! હજુ આ કમનશીબ ભાગ્યમાં શું વીતવાનું બાકી રહ્યું છે? અદ્યાપિપર્યંતનું ઘણું જીવન દુઃખમાંજ વીત્યું છે. જાતિથી દૂર થઇ—સમાજથી દૂર થઇ ! એક મુઠી અનાજ માટે પણ હરકત પડે છે. આ કેવું કષ્ટ ! હે મધુસુદનં ! ! શું આ અબળા નારીની આપ દયા નહિં લાવો ? હું કોણ હતી અને કોણ બની ગઇ ? મ્હારી પૂર્વ સ્થિતિની યાદ આવતાંજ હૃદય ભરાઇ આવે છે. સૌદામિની ! સૌદામિની ! !

ઉપરોક્ત વાક્યો કહેતી એક પ્રૌઢા સ્ત્રીએ પોતાની પુત્રી સૌદામિનીને હાંકમારી પોતાની માની હાંક શ્રવણ કરી એક યુવતી તેની પાસે આવી તથા અત્યંત નમ્રતાથી તેણે પ્રશ્ન કર્યોઃ—કયેમ શું છે માતા ! કાંઇ કામ છે કે શું ? ”

હા ! એ વિણાના અવાજ જેવી મધુરવાણી જેણે શ્રવણ કરી નથી તેને કેવી રીતે લખીને બતાવી શકાય ! ! આ યુવતીજ પેલી પ્રૌઢા સ્ત્રીની પુત્રી સૌદામિની છે.

“ બેટા ! આજે તો ખાવાનું પણ ઠેકાણું નથી ગૃહમાં ચોખાનો એક પણ દાણો નથી. ”—પ્રૌઢાએ પુત્રીને કહયું.

“ કયેમ ? ધનંજય આપશે જયાં સુધી એ વૃદ્ધ જીવતો છે ત્યાં સુધી શું ફીકર છે.” સૌદામિની બોલી.

“ ગાંડી છોકરી ! એ રોજ રોજ તને ખવડાવવાને માટે કયાંથી રૂપિયા લાવશે. તે પોતેજ ગરીબ હોવા છતાં પચાસ રૂપિયા ઉપરાંતની તેની ચીજો તો આપણને આપી ચૂકયા છે. ”

" તેથી શું થઇ ગયું ? અને કદાચ ધનંજય મરી જશે તો તેથી શું આપણે ભુખે મરી જઇશું ? નહિં નહિં, ઇશ્વરે જન્મ આપ્યો છે તો આહાર પણ આપશેજ હમણા પણ તેજ પ્રભુ ધનંજયના હૃદયમાં બિરાજી આપણું પોષણ કરે છે. ધનંજયના મૃત્યુ પછી પુનઃ તે પરમકૃપાળુ અન્ય કોઇના હૃદયમાં બિરાજી આપણુને આહાર અવશ્ય આપશેજ. માતા ! તું મારે માટે આટલી ચિંતા કરે છે તો પછી ત્રિલોકજનની શુ પોતાનાં બાળકો માટે કાંઇ પણ ચિંતા નહિં રાખતી હોય ? માતા "ઇશ્વરની સત્તા મનુષ્યે વિસરી જવી જોઇએ નહિં."

પ્રિય પાઠક ! જોયું ? જ્યારે આવી પ્રભુપ્રેમપરાયણા દેવીઓ ભારતમાં ગૃહે ગૃહે નિવાસ કરતી હતી ત્યારેજ ભારતે સમગ્ર જગતની આગળ પોતાનું શિર ઉંચુ રાખ્યું હતું. આજે. સ્ત્રીઓનીજ વિચારહીનતાને લીધે તેમના અજ્ઞાનાંધકારને લેઇ પતિત થઈ જવાને. લીધેજ ભારત પોતાનું પૂર્વેનું કીર્તિમય જીવન ગુમાવી બેઠું છે. અસ્તુ.

પ્રૌઢાએ પુત્રીને પ્રેમપૂર્વક કહ્યું:-બ્હેન ! અદ્યાપિ તું નાદાન બાળક છે. ઇશ્વરે આપણુને હાથ પગ આપ્યા છે. જો જીવન ધારણ કરવું હોય તો તેનો ઉપયોગ કરવોજ જોઇએ. કર્મ વિના પ્રારબ્ધ કાંઈ કરી શકતું નથી. જો એકલા પ્રારબ્ધ ઉપર બેસી રહીએ તો છેવટે મરણને શરણુજ થવું પડે."

સૌદામિનીએ માતાની કથા લક્ષ્યપૂર્વક શ્રવણુ કરી ઉત્તર આપ્યો કે "મરણને શરણ થવાનું તો એક દિવસે સર્વેને માટેજ નિર્માણ થયેલું છે. અને જો હું મરી જાઉં તો પછી મને શું ચિંતા રહે ?"

માતાએ પુત્રીને પોતાના વૃક્ષસ્થળ સાથે ચાંપી તેના કપાળ ઉપર સ્નેહથી ચુંબન કરી કહ્યું—"બેટા ! તારા પતિએ તારો સદાને માટે ત્યાગ કર્યો છે; તું અભાગિની છે !" આમ કહેતાં કહેતાં વૃદ્ધનાં નેત્રોમાંથી આંસુઓ ટપકવા લાગ્યાં.

સૌદામિનીએ કહ્યું:—"મા ! મારા પતિએ મ્હારો ત્યાગ કર્યો છે તેથી શું હું અભાગિની છું ? નહિં નહિં ! તારૂં ધારવું કાંઇક ભૂલ્ય ભરેલું છે. જેનું કોઈ નથી તેનો બેલી અનાથનો નાથ શ્રી વિશ્વંભર છે. જો ધનંજય આપણુને મદદ નહિ કરી શકે તો તેથી શું થઇ જવાનું છે ? શું તે અનાથના નાથ જગતનિયંતાને આપણા ઉપર–તેનાં પોતાનાં બાળબચ્ચાં ઉપર દયા નહિં આવે ?"

"બેટા ! તું હજુ બિન અનુભવી છે ! હજારો મનુષ્યોને મેં પેટની જવાળાથી મરતાં જોયા છે. આપણી પણ તેવી અવસ્થા થશે કે કયેમ તેની કોને ખબર છે ? બેટા ! જો તું નારી ન હોત તો મને કોઇ પણ પ્રકારની ચિંતા રહેત નહિ, જો હું એકલી આ અસાર સંસારમાં હોત તો આ કરતાં પણ વિશેષ દુઃખ સહન કરી શકત. ચાર પાંચ દિવસ સુધી અનાહાર રહી શકત. પરંતુ તને મારાથી અનાહાર જોઇ શકાતી નથી. આ સંસારમાં તુંજ મારૂં એકનુએક બંધન છે. "

સૌદામિનીએ માતાની કથા શ્રવણુ કરી અશ્રુપૂર્ણનેત્રે એક ગાઢનિશ્વાસ મૂકયા પછી મંદસ્વરે કહ્યું:—" ત્યારે માતા ! ત્હારી શાંતિને માટે ફક્ત એકજ માર્ગ રહ્યો છે. આવી દુઃખદાવસ્થામાં આપણે પાંડેપુર ,જઈને આપણા ભાગ્યની પરીક્ષા કરીએ તો કયેમ ? "

પાડેપુરતું નામ સાંભળતાંજ વૃદ્ધાનાં નેત્રામાંથી પણ આંસુ ઉભરાઇ જવા લાગ્યાં આમ થવાનું કારણ ? એનું કારણુ એ છે કે સૌદામિનીનો વિવાહ ત્યાંના એક ઉત્તમ કુલવાન તેમજ ધનાઢય જમીનદારને ત્યાં થયો હતો પરંતુ એ ભોળાં મનુષ્યોએ કોઇ પણ પ્રકારનો અપરાધ જોવામાં આવ્યા સિવાય આવા વિપદના વખતે બન્ને માદિકરીનાથી પોતાનો સંબંધ તોડી નાંખ્યો દરિદ્રતા એ એક એવી વસ્તુ છે કે જે મનુષ્યના સકલ ગુણોને છુપાવી દે છે ગરીબ ધનાઢયનો સંબંધ કયાંથી નીભી શકે ? આવી અવસ્થામાં સૌદામિનીના પિતાના સ્વર્ગવાસી થયા પછી જ્યારે તેની માતાથી છુપા રીતે તેના પતિનું સઘળું ધન બીજાઓએ લુંટી લીધું ત્યારે એક ટુકડાને માટે પણ ભીખ માગવી પડે એવી અવસ્થાવાળી સૌદામિની પોતાના ધનાઢય શ્વસુરને ત્યાં કેવી રીતે જઇ શકે ? તેને માટે તેના પતિ ગૃહનું દ્વાર બંધ થઇ ગયું. સૌદામિનીના પિતાના પરલોકવાસ થયા પછી પાંચ વર્ષ સુધી એ બંને અનાથ મા દીકરીએ અતિશય દુઃખની પરાકાષ્ટા સહન કરી છેવટે એવો પ્રસંગ પણ આવી પહોંચ્યો કે અન્ન મેળવવાનું પણ ઠેકાણું રહ્યું નહિ અંતે ભુખથીજ પ્રાણ ત્યાગવાનો પ્રસંગ આવી ઉપસ્થિત થયો.

પુત્રીની કથા શ્રવણ કરી તેની માતા શાંતતાથી રૂદન કરવા લાગી રૂદન કરતાં કરતાં જ્યારે તેનો હૃદયભાર કાંઇક અંશે ઓછો થયો ત્યારે તે બોલીઃ—બ્હેન ! તું શું કહે છે? વગર બોલાવે વગર પૂછયે, ભિખારિણીઓની માફક આપણે આપણા સંબંધીઓના દરવાજે ભિક્ષા યાચના કરવા જઇએ ? વળી તારા પતિ દેવતાએ પુનર્વિવાહ કર્યો છે એવું જાણુવા છતાં તું કેવા હૃદયથી ત્યાં જવાની વાત કહે છે ? ”

સૌદામિનીએ ઉત્તર આપ્યો કેઃ—“ ગમે તેમ હોય તો પણ મારૂં સ્થાન છે અને હું ત્યાં જઇને રહીશ મારા પતિએ પુનર્વિવાહ કર્યો છે તેથી શું થઈ ગયું ? હું તેમના સુખમાંજ મારૂં સુખ અને દુઃખમાં દુઃખ સ્હમજીશ એમના ચરણોની સેવા કરવી એ મ્હારો ધર્મ છે એક દાસીની માફક હું તેમની ચરણુ સેવા કરીશ તેમના પાદપદ્મની સેવા એજ મારે માટે સ્વર્ગ સમાન છે. એ એક તો શું પણ સેંકડો સ્ત્રીઓથી વિવાહ કરે, તો પણ મારી તેમના પ્રતિ અપ્રીતિ થાય એમ નથી ”

ધન્ય છે હિંદુ રમણી ! આવાં નિસ્વાર્થ પ્રેમમય પતિભકિતથી પરિપૂર્ણ એવાં વીરવાકય તો તારાજ મુખમાંથી નીકળી શકે છે. તારી પતિભકિત, તારૂં પતિવ્રત્ય આ છળકપટ પૂર્ણ સંસારની સામગ્રી નથી પણ સ્વર્ગીય પદાર્થ છે.

પોતાની પતિવ્રતા પુત્રીના વાકયોએ વૃદ્ધ માતાના અંતરને ભેદી નાખ્યું. ત્હેણે અતિશય પ્રેમથી પુત્રીને પોતાની છાતી સરસી ચાંપી આનંદાશ્રુ વર્ષાવતાં કહ્યુંઃ—“ બ્હેન તું જીતી ને હું હારી. તારા આ વિચારો આગળ હું હારી ચૂકી છું તારી ઇચ્છા પ્રમાણે વર્તવાને હવે મને કાંઇ હરકત નથી. પતિના પ્રતિ પત્નીનો કેવો પવિત્ર ધર્મ છે એ તું ઉત્તમ પ્રકારે સ્હમજી ચૂકી છે, તે જાણી મારો આત્મા પ્રસન્ન થાય છે. બ્હેન સ્ત્રીનો ઇશ્વર પતિજ છે. પતિ સેવા કરવી એ પ્રભુ સેવા કરવા સમાન છે. ચાલ બ્હેન ! તારી ઇચ્છા છે તો આપણે ઉભય તારી સાસરી તરફ જઇએ ”

ગૃહમાં એક પણ અનાજનો દાણો નહોતો કાંઇ પણ ખાધા પીધા સિવાય મા દિકરી રસ્તે ચાલવા લાગ્યાં લગભગ પાંડેપુર ત્યાંથી બે અઢી ગાઉ થતું હતું ત્રણ કલાકમાં મા દિકરી ત્યાં જઇ પહોંચ્યાં સખ્ત તાપથી સૌદામિનીના વદનમંડળ ઉપર મોતીના દાણાંની પેઠે પ્રસ્વેદના ટીપાં ઉપસી આવ્યાં હતાં; તે અતિશય થાકી ગઇ હતી "છતાં પતિપ્રેમની પ્રગાઢ ધારામાં તેનું સકળ દૈહિક કષ્ટ તથા મનોવેદનાઓ દૂર થઇ ગઇ.

પાંડેપુર જઇ પહોંચ્યા પછી બન્નેનું હૃદય કંપવા લાગ્યું. પોતાને બન્નેને તે ભિખરિણીઓ જેવી સ્ત્રીઓના વેશે ધનાઢ્ય સુરજસિંહના વિશાળ ભુવનની અંદર કોણ જવા દેશે એ વિચારથી સૌદામિનીની માતાનું હૃદય ધડકતું હતું; ત્યારે સૌદામિનીનું હૃદય કોઇ બીજા વિચારોથી ધડકતું હતું. તે વિચારતી હતી કે:–"જે પૂજ્ય પ્રભુની પ્રતિમૂર્તિ મેં મારા હૃદયમાં દિલમાં પ્રતિષ્ઠિત કરી રાખી છે—પાંચ વર્ષ પછી હું તેજ પ્રભુના પ્રત્યક્ષ દર્શન કરવાને આવી છું. હવે હું તેમને ત્યાગનાર નથી તેમના ચરણોમાં ઢળી પડી પ્રાર્થના કરીશ કે મને ક્ષુદ્ર દાસીના પ્રમાણે પોતાના અંતઃપુરમાં રહેવાની અનુમતિ આપે પણ શું તે આ અભાગિનીના ઉપર કૃપા કરશે? અરેરે! ભાગ્યની કેવી વિચિત્ર લીલા છે! જે ગૃહમાં રહી હું અપૂર્વ સુખનો ઉપભોગ કરતી હતી, જે સ્વામીના હૃદય ઉપર હું એક લીજ દાવો રાખતી હતી, તેજ ગૃહમાં પ્રવેશ કરવા જતાં, તથા એજ સ્વામી આગળ મને પોતાને તેમની દાસી તરીકે સ્થાન આપવાની પ્રાર્થના કરવા જતાં મને અતિશય ભય તથા સંકોચ થાય છે! આ સર્વ વિધાતાનુંજ વિધાન છે" સૌદામિનીના મનમાં આવા અનેક પ્રકારના વિચારો ચાલી રહ્યા હતા, તો પણ તેના મુખમંડળ પર પતિદર્શનના આનંદની આશાપૂર્ણ જ્યોતિપ્રકાશી રહી હતી.

ધીમે ધીમે માદિકરી વહેવાઇના વિશાળ બંગલા આગળ આવી પહોંચ્યાં. દ્વાર આગળ બેઠેલા ચાકરે બન્નેને 'કયાંથી આવો છો?' એ પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે પોતાનો સંબંધ કહી સંભળાવ્યો; જેથી તેણે બંનેને કોઇપણ પ્રકારની હરકત કર્યા સિવાય બંગલામાં જવા દીધાં. અંદર ગયા પછી સૌદામિની આગળ આગળ ચાલવા લાગી તેણે પોતાની સાસુના ઓરડામાં પ્રવેશ કર્યો. સૌદામિનીની સાસુ એક વૃદ્ધા સ્ત્રી હતી પોતાની ઉમર વીતિ ગયા છતાં પણ તેના શરીર ઉપર અનેક અલંકારો દેખાતા હતા, તથા તેના મુખ ઉપરથી તે કોઇ મિથ્યાભિમાની સ્ત્રી હોય એવું સ્પષ્ટ જણાઇ આવતું હતું. જયારે તેની નજર આ મા દિકરી ઉપર પડી ત્યારે તેને પ્રથમ તો આશ્ચર્ય લાગ્યું. થોડો સમય તે એ બન્નેના તરફ ભયજનક નેત્રોએ જોઇ રહી ત્યાર પછી તિરસ્કારદર્શક સ્વરે તેણે કહ્યું:–" તમે બન્ને કયાંથી આવો છો?"

સૌદામિનીએ લાજ કાઢી હતી, તોપણ તેનું સુંદર મુખ પાતળા વસ્રમાંથી પ્રકાશી નીકળતું હતું, તેનું અપ્રતિમ લાવણ્ય સૌંદર્ય તથા શરીરનો મનોમુગ્ધ વર્ણ જોઇ વૃધ્ધા સ્ત્રીને તેને ઓળખવાની ઘણી જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. પ્રશ્ન શ્રવણ કરતાંજ સૌદામિનીની માતાએ ઉત્તરમાં પોતાની પુત્રીનો ઘુમટો ઉંચો કર્યો. મેઘના દૂર થયા પછી આકાશ જેવી રીતે સુંદર રંગબેરંગી જણાય છે તેજ પ્રમાણે સૌદામિનીએ સૌદામિની (વિજળી) જેવાં ચપળ નયનો, તેના મુખના પવિત્ર ભાવ, શોભા સૌંદર્ય તથા કોમળ અંગ જોઇને થોડા સમય સુધી તો તેની સાસુ સ્તબ્ધ બેસી રહી. તે એકી નજરે આ સુરસુંદરીના તરફ જોવા લાગી.

ઘણા સમય સુધી ત્રણે જણીઓ શાંત રહી. છેવટે સૌદામિનીની માતાએ શાંતતાનો ભંગ કરી કહ્યું:-"શું તમે તમારી પુત્ર વધુને પણ ઓળખી શકતાં નથી કે ?"

સાસુએ કહ્યું:-શું કહે છે ભિખારણ ! શું તારી પુત્રી મારી પુત્ર વધુ થશે ?

મનની વ્યથાને દબાવીને સૌદામિનીની માતાએ કહ્યું:-"શું તમે તમારા પુત્રનો વિવાહ રામનગરના જમીનદારની સાથે નહોતો કર્યો ?"

'હા, કર્યો હતો તેથી શું થઇ ગયું ! એ પાપિણીના નામનો શા માટે ઉચ્ચાર કરવો?

સૌદામિની ઉપરોક્ત વાકયો શ્રવણ કરી શકી નહિં. તે એક તીક્ષ્ણ ચીસ પાડતાંની સાથે ધરણી ઉપર ઢળી પડી. સૌદામિનીની માતાએ પોતાને થયેલા અપમાન તેમજ મળેલી ગાળોની કાંઇ પણ પરવા ન કરતાં પુત્રીને સાવધાન કરવા માંડી. સંતાનને માટે માતાને કેટલું કષ્ટ સહન કરવું પડે છે તેની તુલના થઇ શકે તેમ નથી-માતાનો પ્રેમ અસીમ, અપરિમેય તથા સાગરની માફક અથાગ છે.

સૌદામિનીએ જ્યારે પોતાનાં નેત્રો વિકાસ્યાં ત્યારે તેમણે જોયું કે, એક અપૂર્વ રૂપ સુંદરીની જંઘા ઉપર પોતાનું માથું છે તથા તેની ગર્ભધારિણી તેને પંખા વાયુ ઢાળી રહી છે. પાઠક ! આ અલૌકિક સૌંદર્યમયી સ્ત્રી કોણ હતી ?-તેજ સૌદામિનીની શોકય તેના પ્રાણાધિક પ્રિયતમની દ્વિતીય પત્ની હતી.

દ્વિતીય પરિચ્છેદ.

પતિ-પત્ની.

ચાલો હવે થોડો સમય સૌદામિનીને એ સુંદરીની જંઘા ઉપર રહેવા દેઇ આપણે એક બીજી દિશાનું અવલોકન કરીએ.

એજ વિશાળ બંગલાની અંદર એક બીજા સુંદર દિવાનખાનામાં એક યુવક સૂતો છે. આજ આપણી આ ટુંક ઘટનાની નાયિકા સૌદામિનીનો પતિ છે, તેનું નામ યોગેંદ્રકિશોર છે તે ઘણોજ ઉદાર હૃદયવાળો અને નીતિવાન યુવક છે પરંતુ તેના દુર્ભાગ્યે તેનો પિતા ઘણાજ સંકુચિત હૃદયના પુરૂષ છે. ગૃહનાં કોઇપણ કાર્યમાં યોગેંદ્ર લક્ષ્ય આપતો નહિં. તેને વાચનનો વિશેષ શોખ હોવાથી આખો દિવસ વિરામાસનપર યાતો પલંગપર પડયો પડયો વાંચ્યા કરતો. તેના આ કાર્યમાં તેના પિતા તેને પ્રતિબંધ કરતાં નહિ.

જે દિવસની ઘટના લખવામાં આવે છે તે દિવસે યોગેંદ્ર પોતાના દિવાનખાનામાં સુપ્ત રહીને દ્વિપ્રહરનો સમય વ્યતીત કરતો હતો. એવામાં એક ચાકરડી ત્યાં આગળ આવી તેને જાગ્રત કરવા લાગી.

"ભાઇ ! તમે જાણતા નથી કે કોણ આવ્યું છે ?"

"શું હું જોવા ગયો છું કે કોણ આવ્યું છે ? જા, ચાલી જા, મને સૂઇ રહેવા દે."

આ ચાકરડીએ બાલ્યાવસ્થામાંથી યોગેંદ્રનું અતિશય લાલન પાલન કર્યું હતું તેથી તેને બે શબ્દો ઠપકાના કહેવાને પણ કાંઇ હરકત જેવું નહોતું. બીજી ચાકરડીઓ કરતાં આ ચાકરડીનો અધિકાર યોગેંદ્ર ઉપર વિશેષ હતો.

"દુનિયામાં કોઇ કોઇનો ઉપકાર માનતું નથી. સર્વે લોક નિષ્ઠુર અને કૃતઘ્ન થાય છે."

યોગેંદ્રે કંટાળીને કહ્યું:-"અરે ! તું તો મારૂં માથું ખાઇ જવા લાગી. મને શાંતિથી સૂઇ રહેવા દે. ગરબડાટ શું પ્રયોજનાર્થે કરે છે?"

"મારા ઉપર પછીથી ગુસ્સે થજો. પ્રથમ આપની માતાના ઓરડામાં જઇને જુઓ કે ત્યાં શું ઘટના ઘટી છે ? એક અદ્‌ભૂત સ્ત્રી આવી છે."

અર્ધ નિંદ્રાવસ્થામાં તથા અર્ધ જાગૃતાવસ્થામાં પડેલો યોગેંદ્ર હવે પોતાની ઉત્કંઠાને રોકી શકયો નહીં. તેના મનમાં એમ થવા લાગ્યું કે, 'જોઉં તો ખરો કે એવી તેશું અદ્‌ભૂત ઘટના ઘટી છે?' આમ વિચારી તે ત્વરાથી પલંગપરથી નીચે ઉતરી માતાના ઓરડા તરફ જવા લાગ્યો કે, તેની પત્ની તેની નિકટ આવીને ઉપસ્થિત થઇ, તેના રક્તવર્ણ લોચનદ્વય, તેના ગાલો ઉપર આવી ગયેલી હંમેશ કરતા વિશેષ લાલીની સુરખી, તેનાં સંકુચિત ભવાં તથા જ્યાં ત્યાં લાગેલા અશ્રુના ડાઘ જોઇ યોગેંદ્રે એમ ધાર્યું કે, અવશ્ય કાંઇ અમંગળ ઘટના ઘટી હોવી જોઇએ. તેણે ઘણાજ ગભરાટમાં પૂછયું:—" પ્રાણ પ્યારી ! શું થયું ? તારા અંગ પ્રત્યંગ પર આવો વિચિત્ર ફેરફાર કેમ ? શું કાંઇ અદ્‌ભૂત ઘટના ઘટી છે ?

"અદ્‌ભૂત ? અદ્‌ભૂત તો એવી કે જેટલી કોઇ પણ સ્ત્રી સહન કરી શકે નહીં," આમ કહી તે રૂદન કરવા લાગી.

યોગેંદ્ર પત્નીને પોતાના બાહુપ્રદેશમાં લેઇ તેને પ્રેમ પૂર્વક પોતાના વૃક્ષસ્થળ સાથે ચાંપી તે તેને રૂદન કરતી બંધ રાખવાનો યત્ન કરવા લાગ્યો. વારંવાર તેને શું પ્રકાર બન્યો છે એ સંબંધી અનેક પ્રશ્નો કરવા લાગ્યો. છેવટે તેણે કહ્યું:—"એક બીજી રમણી આ વિશ્વમાં વર્તમાન છે જેનો મારા કરતાં પણ આપના ઉપર અધિક અધિકાર છે."

યોગેંદ્રે ઉત્તર આપ્યો:—"ઓહ ! એ વેસ્યાનું નામ મારા આગળ લઇશ નહીં."

"તમે પણ—ઓહ—તેના પતિ—ઇશ્વર—એક માત્ર અવલંબન થઇને પણ આ પ્રમાણેજ કહો છો ? અરેરે ! ત્યારે હવે આ સમગ્ર જગતમાં તેના ઉપર કોણ અનુકંપા લાવશે. કોણ તેને પ્રેમપૂર્વક વાતો કરી તેનું મન રંજન કરશે ?"

"તું સકળ પ્રકાર જાણતી નથી તેથીજ તેના તરફથી મારી આગળ વકિલાત કરે છે."

"એમ કેમ નથી કહેતા કે તમેજ સઘળા પ્રકારથી અજ્ઞાત છો ? તમે જે કંઇ શ્રવણ કર્યું તેથી વગર વિચાર્યે તે સત્ય માન્યું છે. અરે રે ! જો યદા કદાચિત તમે એ કુન્દ કુસુમાકળીને એક સમયે પણ જોઇ હોત તો તેના તરફ આટલી બધી નિષ્ઠુરતા તમે કરી શકત નહીં."

"શું તેં તેને જોઇ છે ? કયાં જોઇ છે ? કયારે જોઇ છે ?"

"હા, હા ! મેં હમણાંની તેને આપણા બંગલામાં જોઇ છે."

"શું ? એ આપણા બંગલામાં વિના પૂછયે આવી છે ? શું તેણે પોતાના અપવિત્ર ચરણોથી આપણા બંગલાની ભૂમિને પણ અપવિત્ર કરી છે ?"

"જયારે તે બિચારીને અનાજના એક એક દાણા માટે તરફડી મરવાનો પ્રસંગ આવ્યો ત્યારેજ તે અહિં એવી આશાથી આવી છે કે, જે ભાગ્યવાને ઇશ્વર તથા ગુરૂજનોને સાક્ષિમાં રાખી જન્મભર પોતાને પ્રતિપાલન કરવાની પ્રતિજ્ઞા કરી છે તે અન્ય કાંઇ નહિં તો મુઠીભર

અન આપવાનો તો અસ્વીકાર નહિંજ કરે. પરંતુ અરેરે ! આ સંસારમાં દરિદ્રિને કોઇ પણ ગણતું નથી, ધનવાનના સાળા સર્વે બને છે, પણ ગરીબનું કોઇ બનેવી થવાને પણ ઇચ્છા રાખતું નથી. યદ્યપિ મારા પિતા સૌદામિનીના પિતાથી અધિક ધનવાન નથી તો પણ મારૂં માન એ માટે થાય છે કે, એ તમારી બરોબરીના છે. પરંતુ બિચારી સૌદામિનીના હમણા એવા હાલ છે કે તેને નિરૂપાયે ભૂખ્યે મરવાનો વખત આવી પહોંચ્યો છે. તેની દશામાં આસ્માન જમીનનું અંતર પડી ગયુ છે અને તેની દશાના ચક્રને લીધેજ આજે તેની કાંઇ કિંમત નથી."

"ત્યારે તું શું એમ કહેવા ઇચ્છે છે કે જે અફવા સૌદામિનીને માટે ચાલી રહી હતી તે અસત્ય હતી ? શું તે કલંકિની નથી ?"

"નહિં, હું એ અફવા ઉપર યત્કિંચિત્ પણ વિશ્વાસ કરતી નથી. મેં સૌદામિનીનું દર્શન કર્યું છે. તેના પવિત્ર ભાવ, સરળતા પૂર્ણ વચનો, સલજ્જ વ્યવહાર હું જોઇ ચૂકી છું. તેના મુખારવિંદ ઉપરજ તેના હૃદયની પવિત્રતાનો પ્રકાશ પ્રકાશી રહયો છે. હું ખાત્રી પૂર્વક કહી શકું છું કે જો કદાપિ સૌદામિની કલંકિની હોય તો સમગ્ર સંસારમાં કોઇ પણ સ્ત્રી સાધ્વી હોવી જોઇએ નહિં."

"ત્યારે શું હું એને જોઇ શકીશ ?"

"મને તો એમ લાગે છે કે તમે એ પવિત્ર મુખ નહિં જોઇ શકો અત્યાર સુધીમાં તો એ ચાલી ગઇ હશે."

યોગેંદ્ર વિહ્વલ બની ગયો. તે પોતાના હૃદયની ઉત્કંઠાને રોકી શકયો નહિં કોણ જાણે કોણે તેને આવીને કહ્યું કે, "જેનું સૌન્દર્ય જોઇ લોકો દીવાના બની જાય છે તેજ સ્ત્રી જ્યારે કલંકિની હોય તો પછી તેને ભૂખે મરવાનો પ્રસંગ શા માટે આવી પહોંચે ? હજારો કામી મનુષ્યો તેના ચરણો આગળ પોતાનું સર્વસ્વ અર્પણ કર્યા સિવાય રહે નહિં; અને જો તેમ બનતું હોય તો પછી તે એક મુઠી અનાજને માટે મારા દ્વારે શા માટે આવે ?"

આથી કરીને તુરતજ તે દિવાનખાનાની બહાર નીકળ્યો. પુછપરછ કરતાં માલૂમ પડયું કે બે સ્ત્રીઓ હમણાંજ તેના ગૃહેથી ચાલી ગઇ છે, પરંતુ દ્વાર ઉપર બેઠેલો નોકર કહી શકયો નહીં કે, એ સ્ત્રીઓ કોણ હતી ? યોગેંદ્ર ત્વરિત પગલે રસ્તે જવા લાગ્યો. દશ પંદર મિનિટ સુધી અવિશ્રાન્ત ચાલ્યા પછી તેણે સૌદામિની તથા તેની માતાને રસ્તે ચાલ્યાં જતાં જોયાં. પૂર્વ કરતાં પણ વિશેષ ત્વરાથી તે તેમની પાસે જઇ પહોંચ્યો તથા ગદગદ કંઠે તેણે કહ્યું:– "સૌદામિની !"

અવાજ શ્રવણ કરતાંજ સૌદામિનીના હૃદયમાં જાણે વિધુતે પ્રવેશ કેમ ન કર્યો હોય એમ તે ચમકી. તેણે ઉત્તર ન આપતાં પોતાના મ્હોંને ઘુમટામાં છુપાવી દીધું, તથા તે થોડે દૂર ખસી ગઇ. સૌદામિનીની માતા પણ જામાતૃને ઓળખી ગઇ તેથી તેણે પત્નીને વાર્તાલાપ કરવાનો પ્રસંગ આપવાની ઇચ્છાથી તે ઘણેજ દૂર જઇને ઉભી રહી. તે ઘણીજ ગર્વિષ્ટ હતી. તે દૂર ખાસ કરીને તો એટલાજ માટે જઇને ઉભી રહી કે, પુનઃ હવે એ પરિવારની ગાળો શ્રવણ કરવાની શું જરૂર છે ? હવે બન્ને પતિ–પત્ની જન્મભરને માટે એક બીજાથી વિદાય લઇ લે એમાં પ્રતિબંધ કરવો યોગ્ય નથી.

જ્યારે સૌદામિનીએ જોયું કે, માતા ઘણે દૂર જઇ પહોંચી છે ત્યારે તેણે પોતાના અવગુંઠનને ઉંચો કર્યો જેથી કરીને તેના પતિદેવ તેની એ સ્વર્ગીય સૌંદર્ય શોભા જોઇને પોતાના નયનોનું સાર્થક કરે. યોગેંદ્ર એ મધુરી મૂર્ત્તિનાં દર્શન કરી મુગ્ધ બની ગયો. તે જેવો પત્નીનો હાથ પકડવાં ગયો તેવીજ તે દૂર સટકી ગઇ. ગદ્દગદ્દ કંઠે અશ્રુ પૂર્ણ નેત્રોએ તેણે કહ્યું:—"પ્રભુ ! હું આપને યોગ્ય નથી...હું બાર...મને અડકવાથી આપના પવિત્ર હાથો દુષિત થશે. ઇશ્વર તમને સુખી રાખો. હવે પુનઃ હું આપને ત્યાં આવવાનું સાહસ કદાપિ કરીશ નહિં. આપ આપની દ્વિતીય પત્નીને દેવી સમાન સમજી તેની સાથે આપનું જીવન આનંદમાં વ્યતીત કરજો. મારી માફક એ સ્વર્ગની દેવી તુલ્ય પ્રતિમાને દુઃખી કરશો નહિં. એ માનવી નથી કિન્તુ દેવી છે." આમ કહેતાં કહેતાં તેના આંસુઓ ગુલાબી ગાલ ઉપર થઇને તેના વૃક્ષસ્થળને ભીંજવવા લાગ્યાં.

યોગેંદ્રે પૂર્વવત્ ગદ્દગદ્દ કંઠે અશ્રપૂરિત નેત્રોએ કહ્યું:—સૌદામિની ! તું નથી જાણતી કે, મેં શાથી તને અસાધ્વી જાણી હતી. મારા કાન ઉપર આવેલી કેટલીક અફવાઓએજ અદ્યપિ પર્યંત આપણો વિયોગ કરાવ્યો છે. વળી મેં જે પુનર્વિવાહ કર્યો છે તે મેં મારી રાજીખુશીથી નથી કર્યો. એટલુંજ નહિં પણ જેટલો પ્રેમ હું તારા ઉપર રાખતો હતો એટલો પ્રેમ આ મારી નવવધુ કદાપિ પ્રાપ્ત કરી શકે તેમ નથી."

સૌદામિનીએ શાંત સ્વરે રૂદન કરતાં કરતાં કહ્યું:—'ચ્હાતા હતા ! પરંતુ હવે નથી ચ્હાતા !! હશે ! જેવી ઇશ્વરેચ્છા ! આ તમારી નવવધુ સ્વર્ગની દેવી છે ! તમે તેની સાથે વિવાહ કર્યો છે તો તેને તમારા સ્નેહનું દાન દેવું એ તમારી ફરજ છે. આવો સ્વાર્થી ત્યાગ હૃદયનો આવો પવિત્ર ભાવ, તથા આવી પવિત્રતા પ્રત્યેક સ્રીનામાં જોવામાં આવતી નથી હું પરમ કૃપાળુ જગતપિતાને હસ્તદ્વય જોડી વિનંતી કરૂં છું કે, એ દેવી તુલ્ય નારીની સાથે તમે ચિરકાળપર્યંત સુખ સંભોગ કરો પરંતુ ફકત એટલીજ વિનંતી કરવાને ઇચ્છું છું કે આપનાં બાળબચ્ચાંને એ નારીના નામ પર ગાળો દેવાની શિક્ષા આપશો નહીં કે જેણે કદાપિ 'मनसा वाचा कर्मणा' કોઇ પણ પ્રકારનું પાપ કર્યું નથી."

યોગેંદ્રના નેત્રદ્વયમાંથી અશ્રુઓ ઉભરાઇ જેવાં લાગ્યાં. તો પણ તેના હૃદયમાંથી સંદેહનું ભૂત અદ્યાપિ પર્યંત દૂર થયું નહોતુ. તેણે પ્રશ્ન કર્યો:—"ત્યારે શું મારા પિતાએ-તથા અન્ય લોકોએ ખોટી અફવા ફેલાવી હતી."

સૌદામિની પતિ દેવતાના ચરણો પકડી કહેવા લાગી:—"પ્રભુ ! હવે આજથી પુનઃ કદાપિ તમે મારા નિવાસ સ્થાનની તેમજ મારી કોઇ પણ ખબર મેળવી શકશો નહીં. આથી કરીને આપની ચિંતાનો સદંતર નાશ થશે. હું અનાહારે મરણને શરણ થઇશ પરંતુ પુનઃ આપની પાસે આવીને ભિક્ષા યાચના નહીંજ કરૂં. આ અંતિમ મુલાકાત વખતે આપને એટલુંજ બતાવવા ઇચ્છું છું કે આજ સુધી મ્હેં 'મનસા કર્મણા' કાંઇ પાપ કર્યું નથી. તે અનાથનો નાથ શ્રી જગત્નિયંતા મારા વચનોનો સાક્ષી છે. હવે હું કાંઇ પણ કહીશ નહીં. જે કહેવાનું હતું તે સકળ કહી ચૂકી છું. હવે હું વિશેષ સમય સુધી રોકાઇ શકું એમ નથી. માતા મારી રાહ જોતી હશે." આમ કહી તે ત્વરાથી પતિ પાસેથી ચાલી ગઇ. યોગેંદ્ર તેને રોકવાને ઇચ્છતો હતો કીંતુ તેમ કરવાનું સાહસ એનાથી થઇ શક્યું નહીં.

તૃતીય પરિચ્છેદ.

મિલન

ઉપરોક્ત લખેલી ઘટનાને ઘટયાને કેટલાંક વર્ષો વીતિ ગયાં. એ દરમ્યાન એક સમય એવો આવી પહોંચ્યો કે તે સમયે યોગેંદ્રની ઘણી ખરી દોલત એક કેસમાં સ્વાહા થઇ ગઇ વળી પૂર્વેનું માથા ઉપર કેટલુંક દેવું પણ હતું. તેની ઘણી ખરી દોલત સ્વાહા થઇ ગયેલી જાણી લ્હેણદાર લોકો પોતાની લ્હેણી રકમ માટે વારંવાર આવીને ઉઘરાણી કરવા લાગ્યા તથા કેટલાકતો ન્યાયાલય સુધી પહોંચવાનો ભય દર્શાવવા લાગ્યા એમ કરી યોગેંદ્રનો પિતા પોતાની પાસે રહેલી થોડી ઘણી દોલત એ સર્વેને આપી દેઇ પોતે ઋણ મુક્ત થયો. આ સમયે તેણે પોતાના પુત્ર યોગેંદ્રને પણ નોકરી સ્વીકારી બગડેલી સ્થિતિને સુધારવા સંબંધી સૂચના કરી

આજ સમયે કલકત્તાના કોઇ જમીનદારે એક મેનેજરને માટે વિજ્ઞાપન આપી. યોગેંદ્રે એ નોકરી માટે પોતાની ઇચ્છા દર્શાવી; તથા તે નોકરી તેને પ્રાપ્ત પણ થઇ ગઇ તરતજ તે પોતાની દેવી તુલ્ય પત્ની તથા પરમસુંદર બે શિશુઓને લેઇ કલકત્તા જઇ પહોંચ્યો. તેણે પોતાના માલેકના બંગલા પાસેજ એક ન્હાનો બંગલો ભાડે રાખી પોતાનો પરિવાર એમાં રાખ્યો. જેને ત્યાં એ કામ કરતો હતો તેમની મુલાકાત લેવાનો અવસર અદ્યાપિપર્યંત યોગેંદ્રને મળ્યો નહોતો સર્વ કાર્ય લેખન વાંચનદ્વારા ચાલતું હતું, કારણ કે જમીનદારીની સત્તાધિકારીણી એક સ્ત્રી હતી. ગૃહમાં તેનો પતિ નહિં હોવાથી કામ કાજના કાગળો ઉપર પોતેજ પડદામાં બેઠી બેઠી સહી કરતી હતી. આ સ્થળે યોગેંદ્રને ઘણું માન મળવા લાગ્યું નવો મેનેજર આવતાં અન્ય નોકરો તેને કાઢી મૂકવાના પ્રપંચો કરે છે પરંતુ આ સ્થળે જઇ પહોંચતાંની સાથેજ યોગેંદ્રે સર્વ નોકર વર્ગ તેમજ જમીનદારીની સત્તાધિકારિણી સ્ત્રી એ સર્વેનો પ્રેમ સંપાદન કરી લીધો યોગેંદ્ર એ જમીનદારી પોતાની હોય તદનુંસાર કામકાજ કરતો હતો સત્તાધિકારીણી સ્ત્રી પણ યોગેંદ્રના કોઇ પણ મતની વિરૂદ્ધ ઉતરતી નહિ, તેનાં બન્ને બાળકો તેજ બંગલામાં રમ્યા કરતા હતાં તેમને સત્તાધિકારિણી સ્ત્રી પોતાની પાસે બોલાવી ચુંબન કરતી તથા ખવડાવતી પીવડાવતી હતી, એટલુંજ નહિં પણ તેના શીખવ્યા પમાણે બંને બાળકો તેને 'માતા' સંબોધનથી સંબોધતા હતા.

આવી રીતે કેટલાક દિવસો નિર્ગમન થયા પછી સત્તાધિકારિણી સ્ત્રીએ યોગેંદ્રની પત્નીને એક દિવસે પોતાને ત્યાં બોલાવી. અંદર શું શું બન્યું તેતો અમે જાણતા નથી પરંતુ યોગેંદ્રને એવા સમાચાર મળ્યા કે તે દિવસે રાત્રે એની પત્ની સ્વગૃહે આવશે નહિ આથી કરીને યોગેંદ્રને પણ ગૃહે ન જતાં તે રાત્રે ત્યાંજ સુઇ રહેવાનું સૂચન થયું.

રાત્રે યોગેંદ્ર પુનઃ બ્હાર ફરી આવીને પોતાની સત્તાધિકારિણીને ત્યાં આવ્યો. એક નોકર આવીને તેને એક સુંદર દિવાનખાનામાં લેઇ ગયો. યોગેંદ્રે આવું સુંદર દીવાનખાનું પોતાની જીંદગીમાં એક વખતને માટે પણ કદાપિ જોયું ન્હોતું. એવી રોશની એવો ભભકાવાળો પલંગ, બિછાનું વિગેરે એણે સ્વપ્નામાં પણ ભાગ્યેજ નિહાળ્યું હશે. નોકર ચાલ્યો

એટલે યોગેંદ્ર ભીંતાદિ ઉપરનું ચિત્રકામ ધ્યાનપૂર્વક અવલોકવા લાગ્યો, જેમ જેમ તે વિશેષ અવલોકન કરતો ચાલ્યો તેમ તેમ તેના મનમાં વિશેષ આશ્ચર્ય ઉત્પન્ન થવા લાગ્યું. એવામાં એકાએક પોતાની પીઠ પાછળની દિવાલ ઉપર પોતાનોજ એક ઓઇલપેઇન્ટિગ ફોટો જોયો કે જે પોતાની યુવાવસ્થાની શરૂઆતનો સમય હતો.

પ્રતિમૂર્તિ (ફોટો) જોતાંજ તેના હૃદયમાં એક પછી એક એમ અનેક વિચારો આવવા લાગ્યા તથા આ વિચારોના વંટોળિયાએ તેના માનસ પ્રદેશને વિહ્વલ કરી મૂકયો એવામાં એકાએક સ્મિત કરતીકરતી તેની પત્ની તેની પાસે આવી પરંતુ તેનાં બે બાળકો પત્નીની સાથે ન્હોતાં તેથી તેણે પ્રશ્ન કર્યો તો ઉત્તર મળ્યો કે, તે તેમની મોટી બા પાસે છે.

યોગેંદ્રે કહ્યું;– "અરે આતે કેવું ઇંદ્રભુવન છે? આ કોઇ જાદુઇ ખેલ છે કે શું?"

પત્ની એ પૂછ્યું:–" એમ કેમ બોલો છો?"

યોગેંદ્રે ઉત્તર આપ્યો:–"શું આ દિવાલ ઉપર મારી પ્રતિમૂર્તિ તું જોઇ શકતી નથી? કોણજાણે કે મારી સ્વામિનીને એવો તે કોણ મારા જેવો પુરૂષ મળ્યો છે કે જેની પ્રતિમૂર્તિ એણે સંગ્રહ કરી રાખી છે. વળી જે વખતની આ પ્રતિમૂર્તિ છે તે વખતે મારી સ્વામિની મારૂં નામ ઠામ ભાગ્યેજ જાણતી હશે."

એ તો હું પણ તમને પૂછવાનેજ ચાહતી હતી પ્રિયતમ! આથી કરીને તમારા મનમાં કાંઇ સંદેહ ઉત્પન્ન થાય છે કે નહિ?' આપ્રશ્ન કરતી સમયે તેનાં નિર્દોષ નયન યુગલ ઉપર આનંદનુ સ્મિત વસી રહ્યું હતું.

યોગેંદ્રે ઉત્સુકતાથી પત્ની પ્રતિદ્રષ્ટિ કરી કહ્યુંઃ–પ્રિયે! હું આ રહસ્યનો ભેદ જાણી શકતો નથી. અવશ્ય આ કોઇ જાદુનોજ ખેલ હોવો જોઈએ.

યોંગેદ્રની પત્નીએ પતિ પ્રતિ નજર કરી શાંતતાથી કહ્યુંઃ–પ્રભુ! આ આપની પ્રતિમૂર્તિ સિવાય અત્રે એક બીજો પણ ભેદ છે,"

આમ કહી તે પેલા ચિત્રની પાસે ચાલી ગઇ. તથા એક સ્પ્રિંગ(કળ)દબાવી જેને દબાવતાંજ એક ઢાંકણું ખસી ગયું, તથા અંદરથી એક પંચદશ વર્ષની યૌવના મદથી મલકાતી એક અનુપમ સુંદરીની પ્રતિમૂર્તિ નીકળીઆવી. યોગેંદ્રનાં નેત્રોએ તુરત જ જાણી લીધું કે, એ પ્રતિમૂર્તિ તે તેની પ્રથમની સ્ત્રી સૌદામિનીની હતી. આ અપાર શોભાનું નિરિક્ષણ કરી તે આનંદની ધારા માં સ્નાન કરવા લાગ્યો તથા તે આનંદની પરિસીમાથી તે ભૂમાતાને ભેટી પડવાની તૈયારીમાં હતો એવામાં તેની પત્નીએ તેને પકડી રાખ્યો. યોગેંદ્ર બરોબર ગ્નાનમાં આવ્યો ન્હોતો; એવામાં એક બીજી રમણી તે ન્હાનાં બાલકોને સાથે લઇ ઉપરોક્ત દિવાનખાનામાં આવી આવતાની સાથે જ તે યોગેંદ્રના ચરણદ્વય આગળ બેસી પડી.

યોગેંદ્રે પૂર્ણ સાનમાં આવતાં જોયું કે તેની સત્તાધિકારિણી ઉર્ફે સૌદામિની તેના ચરણદ્વય પકડી બેઠી છે. પોતાનું ગુમાવેલું ધન પુનઃપ્રાપ્ત થતાં યોગેંદ્રને અપાર આનંદ થયો તથા તેણે પોતાની પ્રાણાધિક પ્રિયતમા સૌદામિનીને છાતી સરસી ચાંપી.

ક૨:૮

સૌદામિની એકાએક આટલી બધી ધનવતી થઇ જવાનું કારણ એ હતું કે, તેના પરિવારના વકિલે તેના પિતાની તરફથી પ્રિવીકાઉન્સિલ સુધી કેસ ચલાવ્યો, જેથી સૌદામિનીના પિતાની જે અઢળક દોલત અન્યના હાથમાં ચાલી ગઇ હતી તે ન્યાયાધિશની આજ્ઞાનુસાર પુનઃ સૌદામિનીને પાછી મળી તથા તેજ સમયથી તેની દશાનું ચક્ર ફરી ગયું. યોગેંદ્રના પિતાને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તે પશ્ચાતાપના અગ્નિથી બળીને પોતાની પત્ની સહિત પરલોકમાં પહોંચી ગયો. યોગેંદ્ર સૌદામિનીનો થઇ રહી તેની જમીનદારીનો ઉપભોગ કરવા લાગ્યો.

સૌદામિની તથા ચંચળકુમારી (યોગેંદ્રની દ્વિતીય પત્ની) એક વેલનાં બે પુષ્પો થઇને સુખથી પોતાનો જીવન કાળ વ્યતીત કરવા લાગ્યાં. આથી કરીને જ કહેવાય છે કે, અંતે તો સત્યનો તેમજ ધર્મનોંજ જય છે.

નરેન્દ્ર
અથવા
અસ્તોદયનું ચક્ર.

શરદ ઋતુના દિવસો હતા શરીરે પુષ્કળ ગરમ લુગડાં પહેરી પૈસાદાર લોકો ફેટનોમાં આમ તેમ લટાર મારી રહ્યા હતા. સાંજ પડી હતી છતાં પણ જરાએ તડકો હોય તો બેશી રહીએ એવા વિચારથી બિચારા ફાટેલાં તુટેલાં વસ્ત્રવાળાં ગરીબ જનો તડકો શોધી આમથી તેમ ને તેમથી આમ ઉઠ બેશ કરતા હતા. મોહમયી જેવા શહેરમાં અને વળી સરિયામ રસ્તા ઉપર આમ તેમ સફર મારનાર બેદરકાર મનુષ્યોનું આયુષ્ય ટુંકુજ થાય છે માટે પોલીસો તેવાઓને ધક્કો મારી કાઢી મૂકતા હતા. વિશેષ રમણીય સમય ન હોય છતાં પણ રમણીયતા એકઠી કરનારી મોહમયીનું વર્ણન આપી નકામું ટાયલું કરવા કરતાં આપણે શું કહેવું છે તે ઉપર આવીએ.

સાંજના મોહમયીના ધોરી રસ્તા ઉપર, જેને મન જંગલ પણ સરખું છે ને શહેર પણ સરખું છે એવો એક ગભરૂ બાળક આશરે ૮ વર્ષનો, વસ્ત્રમાં પાટલૂન તે પણ જરાક ફાટેલો ખરો, એક કબજો અને માથા ઉપર નાની સરખી ટોપી એટલાં વાનાં પહેરી કાંઇક ગણગણતો જતો હતો. "એઓ હેવાન, એક બાજુ ચાલ એક બાજુ !" એવી ગાડીવાનોની બુમથી ચમકી પાછું જોઇ તે કોરાણે ચાલવા લાગ્યો. બિચારો ! હવેરા જેવો કેમ જણાય છે? હજારો લોકો હજારો ટ્રામવે, હજારો ગાડીઓની અવરજવર આજુબાજુ ઠીચેઠીચ ફેન્સીમાળથી ભરેલી દુકાનો, એ બધાથી તે ગભરાઇ ગયો છો ? ના, કારણ તે કાંઇ આમ તેમ જોતો નથી. તેતો ચાલ્યોજ જાય છે. કોઇ ગલી આવે છે કે જોવા મંડી પડે છે અને નિરાશ થઇ ચાલ્યો જાય છે. આમ કેટલી·

ક્વાર કરતાં રાત્રી પડી. મોહમયીમાં બધે દિવા થયા ને બાળકના હૃદયમાં તેવા દીવા ન થયાથી તે ગભરાયો. એક બંધ થયેલી દુકાનના ઓટલા ઉપર બેઠો. આમ તેમ જોવા લાગ્યો અને કોણ જાણે શાથી ? એકદમ તે રડવા મંડી પડયો. ડુસકાં ખાતો "હે રામ !" એવો ઉચ્ચાર આઠ વર્ષના બાળકને કરવો પડે એવી શી વિપત્તિ તેના ઉપર પડી હશે ?

આપણે ભૂખ્યા થઇએ છીએ, ઘેરથી ભૂલા પડયા હોઇએ છીએ, બાથોડીઆં મારતાં કાંઇ જડતું નથી, ત્યારે નિરાધાર જેવા બની કેમ અકળાઇએ છીએ ? તદ્દત્ બલ્કે તેથી વધારે દુઃખ આ બાલકને છે તે ઘેરથી ભૂલો નથી પડયો. મુંબઇનો આઠ વર્ષનો યે છોકરો બોલવે ચાલવે ચબરાકજ હોય છે તેતો તુર્તજ પોલીસને પૂછીને પણ પોતાનું ઘર જો ભૂલ્યો હોય તો ખોળીલે છે પણ અહીં તેમ નથી ! આ બાળક જેનું નામ **नरेन्द्र** છે તેને માતાપિતા નથી, ઘરબાર નથી, આજુબાજુનાં હરામખોર સગાંઓએ તેને ઘરમાંથી કાઢી મૂકયો છે. કોઇએ સંઘર્યો નથી. હતી ત્યારે આને ત્યાં પુષ્કળ સાહેબી હતી પણ આંખની શરમ જતાં બધુંયે ગયું. તેનો પિતા જતાં કોઇએ તેની સંભાળ લીધી નહિં અને **संमीलनेनयनयोर्नहिकिंचिदस्ति** એ કહેવત બધાએ ખરી પાડી. આવા મુંબઈ જેવા શહેરમાં ભલે હજારો પુરૂષો હતા. પણ કોઇ તેનો ભાવ પૂછતું નહોતું. બિચારો ભૂખ્યો થયો તો પણ કયાં તેની મા હતી કે "બા, મને ખાવા આપ કહે ?" હા ! આ વિપત્તિ શું એક આઠ વર્ષના બાલકને નાની સરખી હતી ? પણ હતવિધિ કોણ જાણે તે બચ્ચાના કિયાંએ પાપનું તેને ફળ આપતી હતી ?

બાળક રડે। તેનું બીજુ શું જોર હતું ? શું ખિસ્સામાં હાથ નાંખતાં તેની પાસેથી કાંઇ નીકળે એ આશા તેની ઉપરની હકીકતથી તમો રાખી શકો ? બિચારો થાકયો. અને ઓટલા ઉપર જરાક આડો થયો. ભૂખ્યો તથા થાકેલો હોવાથી તુર્તજ ઉંઘી ગયો વિભુ ! ઉંઘના ફાયદા ઘણા છે એમ જણાય છે. ઉંઘ આવતાં બાળકને ન જણાઇ ભૂખ કે ન લાગી ટાઢ અને ન રહ્યું. કયાં સુતો છું તેનુંયે ભાન ! અર્ધ રાત્રિ વ્યતિત થઇ, કોન્સ્ટેબલો ફરવા લાગ્યા, બધુ શાન્ત થવા માંડયું પણ આ બચ્ચાને મન તો રાતના આઠ વાગ્યાથીજ બધું શાન્ત હતું. કોઇ કોઈ રોનવાળાઓને આ કોણ સૂતું હશે ? ચોર હશે ? ચાલો પકડીને ફરજ બજાવેલી બતાવીએ એ આશાથી ત્યાં જવા મન થતું. જતા અને **બાળક દેખી, નિરાશ થઇ**, પાછા ફરતા!

આમને આમ પ્રાતઃકાળ થયો. **नरेन्द्र** હજુ ઉંઘમાં હતો. છા થતાં દુકાનવાળાએ "એ કોણ છું, અલ્યા ? "ઉઠ" મફતનું ખાવું ને મસીદે સુવું વાળો ધંધો આદર્યો એટલે થયું કે ? આવા ભામટાઓને પોલીસ પકડીને ઢોરોની પેઠે પૂરતીયે નથી તો ? ચાલ, ઉઠ, "દાઝયા ઉપર ડામ ! એક લાત મારી ઉઠાડયો અને તે ઉપર પ્રાતઃકાળમાં **नरेन्द्र** ને પુષ્પાંજલી આપી દુકાનદાર ખુશી થયો. બાળક ઉઠી ચાલતો થયો. બેચાર છોકરા તેના જેવડી વયના જતા હતા તેમની જોડે ચાલ્યો અને તેઓ સ્ટેશન ઉપર જઇ "શેઠ પોટકી ! શેઠ મજૂર ? શેઠ આવું કે ?" ઇત્યાદિ બોલતા તે જોડે બોલવા લાગ્યો. એક ઘરાક મળ્યો

બે પૈસે ચાલ અહિંથી થોડેક દૂર એક દૂકાન ઉપર જવાનું છે તે માણસની નાની પોટકી સાથે નરેન્દ્ર ચાલ્યો, આ રોફી દેખાતા પુરૂષના હૃદયમાં દયા વસ્તી હશે એમ જણાયું. તેણે પૂછ્યું "અલ્યા, નાનપણથી ભણવું મૂકી આમાં શું આનંદ માને છે? તારા માબાપે કેવાં કે આ પ્રમાણે તને રઝળતો મૂકયો." બાળકે કરગરી, દીનતાથી પોતાની સ્થિતિનું ભાન આપ્યું અને "ગઇ કાલે આખો દિવસ ભૂખ્યો રહ્યો છું, એક દૂકાનના ઓટલા ઉપર પડી રહ્યો તો" આ વાકય સાંભળતાં તે પુરુષનો ચહેરો દયાર્દ્ર થયો. "ચાલ હવે દૂકાન આવી નથી" દૂકાન આવતાં એને બદલે પેલાએ ચાર પૈસા આ બાળકના હાથમાં મૂકયા! ખુશી થતો, પાસેની દૂકાનેથી બે પૈસાનું ખાવાનું લઇ જવા લાગ્યો એટલામાં પેલાજ મનુષ્યે તેને પાછો બોલાવી એક ચીઠ્ઠી લખી આપી. આ ચીઠ્ઠી તેણે પોતાના એક ઓળખીતા શેઠીઆ ઉપર લખી આપી હતી; અને તેમાં આ ગરીબ છોકરાને કાંઇ નહીં તો ફક્ત અન્નદાન આપી, કામ કરાવવા ખાસ આજીજી કરી હતી. બાળક આભાર માની, શેઠને ત્યાં ગયો, જેણે ચીઠ્ઠી વાંચ્યા બાદ કેટલીક હકીકત સાંભળી, દયા લાવી, તેને પોતાની મીલમાં શાળખાતામાં કે જ્યાં બાળકોની જરૂર હોય છે ત્યાં ગોઠવી દીધો. શેઠે તેને પોતાને ત્યાંજ રહેવાનુ સૂચવ્યું જ્યારે તે છોકરો બ્રાહ્મણ જ્ઞાતિનો હોવાથી જમવાનું એક પાસેની વીશીમાં નક્કી કરી આપ્યું.

આ રીતે નરેન્દ્રની જિંદગીની શરૂઆત થઇ એમ કહીએ તો ચાલે; પરંતુ તેના નસીબમાં હવે દુઃખ ન હતું, શેઠ પત્ની ને આ બાળકનો કાંઇક ઉદ્ધાર કરવાની આંતર સ્ફુરણા થઇ. તેને લાગ્યું કે એક બ્રાહ્મણના છોકરાને ભણાવી ગણાવી પોતાનું ગુજરાન ચલાવતો કરી દઇશું તો પુણ્યનું કામ થશે. આ સ્ફુરણા વધુ જાગ્રત થઇ અને તેથી તેણે એક દિન શેઠને કહ્યું કે, આ છોકરાને મીલનું કામ છોડાવી દો. અને તેને ભણાવો એક બ્રાહ્મણના છોકરાને ભણાવવાથી ઇશ્વર આપણું સારૂં કરશે. આ ઉપરાંત શેઠાણીએ બીજાં અનેક કારણો બતાવી, શેઠને ખાસ આગ્રહ કર્યો. અને શેઠે આગ્રહને માન આપી, નરેન્દ્રને નિશાળે મોકલવા માંડયો. તે પાંચ ચોપડીઓ સુધી ભણેલો હતો તેથી છઠ્ઠીમાં બેઠો. એક બે વર્ષમાં તો તે ઘણો ચબરાક વિદ્યાર્થી લેખાયો. દરમીઆન ચિત્રકળા ઉપર તેને ઠીક શોખ હોય એમ જણાયું, આથી તેને ચિત્રકળા પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનું ફરમાવવામાં આવ્યું.

કુદરતી કળા તરફ જેને શોખ હોય તેને જો તે ઉપર ખાસ ધ્યાન દેવરાવ્યામાં આવે છે તો તેના ઘણુંજ ઉત્તમ પરિણામ નીપજે છે. નરેન્દ્રની બાબતમાં પણ તેમજ થયું. તે કુદરતના દેખાવો ઠીક ચિત્રવા લાગ્યો. તેમજ બીજી વસ્તુઓના નમુનાઓ વગેરેના ચિત્ર પણ કાઢતો જતો. શેઠે, આથી તેને પોતાના એક ઓળખીતા ચિત્રકારને ત્યાં શીખવવા મૂકયો જેણે તેને એક વર્ષમાં હોશીઆર બનાવ્યો.૧૬ વર્ષની ઉમર થતાં નરેન્દ્ર તેજ ચિત્રકારને ત્યાં તેના મદદનીશ તરીકે રહયો. હવે તે સમજણો હતો, તે પોતાની સ્થિતિ સમજી શકતો શેઠ તેનુ સર્વસ્વ હતા અને શેઠપત્ની તેને સાક્ષાત્ દેવી તુલ્ય લાગતી. તેની નાનપણુની રખડવાની સ્થિતિ, ત્યાંથી પેલાનું પોટકુ ઉચકવું; ચાર પૈસા મળ્યા, વગેરે તે એક દિવસ એકાન્તમાં બેઠો હતો ત્યારે તેને સાંભરી આવ્યું. માબાપ વિનાનાં બીજાં અનેક છોકરાંની શી વલે થતી હશે? મને તો ઠીક છે કે આ શેઠ મળી ગયા પણ કોણ કહે છે કે બીજાને મળી જાય? મરતા સુધી પણ શેઠનું ઋણુ હું વાળવા પ્રયત્નો કરીશ એમ ધારી તે મગ્ન થતો.

× × × ×

આ વાતને આજ લગભગ ચાર પાંચ વર્ષ થઇ ગયાં છે. એક દિવસ પ્રાતઃકાળમાં મુંબઇમાં દરિયા પાસેના એક બંગલાની એક બારીમાંથા એક યુગલ દરિયો નિહાળે છે. પુરૂષ બોલ્યો. "વહાલી ! અત્યારે હું જે જગત્ સુખમય ગણું છું તે જગત્ નાનપણમાં મને દુઃખ મય હતું. હું રખડતો કંગાળ બાલક હતો. સ્ટેશન ઉપરથી પોટકીઓ ઉંચકતો, મારા માત પિતા નહતાં અને તેથી ઘણા દિવસ રસ્તામાં કોઇની કોઇની દુકાન ઉપર પડી રહેતો કેટલાક દિવસ ખાવાનું પણ ન મળતું. પણ વહાલી ઉપકાર માનું છું. તે સરજનહારનો કે આજે તેણે મને હાલ જે જોઇએ તે સુખ આપ્યું છે. એક દિવસ સારા ચોઘડીઆમાં મેં એક પુરૂષની પોટકી ઉંચકીને તેના મને ચાર પૈસા મળ્યા કે ત્યારથી મારૂં ભાગ્ય ચક્ર ફર્યું. મ્હારા જીવન અર્પનાર, મ્હારા શેઠથીજ હું આ સંસારમાં છું એમ મ્હને થાય છે. નહીં તો કયાં હું ને કયાં આ શેઠ ? વિના સ્વાર્થે મારી પરવા રાખવાની તેમને શી જરૂર ? પરંતુ હજી જગત્‌માં દયાળુ, પરોપકારી અને સત્વવાન્ નરોની અછત નથી. આજ એજ શેઠના પ્રયત્ને હું ભણ્યો છું અને ચિત્રકાર તરીકે મારૂં માથું ઉંચુ રાખી શકું છું ! ખરેખર, જીવન સાર્થક તો તેજ નરનું કે જેણે અન્યને તાર્યા છે. બચાવ્યા છે એટલુંજ નહીં પણ ઉપયોગી બનાવ્યા છે.

આ બોલનાર આપણી વાર્તાનો નાનકડો નાયક નરેન્દ્રજ હતો. તેની સાથે ઉભેલી તેની પત્ની હતી. શેઠે તેને પોતાની લાગવગથી તેની નાતના એક બ્રાહ્મણ ગૃહસ્થની કન્યા સાથે પરણાવ્યો હતો અને તે પછી તેને ખાસ તેના શોખનોજ ચિત્રકાર તરીકેનો ધંધો ગ્રહણ કરાવ્યો હતો.

નરેન્દ્રે આગલ ચલાવ્યું ! વહાલી, તું જાણે છે કે હાલ તે શેઠનો આત્મા કેટલો બધો પ્રસન્ન છે ? તેમના મનમાં એટલુંજ છે કે ઇશ્વરે, મને અન્યનું ભલું કરવા માટેજ પૈસા આપ્યા છે. આ વિચારથી તેઓ ઘણા પ્રસન્ન છે આવી પ્રસન્નતા કાંઇ જેમ તેમ આવતી નથી. "હાય વોય" કરી, કૈંકજનોને ઉંધાં ચત્તાં કરી, પૈસો મેળવાય એ કદાપિ સારે માર્ગે વાપરી ન શકાય એટલુંજ નહીં પણ એ પૈસાથી મનમાનતી મોજ પણ માણી ન શકાય. એતો સારૂં સારે રસ્તે ને નઠારૂં નઠારેજ નર્કના કીડા નર્કેજ. તેઓ પ્રસન્નતા ન મેળવી શકે તેમનું નાણું ફનાફાતીયા થાય ને તેમનું મોત કમોતે થાય. વહાલી ! મને યાદ છે કે એક દુકાનદારે જે દિવસે મને ગાળો દીધી તેજ દિવસથી તેની દુકાનની આવક ઓછી થઇ. મારો ઉદય ને તેનો અસ્ત. હાલ તે દેવાદારછે ને તેજ હાલતમાં દુઃખી થઇ રીબાઇ મરશે. ધનવાનોએ, તેટલા માટે અક્ષય સુખની ઇચ્છાથી આ સંસારમાં રઝળતા ગરીબોની ખબર અંતર રાખવી જોઇએ અને ઃજેમ અત્યારે મારૂં જીવન આ શેઠે ઉદ્ધાર્યું કહું તો ચાલે, તેમજ એવા ઘણાઓનાં ઉદ્ધારી, ઉપયોગી બનાવવા જોઇએ.

\+ + + +

નરેન્દ્ર અંતે સારો ચિત્રકાર ગણાયો. શેઠને ઘણો ઉપયોગી થઇ પડયો અને ઘણીવાર પોતાના શેઠની પેઠે આવાં અનાથ બાળકોની ખબર અંતર રાખતો, તેની સુશીલ નિરાભિમાની તથા સદ્‌ગુણી પત્ની સહ સંસારમાં આનંદે વિચરવા લાગ્યો. વાંચનાર ! પરોપકારી કર્તવ્યથી આવાં જીવન અન્યનાં કરવાની હૃદયમાં કોઇ દિવસ પણ ઇચ્છા કરજે ખરો અને તેમ, કરીનેજ જંપજે. પ્રભુ તેમ કરવાનો તને સહાય દો. તથાસ્તુ.

નાટયલીલા.

આ નાનકડી નવલકથાનું સ્વરૂપ વાંચકોનાં ધ્યાનમાં આવવા માટે તેનાં ચારિત્ર્ય નાયક નવલચંદ્રની બાલ્યાવસ્થાની થોડી હકીકત જણાવવી અગત્યની છે.

નવલચંદ્રની ઉમર આ વખતે માત્ર તેર ચૌદ વરસની હતી. તે વખતે તે અંગ્રેજી ચોથી ચોપડી ભણતા હતા. તેમનો અભ્યાસ કલાસમાં કેવા પ્રકારનો ચાલતો હતો? અભ્યાસના પુસ્તકો સાથે તે કેવા પ્રકારનો સંબંધ જાળવતા! એ વિશે વધારે વિસ્તારથી નહી લખીશું તો પણ ચાલશે. પણ તે વખતે ગુજરાતી નાટકો નવલકથાઓ અને કાવ્યો વાંચીને તેનું મનન કરવા જેવાં પુસ્તકો, કે પછી એકવાર જોઇને કચરાપટ્ટીમાં ફેંકવા લાયકના જેટલાં જેટલાં તેમનાં હાથ લાગતાં તેટલાં સઘળાં તે એકાદા ઓાંત્રાસીયાની માફક આખી રાત્રીની રાત્રી ઉજાગરો કરી વાંચી જતા. લીધી ચોપડી કે કરી વાંચીને પુરી! એવો તેમનો પરીપાઠ હતો. તેમની બુદ્ધી તિવ્ર અર્થજ્ઞ હતી, જે કાંઇ સારી નરતી બાબતો એ નોવહેલમાં વાંચવામાં આવતી તે સઘળી તેમના મજ્જા તંતુના કોષમાં સંગ્રહીત થતી. નવલકથાઓ કરતાં પણ તેમને સંગીત નાટકો અને માસિકોમાંથી પ્રસિદ્ધ થતાં કાવ્યો બહુ પસંદ હતાં. ધીરે ધીરે તે કાવ્યના બહુજ શોખીન થયા. અને એ વાંચનનું પરીણામ એ આવ્યું કે ઇંગ્લીશ સંસ્કૃત વીગેરે ભાષા વિષયોમાં જો કે સાધારણ સારા પ્રમાણમાં માર્કસ મળતા તો પણ ઇતિહાસ ભૂગોળ કે ગણીત વગેરે વિષયોમાં ઠોકર ખાવાનોજ વખત આવતો કલાસ માંહેના અન્ય વિદ્યાર્થીઓ અને કયારેક કયારેક તો તેમના માસ્તર પણ આપણા નવલચંદ્રને ' કવિરાજ ' એવી પદવી આપી બોલાવતા એટલુંજ નહી પણ સ્કુલમાં તેમજ શહેરમાં પુષ્કળ સ્થળે નવલચંદ્ર કવિ એ નામેજ તેઓ પ્રસિદ્ધિ પામવા લાગ્યા જો કે કેટલે પ્રસંગે તે નામે મશ્કરી રૂપે પણ યોજાતું!

સ્કુલમાં બપોરે વચગાળે કલાકની રજા પડે છે. તેમાં જ્યારે બીજાઓ ચેવડો મસાલાની દાળ, પેંડા, ઝાડ ચીબડી વગેરે મિષ્ટ પદાર્થોને ખરીદી ન્યાય આપવામાં, અને આટીપાટી મોઇ દાંડીયાં વીગેરેની રમતમાં લીન બની જતા, તે વખતે એ કોલાહલથી તદન વેગળી જગાએ સહાધ્યાયી મંડળી ગલબલા સાથે બિલકુલ સંબંધ ન રાખતાં નવલચંદ્ર કલાસના એક ખુણામાં બેસી, પોતાની ગણીત વહી ઉખેળીને તેમાં અપૂર્વ દ્રષ્ટિમય કલ્પના યુક્ત નાયિકાને ઉદ્દેશી ને બોલતા—

" વસી કયાં મારિ મન હરણી?
આવ ઓ વ્હેલી પ્રિય રમણી!
જીવન મમ સફલ કરવાને,
કલેશનો ઓઘ હરવાને "

આવા પ્રકારની પુષ્કળ કવાલીયો તે નવી રચીને લખી કાઢતા કદાચ કોઇ વખતે તેર આવાં કાવ્ય બનાવવાનો કંટાળોજ આવતો, તો પછી બિચારી કવિતાઓનો ઇલાજ થત પછી તે કાવ્ય યુક્તી બિચારી પેન્સીલનો આશ્રય છોડીને કવિરાજના મોઢાનોજ આશ્ર લેતી આવા પ્રસંગે—

" રાત્રિ દિન ધ્યાન તારૂં ધરૂં
સતાવિશ કેટલી ? શું કહું !"

આવા કાવ્યો મોઢેથીજ બોલવાનો તે સપાટો ચલાવતા પણ તે મોંટેથી ન માત્ર ગણગણાટજ !

નવલચંદ્રનો હદથી બેહાર ગએલ કાવ્યોનો વ્યાસંગ અને સ્વપ્નમય કલ્પના યુ પ્રેમ વીહ્વલતા એવા કારણોથી જ્યારે વિશ્વવિદ્યાલયની અધિષ્ટાત્રી દેવી સરસ્વતી એ ન લચંદ્રને પ્રવેશ દ્વારમાંજ દાખલ થવાની મનાઇ કરી ત્યારે આપણા 'કવિરાજ' જ કચાટમાં પડયા સરખા થયા. અને તેમના ઉપર બંદોબસ્ત થવા લાગ્યો છોકરો અભ્યાસ ચોપડીયો શિવાય અન્ય શું વાંચે છે ? શું કરે છે. ? એ બાબતમાં રાજેશ્રીના પિતા તરફથી સખત તપાસ રાખવામાં આવતી દીવસમાં બે ત્રણ વખત તેમની ઓરડાની ઝડ લેવાઇ, તેમની કવિતાઓની નોટો, કાગળના કડકા વીગેરે બધું જપ્ત થઇ अमये स्वाः થતું અને અશ્લીલ કવિતાઓ બનાવવા માટે તેમને તેમનાં પિતાશ્રી તરફથી બે ચાર વખત સખ શીક્ષા પણ કરવામાં આવી તેમની પાસેથી બરાબર અભ્યાસ કરાવવા માટે ખાસ કરેલા માસ્ત તો આપણા કવિરાજને અભ્યાસ વિના અન્ય પુસ્તક હાથ પણ ધરવા ન દેતા.

આખર આ પ્રમાણે બે વરસ ગયા પછી પિતાશ્રી અને માસ્તરના અપરિહાર્ય શ્રમ અને સખત પહેરાથી વિશ્વવિદ્યાલયના પ્રવેશદ્વારની શૃંખલા ઉઘડીને આપણા કવિરાજ જેમતે કરી કોલેજમાં દાખલ થયા.

નવલચંદ્રની કાવ્ય પ્રતિભાને તદ્દન છુંદી નાખવાની તેમના પિતાશ્રીએ ઘણી કોશ કરી, પણ તે ફળીભુત ન થતાં કવિરાજના મનમાં તો તે પ્રબળતા ધરાવતીજ હતી. તેમ પિતાશ્રી આદી સર્વ પોતાની ધારણા પાર પડેલી ધારી હર્ષ પામતા હતા, પણ તે બિચાર ઓને કયાં ખબર હતી કે માથા પર બાબરી વધારીને પોતે જગતની ટીકાથી બેપીકર છી એવું બતાવા તે બેફામ રીતે ઉડતી રહે એવી ખાસ વ્યવસ્થા રાખીને, તેજ પ્રમાણે મા શીર્ષ પોષ માસની સખત ઠંડીના દીવસોમાં પણ ઢીંચણ સુધી લાંબા મલમલના ધો સફેદ ફેન્સી ખમીસો પહેરીને 'વસંત પ્રભા' માસિકનું અધિપતીપણું ગુપ્ત રીતે ર ભાળીને, અથવા એવાજ કોઇ અન્ય માર્ગો ગ્રહણ કરીને નવલચંદ્ર "પાકા કવિરાજ હોવાની ખ્યાતી તેમની કોલેજના મિત્ર મંડળમાં અછી તરેહથી પ્રગટાવવામાં ફળી ભૂ થયા હતા !

આવી રીતે જેમ જેમ મુદ્દત જવા લાગી તેમ તેમ નવલચંદ્ર વધારે ને વધારે 'કાવ પાગલ' બનતા ચાલ્યા હાલમાં તેમના મનને અથવા મગજને એક જુદીજ અસર થવા લા હતી. 'વસંત પ્રભા' માસિકમાં તેમનાં 'વીણા કાવ્ય' (LyricPoems) સપાટાબંધ પ્રસિ

જવા લાગ્યા ત્યારથી; પોતાને કોઇ પ્રણયાકુલ બાલિકાની સુંદર કાવ્ય પત્રિકા આવશે, એમ કવિરાજ ઉત્કંઠા પૂર્વક રાહ જોવા લાગ્યા. અને એ માસિકના ખાસ દીવાળીના અંકમાં આપણા કવિરાજના ફોટા સાથેની 'અભિનય પ્રેમને સંબોધન ! એ મથાળા નીચેની કવિતા પ્રસિદ્ધ થઇ: ત્યારથી તો રસ્તે ચાલતાં પણ વખતો વખત તેમને એવો આભાસ થવા લાગ્યો, કે બાજુની ઇમારતોની–બંગલાઓની ગ્યાલરીમાંથી ઉભેલી કોઇ લજ્જાવતી પ્રેમઘેલી બાલિકાના હાથ માંહેની પુષ્પમાલા પોતાના કંઠમાં આવી પડતાં પોતે કૃતાર્થ થયા! પણ હાય ! આ બિચારા ભિખારી ગુર્જરરાષ્ટ્રનો અત્યુત્તમ કાવ્યરસનો અરસિક યુવતીવર્ગ એક દિવસે પણ આપણા કવિરાજ તરફ જોતો સરખો પણ નહીં !

આ અરસામાં અને કંઇ તેનાથી પ્રથમ નવલચંદ્ર કવિ ન હતા એમના મિત્રના લગ્ન થયાં પણ દુર્દૈવ અમારા કવિરાજનું ! કે તેમના વિવાહ થયા નહી પણ તેમાં આપણા કવિરાજનો કંઇ અપરાધ હતો એમ વાંચકોએ કૃપા કરી સમજવું નહીં આ અનર્થના તેમના દયાહીન પિતાજ કારણભૂત હતા. છોકરો ઇંટર પસાર થયા વિના તેનો વીવાહ કરવો નહીં એવી તેમણે દૃઢ પ્રતિજ્ઞા કરી હતી કવિરાજની માતાનો પુત્રના લગ્ન વહેલા કરવા માટેનો બડબડાટ, પોતાની આંખમાં જળજળીયાં આણી તેમણે કરેલી વિનંતી, કન્યાના બાપનો આગ્રહ ઇષ્ટમિત્રોએ વેળાસર નવલચંદ્રના લગ્ન આટોપી લેવા કરેલ સૂચનાઓ એ કશાથીયે કવિરાજના દુરાગ્રહી પિતાના વિચારો બદલાયા નહી.

પણ છેવટે આપણા કવિરાજે તેમના પિતાશ્રીને ઠેકાણે આણ્યા. બે ત્રણ ચાર વખત પરીક્ષામાં ફેલ થયા, અને જ્યારે સપ્રમાણ સિદ્ધ કરી બતાવ્યું કે પ્રત્યક્ષ બ્રહ્મદેવ આવશે તોપણ પોતે પી. ઇ. ની પરીક્ષા પસાર થશે નહી. પછી વાતજ શી? એટલે બીજે દિવસેજ તેમના પિતાશ્રીને પોતાની પ્રતિજ્ઞા ભંગ કરવી પડી જેથી થોડાજ દિવસમાં એક શુભ મુહૂર્ત ઉપર ત્રાંસા બેંડ મશાલો વીગેરે મોટા ઠાઠમાઠ સાથે કવિરાજના લગ્ન થયાં. નવવધૂ પત્ની સાથે કવિરાજ ઘેર આવ્યા.

નવલચંદ્રના લગ્ન થયા પછી થોડાજ દીવસમાં તેના માતપિતા આ નશ્વર જગતને છોડીને પોતાના કવિ પદવી પ્રાપ્ત કરેલ પુત્રને કાવ્ય સમુદ્રમાં તરવા માટે યથેચ્છ સમય આપી પોતે પરલોકમાં પ્રયાણ કર્યું.

(૨)

આગળ પણ બે ચાર વરસ તેમજ નિકળી ગયાં નવલચંદ્રનાં પિતાશ્રી પુષ્કળ પૈસો પાછળ મૂકી ગએલ હોવાથી આપણા કવિરાજને સંસાર વ્યવહાર ચલાવવામાં વધારે મુશ્કેલી નડતી ન હતી. તેમને ઘણો પૈસો–સુંદર, સુશીલ યુવાન પત્ની આદિ ઘણા સુખો હતાં—પણ જગતમાં સર્વ રીતે સુખી કોણ હોય છે?

કવિરાજની અર્ધાંગના કુસુમગૌરી જેનું કવિરાજે વિનોદપ્રિય કાવ્યગંધી એવું આગ્રહપૂર્વક નામ રાખ્યું હતું. તે જો કે તે સુંદર યુવાન પ્રેમાળ અને સુસ્વભાવની હતી, તો પણ કવિરાજને તેમની ઇચ્છાનુસાર તેણીથી આનંદ મળતો ન હતો કેમકે કુસુમગૌરીનો સ્વભાવ તેણીના

પતીને જોઇએ તેટલો કાવ્યગંધી અને કલ્પનાપ્રિય ન હતો ! કલ્પનામય માનસરાજ્યનો કેવળ આત્માજ એવી ભાવ વિહ્વલતાથી લપટાઇ જ્યારે કવિરાજ પોતાની પ્રિયાને કાવ્ય-કલ્પના સમજાવતા, ત્યારે કુસુમગૌરી હસીને તેમની ટીકા કરતી ! કેટલેક પ્રસંગે તો આપણા કવિરાજને ક્રોધ અથવા સહનશીલતા ધારણ કરવાનું અસાધ્ય થઇ પડતું ! આ વે વખતે તે તદ્દન નિરાશ થઇને કપાળપર હાથ દઇ નિશ્વાસ મૂકતા. ઘણીવાર તેને એવું થઇ આવતું કે આવી નિર્દય પત્ની અને તે સાથે સઘળાં સંસારનો એકદમ ત્યાગ કરી કયાંઇ ચાલ્યા જવું. ભગવાં કપડાં પહેરી લેવાં. તંબુરો લઇ ભીખ માગતાં ચોતરફ દેશવિદેશ ફરવું. ભટકવું. માથાપર અગડબંબ જટા વધારવી. અને પોતાનું આદ્ય સ્વરૂપ તદ્દન બદલી નાખવું. એવી રીતે કેટલાક વરસો ફરીને પછી એક દિવસ ઘણો સખ્ત વરસાદ વરસતો હોય, ત્યારે ગામમાં દાખલ થઇ ઘરે આવવું. અને તે તંબુરા સાથે પોતાના મધુરકંઠથી પ્રેમગીત ગાઇને પતિવિરહના ઘણા પશ્ચાતાપથી જેણીનું હૃદય પ્રથમથીજ બળી ગયું હશે, પોતાની મનોરમા કુસુમગૌરીનું હૃદય તદ્દન ભગ્ન કરી નાંખવું. અને વીતક વાતોના સંગીતથી પોતાની પ્રિયા પોતાને પછી સેહજેજ ઓળખી કાઢશે, અને ફરી પોતાનો સ્વીકાર કરી ઘરે રહેવા પોતાની બહુ આજીજી કરશે, આખર તેણી પોતાના પ્રેમાશ્રુથી મ્હારા શરીરને નવરાવશે. પણ બસ. આપણે તો આપણા નિશ્ચયથી બિલકુલ ખસવાના નહીજ. આવા વિલક્ષણ અને અદ્દભુત ઉપાયો વડેજ તેણીની અરસીકતા, તેણી તરફથી ઉપરા ઉપર પોતાની થતી અવહેલના એ સઘળાનો બદલો પછી આપણે ખૂબ કડકાઇથી વાળીશું.

પણ આ કડક ઠરાવ અમલમાં મૂકવામાં ઘણી અડચણો-હરકતો હતી. કુસુમગૌરીનો કોમલ-મનોહર સુંદર મુખચંદ્રમાં એવો કોઇ જાદુઇ હતો તે તેના પ્રભાવથી આપણા કવિરાજ બહુજ મોહિત બનેલા હતા. તેમના મનમાં ગમે તેવા વિચારો આવે, તે મોઢેથી ગમે તેમ બબડે, પણ તેણીને વિખુટી કરી રહેવાનું નવલચંદ્રથી એક ઘડી પણ બની શકે તેમ નહતું. એવી સ્થિતીમાં તે બિચારા શું કરી શકે? પોતે ના ઇલાજે પોતાનાં ખિન્ન હૃદય ઉપર કુસુમગૌરીના અરસિકતાયુક્ત અત્યાચારના આઘાતો કવિરાજ વિના બોલ્યે સહન કરતા હતા.

(૩)

રવિવારનો દિવસ તેમના પરમ મિત્ર બાલકવિયે લખેલ **'મૃણાલિની'** એ નવા નાટકનો ખેલ 'ભારત ગૌરવ નાટક સમાજ'માં આજે પ્રથમવારજ ભજવાવાનો હતો જે જોવા માટે તેના લેખકના આગ્રહથી નવલચંદ્ર ગયા હતા. ખેલ બહુજ વખણાયો. સુંદરતા અને સુકંઠ માટે પ્રસિદ્ધી મેળવેલ સ્ત્રી અને પુરૂષ પાઠ ભજવનારા એકટરોના મોઢામાંથી નીકળતો અમૃત સમાન સંગીતધ્વની પ્રેમથી છલકાતા પ્રણયોર્મીરંજીત પ્રવેશોથી યોજેલી નાટય સંકલના શાંત અને ઉજવળ વિજળી લાઇટ-ઉત્તમ પોશાક અને સીનસીનેરી આદી મોહકતાથી આપણા કવિરાજ ચકીત થઇ ગયા. અસંખ્ય પ્રણય કલ્પનાઓ તેમના હૃદયમાં રમવા લાગી. તે ભ્રમીત થયા !

સુભાગ્યે કે પછી કમનસીબે કોણ જાણે ? તે શીતલવાયુ લહરી કવિરાજના શરીર પરથી પસાર થતી હતી. તે પૂર્ણીમાની રાત્રી હોવાથી રમણીય ચંદ્રપ્રકાશથી બહુજ આનંદ

દાયક દેખાતી હતી. જેથી નવલચંદ્રનું કરમાયલું કવિ-હૃદય વધારેજ બળવા લાગ્યું ! તેમના બંગલા પાસે ગોઠવેલા કુંડા માહેના ગુલાબ અને ચમેલીના પુષ્પ તેમના તરફ જોઇ ડોલતાં હતાં. ઘરમાં દાખલ થતાં થતાં તે અને બીજા કેટલાક સુગન્ધિક પુષ્પો ચુંટી લેવા કવિરાજ ભુલ્યા નહતા.

તે તુરતજ પોતાની મેડીપરની સુવાની ઓરડીમાં ગયા. આ વખતે પોતાની પ્રિયા પોતાની રાહ જોતીજ બેઠી હશે, એમ તેમના મનમાં આવ્યું પણ કુસુમગૌરી ત્યાં નહતી.

કપડાં ઉતારી નવલચંદ્ર ત્યાં પડેલી ઇઝીચેર ઉપર પડયા. ત્યાં તેમની પ્રણયપત્ની આવી. તેણીને જોઇ કવિરાજ બહુ પ્રસન્ન થયા.

ખોલીમાં આવતાંજ કુસુમગૌરી બોલી-"આજે આપે આવવા કેટલી મોડી રાત્રી કરી ? માશીબાને આજે સખત તાવ આવ્યો."

કુસુમગૌરીના કહેવા તરફ બિલકુલ ધ્યાન નહી આપતાં, તેણીના સુંદર મુખકમલ તરફ પ્રેમદષ્ટીથી જોઇ કવિરાજ બોલ્યા. "કાવ્યગંધા ! નહી ભુલ્યો-પ્રિય કુસુમ !"

"આ શું ? આવી ચેષ્ટાઓ ! પણ નીચે આવીને જરા માશીબાની ખબર તો પૂછવાની હતી ! તેમને સખ્ત તાવ આવ્યો છે. મારે આજે આખી રાત્રી તેમની પાસેજ કાઢવી પડશે. એ કહેવા માટેજ હું ઉપર આવી હતી."

"કદાચ સળેખમ કે શરદીનો તાવ આવ્યો હશે, તેમા શું ? આવી ચાંદની રાત્રી કાંઇ રોગીયો પાસે બેસી રહેવા માટે પરમાત્માયે બનાવી નથી તો ! સમજી કુસુમ ? ચાલ-આજ મારી સાથે, આપણે બન્ને પાછળના બગીચામાં જઇએ. અને રમણીય ચંદ્રપ્રકાશમાં આનંદ લઇએ ચાલ વળી આ ખાસ આણેલા પુષ્પોની તું માળા બનાવજે, અને હું તારા ખોળામાં માથું મુકીને જરા આડેપડખે થઇશ. અહાહા ! આ મધુરા પ્રકાશમાં પણ તું કેવી શોભે છે વારૂં ?"

જરા દૂર ખસી કુસુમ બોલી—"આ શું ? આપ વખત પણ વિચારતા નથી ? માશીબા પાસે મારે આ વખતે રહેવુંજ જોઇએ. અને આપે પણ તેમની એકવાર તબીયત જોઇ જવી જોઇએ."

"કુસુમ !"

"શું કહો છો ?"

"તને આ વખતે હું બીલકુલ જવા દઇશ નહી. આવ-આ ફૂલનો હાર બનાવી હુંજ તારા ગળામાં પહેરાવું. મારૂં બનાવેલ પેલું પદ્ય તને યાદ આવે છે કે ?

ધન્ય તે રમણ જગમાં
પ્રિયાકંઠે પ્રિતે સ્વકરથી ગુંથીને,
પુષ્પમાલા ધરી મોદ માને.
ચંદ્રસમ વદનપર દષ્ટીને સ્થાપિને,
મત્ત થાયે સદા પ્રણય પથમાં.—ધન્ય૦

"રાખો હવે." કુસુમગૌરી શરમાતાં વચમાંજ બોલી–બહુ બહુ થયું એ તો. માણસોને તે કાંઇ વખતનો વિચાર હોય કે નહી? કે જ્યારે જોઇએ ત્યારે પ્રણય–પ્રણયને પ્રણયજ!"

કવિરાજ વળી આગળ પોતા સાથેજ ગાવા લાગ્યા.

"—અવિરત આ પ્રણય સમયે.—"

એટલામાં બહારથી રતનબાઇએ હાંક મારી–"બા સાહેબ!"

"હું જાઉં છું હવે." આટલું કહી કુસુમગૌરી ત્યાંથી ચાલી ગઇ. તેણીની જવાની ઉતાવળમાં, કવિરાજે પ્રેમથી અર્પણ કરેલ પુષ્પમાલા તે પ્રણયહાર–ત્રુટીને સુંદર પુષ્પો વિખરાઇને હતાશ "દૃષ્ટીથી બિચારા કવિરાજ તરફ જોતાં ભુમીપર પડયાં!

બિચારા કવિરાજ! પત્નીના આવા અવિવેકથી તદન સ્તંભીતજ બન્યા. આ શું બનાવ બની ગયો? તેનું તેમને ભાનજ રહ્યું નહી. ચોતરફનો રમણીય ચંદ્રપ્રકાશ તેમને હવે નિરસ યાને કડવો લાગવા લાગ્યો. તે એક મોટો નિશ્વાસ મુકી નીચે આવ્યા. ક્રોધ અને અભિમાનથી તેમના શરીરમાં અગ્ની પ્રકટયો હતો. આજુબાજુના ફુલઝાડના કુંડા માંહેનું એકાદ કુંડું માથાપર પછાડી માથું લોહીલુહાણ કરી, રાડો–બરાડો પાડવા એટલે તેણી દોડી આવશે. પોતાના પ્રિય પતીનો અંતકાળ નજીક આવેલો જાણી તે નિર્દય સ્ત્રિને પશ્ચાતાપ થવા દેવો એવું ઘણીવાર તેમના મનમાં આવ્યું. પણ આવી રીતે મસ્તકને વધારે કષ્ટ આપવા કરતાં મેડી ઉપરની બારીમાંથી એકદમ નીચે ભુસકો મારીને આત્મહત્યાજ કરી લેવી. કે જેથી તેણી સદાની દુઃખી થાય! આવી રીતે તેણીના અપરાધ બદલ તેણી પુરી શીક્ષા આપવાનોએ વિચાર કવિરાજના મગજમાં આવ્યો. આખું જગત આ વખતે તેમને તાપદાયક જણાયું. તે નિષ્ઠુર સ્ત્રીને પશ્ચાતાપ શી રીતે થાય? એજ ઉપાયો શોધવામાં તેનું મન નિમગ્ન બન્યું.

ઘણા વખત સુધી નવલચંદ્ર (કવિરાજ) ત્યાંજ ઉભા હતા. કેટલીકવાર પછી પાછા તે પોતાની ઓરડીમાં જઇ બેઠા. હવે તો કુસુમ પાછી આવીને પોતા પાસે માફી માગશે એમ તેમને લાગતું હતું. "શું કુસુમનું હૃદય ખરેજ તેવું નિર્દય હશે કે શું? કે તે દયામયી હોવા છતાં જાણી બુઝીનેજ તેણી મારી સાથે આમ વરતે છે? જો તેમ હોય, તો પછી એવી અરસિક, અવિવેકી રાક્ષસી સાથે પોતાનો આત્મા તેણીને સમર્પણ કરી જોડયો એ મેં મોટી ભૂલ કરી છે!" આવા આવા અનેક વિચાર કવિરાજના મનમાં રમવા લાગ્યા.

પણ હા! બિચારા કવિરાજની મોટી મોટી આશાઓની બાંધેલ ઇમારતો જમીનદોસ્ત થઇ પડી. નિર્દય પ્રણયવ્યાધીથી અજ્ઞાત કુસુમ પાછી ત્યાં આવીજ નહી!

કવિરાજને નિદ્રા આવતી નહતી. વિચાર તરંગ તેમના અંતઃકરણને વારંવાર ચલિત કરતા હતા. ઘણીવાર વિચાર કરીને છેવટે પોતાની પત્ની પૂર્ણ પશ્ચાતાપ પામે એવો એક ઉપાય શોધી કાઢયો. અને તે અમલમાં મુકવાનો નિશ્ચય કર્યો "તેણીનાપર જ્યાં સુધી પોતાનો અચલ એકનિષ્ટ પ્રેમ છે. તેણી પ્રત્યે વધારે ને વધારે પ્રેમ લાગણી દર્શાવતા જઇએ છીયે, તેમ તેમ તો તે વધારે ને વધારે અપમાન કરતી જાય છે. તેનું કારણ માત્ર તેણીનાપર પોતાનો એક નિષ્ટ પ્રેમ છે તેજ! છે. ઠીક છે આજથી આપણે પણ તેણીને તુચ્છ માનીને તેણીનું અપમાનજ કરવું. અને કોઇ ખરેજ કાવ્ય–પ્રણયોની ઉપર પોતાની અચલ પ્રીતિ

જાગી રહી છે, એમ કુસુમને ઠસાવવું. અને પછી તેણી આખી રાત તેમનું મટકું ન મારતાં આપણી રાહ જોતી જાગતી બેસે, તોપણ તેણીને આપણું દર્શન બીલકુલ થવાજ નહી. આમ જ્યારે હું કરીશ ત્યારેજ તેણીની આ નિર્દયતા-કઠોરતા અને બેદરકારીતાનો મેં બદલો વાળ્યો એમ થશે." આમ નવલચંદ્રે નિશ્ચય કર્યો.

(૪)

વિચાર વમળમાં પાછલી રાત્રે નવલચંદ્ર નિદ્રાધિન થયા ને સવારમાં જાગ્રત થયા. તે વખતે તેમની પત્ની ઉપરની રીસ કાંઇક ઓછી થઇ હતી. તે પોતાના પગનો અવાજ થવા ન દેતાં ધીમેથી દાદરો ઉતરી, કુસુમ કયાં છે ? શું કરે છે ? તેનો તપાસ કરવા નીચે આવ્યા.

માશીબા આ વખતે બિછાનાપર ઉંઘતાં હતાં અને જમીન ઉપર સેતરંજી પાથરી કુસુમ અવ્યવસ્થિત સ્થિતીમાં સુતી હતી. એ જોઇને નવલચંદ્રનો શાંત થવા આવેલ ક્રોધાગ્ની પાછો વધારે પ્રબળ રીતે સળગ્યો. "એમ કે આપણી સાથે લાંબી લાંબી વાતો કરી, માશીબાની સારવાર કરવાનો ડોળ કરી, કુસુમ મારી પાસેથી ચાલી આવી. તે શું આવી રીતે ઉંઘતાં સેવા કરવા કે! માશીબાને નિદ્રા આવેથી રતનબાઇને કે બીજા કોઇને તેમની પાસે બેસારી, મારી પાસે આવી માફી માગતાં, મને પ્રેમથી આનંદ આપવા આવતાં કુસુમને શું થતું હતું? પણ ખોટો ડોળ દેખાડવા માટેજ કુસુમે જુઠી જક કાલે પકડી હતી. શું પતીની આજ્ઞા માન્ય કરવી એ પોતાનું કર્તવ્ય નથી એમ તેણીએ માન્યું કાં? ઠીક છે-જોઉં છું-

હવે નવલચંદ્રને ધીરજ રહેતી ન હતી. તેણે આગળ જઇ કુસુમનો હાથ પકડી ખેંચ્યો. તેણી બિચારી એકદમ કંપતી ઉઠી—

પોતાની પત્ની તરફ ક્રોધ યુક્ત દ્રષ્ટીથી જોતાં અને માશીબા જાગી ન જાય તેવા ધીમા પણ કડક શબ્દો વડે કવિરાજ બોલ્યા—આશું ? તું આવીરીતે માશીબાની સેવા કરતી હતી કેમ ? ઠીક છે."

આ એકજ વાકય સાથે પોતાના સામટા ક્રોધગ્નીનો તેણીનાપર વર્ષાદ વરસાવી, તેણીના હાથને જોસથી ઝટકો દઇ તેણીના પ્રત્યુત્તરની રાહ ન જોતાં નવલચંદ્ર એકદમ દાદર ઉપર પગ પછાડતો ચડી મેડી પર ચાલ્યો ગયો ત્યાં ખુરશી ઉપર પડીને કપાળ ઉપર બન્ને હાથ દઇ આંખો મીચીને આપણા કવિરાજ પાછા વિચાર મગ્ન બન્યા.

વિચારમાં નવલચંદ્રને અર્ધો-પોણો કલાક ગયો હશે. એટલામાં દાદર ઉપર કોઇના પગલાનો શબ્દ થતો નવલચંદ્રના સાંભળવામાં આવ્યો. "પોતાની સ્ત્રી આપણી પાસે ક્ષમા માગવા રડતી રડતી આવતી હશે એમ તેમણે અનુમાન કર્યું જેથી આ વખતે તેણીની સાથે બીલકુલ બોલવું નથી એવો નિશ્ચય કરી જેમની તેમ આંખો મીચી રાખી કવિરાજ પડયા રહયા.

એટલામાં ઓરડીનું બારણું ઉઘડયું. કોઇએ અંદર આવી કહ્યું: "ઓ નવલચંદ્ર ! બે શું આ ! હજી ઉંઘતાજ પડયા છો કે ?"

નવલચંદ્રે આંખ ઉઘડી જોયું ત્યાંતો તેનો મિત્ર હરનારાયણ ! તેણે હસતાં પુછ્યુ–"કેમ ભાઇ ? આજે હજુ ઉંઘો છો ? ઠીક પણ તારા જાણવામાં આવ્યું છે કે ? અમારા બાણુના લગ્નનું નક્કી થયું."

નવલચંદ્ર કાંઇજ બોલ્યો નહી. જેથી હરનારાયણે ફરી પુછ્યું–"કેમ ભાઇશ્રી ! બોલતા કેમ નથી ? અને આ તમારી આંખો કેમ આજે લાલ ઘુમ બની છે ? ગઈ રાત્રે પુરી નિદ્રા નથી મળી કે શું ?"

એક દીર્ઘ નિશ્વાસ મુકી ખિન્નવદને કવિરાજ બોલ્યા–"મારા સરખા કમનસીબને હવે શાની નિદ્રા ?"

શું આશ્ચર્ય ! કવિરાજની સ્થીતી જોઇ તેમનાપર દયા આણવાને બદલે હરનારાયણ હસીને બોલ્યો–"તારૂં માથું ફરી ગયું છે એમ લાગે છે. ચાલ આ તૈયાર કરવા કહે. એક વાર ચાનો એક કપ તેં પીધો કે મગજ ઠીકઠાક ઠેકાણે આવીજ જવાનું—કેમકે "चहा मस्तकं निर्विकार करोति !"

"છટ્ છટ્. મને અભાગીયાને ગળે હવે ચા પણ શાનો ઉતરે ?"

નવલચંદ્ર પાસે આવી તેનો હાથ પકડી હરનારાયણ મૃદુ સ્વરે બોલ્યો. "ભાઇ નવલ ! આજે આમ કેમ તેં ત્રાગું કરવા માંડયું છે ? મારાં ભાભી શ્રી સાથે કાંઇ ટંટો બખેડો કર્યો છે કે શું ?"

હવે ખરી હકીકત જણાવ્યા વિના છુટકોજ નહતો. એટલે કવિરાજ રાત્રીની બનેલી સઘળી હકીકત હરનારાયણ પાસે કહી ગયા પછી બોલ્યા. "બસ હવે આ વખતે તો હું તેણીને બિલકુલ ક્ષમા કરીશ નહી. હવે તેણીને બરાબર યાદ રહે અને કોઇ દિવસ નચુકે એવી કડક શીક્ષાજ મારે કરવી પડશે શું સમજ્યો હરનારાયણ ? બસ–"

જરા હસીને હરનારાયણ બોલ્યો–"દેખીતુંજ છે. આપણે આર્યવીરોએ બૈરાં ઉપર રોફ ન ચલાવવો તો બીજે કયાં રોફ ચલાવાય ?"

"તેણીને પણ એક હલકી-કુલી માફક સમજતાં મને કયાં નથી આવડતું ? તેણીને દુઃખી કરતાં પણ મને આવડે છે. હવે એ હું તેણીને બરાબરજ સમજાવી દેવાનો. તેણી મનમાં જાણે છે શું ? મારાપર જો તેણી પ્રેમ નહી રાખશે તો તેમાં મારૂં કશું એ જવાનું નથી–હા."

"ઓહો ! ત્યારે તું તો નાટક માંહેનો રાણોજ બન્યો ને શું ? વાહ–અપરાધનો બદલોને બદલોજ કેમ ? ભાઇ જરા શાંતી રાખ નવલ ! તદ્દન નાટકીયો ન બનીશ.. કવિરાજ ! જરા મગજને ઠેકાણે રાખો."

મારૂં મગજ ઠેકાણેજ છે. બરફ સરખું તદ્દન ઠંડું શીતળ-શાંત છે. સમજ્યો ? હવે તેણીની આ ખોડ ભુલાવવા હું શું કરવાનો છું તે તને બધું કહું છું સાંભળ. ડાબા હાથે એક પ્રણય પત્રિકા લખી મુકીશ. જેમ કે મારાપર કોઇ આશક પડેલ પ્રણયીનીનીજ આવેલ હોય નહી ? એમ તે જાણી શકે પછી તે પત્ર કોઇપણ પ્રકારે કુસુમની નજરે આવે એવી

યુકતી કરીશ. પછી મારાપરના એ કાગળથી તેણીના મનમાં કેવી લ્હાય બળવા લાગશે ? તે પછી છેવટે લાચાર બનીને તેણી મારા પગે પડશે! પછી તે છે ને હું છું. જોઇ લેવાશે !"

કવિરાજની આ યુકતી સાંભળી હરનારાયણ મોટેથી હસી પડયો. તે બોલ્યો—"વાહ ! ભાઇ વાહ ! યુકતી, તો બહુજ ખુબીદાર શોધી કાઢી ! ગમે તેમ તો પણ કવિરાજ આ તમારા પ્લોટ ઉપરથી તો એક હાસ્યરસ પ્રાધાન્ય અચ્છું નાટક લખી શકાશે. પણ શું કરૂં ? મારો મગજ રહ્યો શૂન્ય સરખો લોફ્ડ ! તારા સરખો શીઘ્ર કાવ્ય શક્તીવાળો નહી તો નહીતર આ નાટક ઉપર બધી નાટક કંપનીના માલેકો અને પ્રેક્ષકોને ફીદા ફીદા કરી છોડત પણ ભાઇ ! મારે કહેવું પડે છે કે તું અલ્લડ છો જેથી આવી ભાંજગડમાં ન ઉતરીશ તો સારૂં. આ આ તારી યુક્તીથી કોઇ પ્રસંગે કાંઇને કાંઇ થઇ પડવાનું. આપણી સ્રીયો સઘળી ઠઠા-બધી જાતની મશ્કરીયો સહન કરશે. પણ શોકયનું સાલ જાણ્યા બરાબર તે આત્મઘાતજ કરવાની 'શોકય સાલ નકી મરણ છે સ્રીયોનું'—' એ તને યાદ છે? માટે મારૂં કહેવું માન મારાં ભાભીશ્રીની એવી મશ્કરી નહી કરતો નહીતર જરૂર કોઇવાર તું બૈરી ખોઇ બેસવાનોહો."

આ પ્રણય પત્રિકાની યુકતીની યોજનાઓનો નિશ્ચય ફેરવવા માટે હરનારાયણે નવલચંદ્રને બહુ બહુ સમજાવ્યો, પરંતુ વ્યર્થ. ભિષ્મપિતા પ્રમાણે નવલચંદ્રની પ્રતિજ્ઞા દૃઢજ હતી.

તે દિવસે રાત્રે હરનારાયણે આ હાસ્ય જનક કિસ્સો તેણે બધો પોતાની વહુ રમણુગૌરી આગળ કહ્યો. રમણુગૌરી બોલી —"આતે નવલચંદ્ર ભાઇની કેવી હઠ? બાકી એમ તો જરૂર-કે પુરૂષોનાં મનજ દયાવગરના અને કઠોર હોય છે! આપની પ્રીતિના એક બોલ માટે અમો સ્રીઓ અમારો પ્રાણ પણ અર્પણ કરી દઇએ –છતાં તમો પુરૂષો અમો સ્રીઓને તમારાં રમકડાં સમજીને અમારી સાથે આવાં પ્રાણ ઘાતક વર્તન ચલાવો. "

"નહી. નહી, તું એમ સઘળાંનેજ દોષ ન દેતી, બધા કાંઇ તેવા નથી હોતા. નવલચંદ્ર શું? એક ચોખ્ખો દેખીતોજ નાટકીયો–અલ્લડ–તેના બોલવા ઉપર શું કોઇ વિશ્વાસ રાખતું હશે ?

(૫)

બાળુના લગ્નની ધામધૂમ આટોપ્યા પછી એકવાર હરનારાયણ અને રમણુગૌરી બન્ને નવરાશના વખતમાં વાતો કરતાં બેઠાં હતાં રમણુગૌરી બોલી—હા ઠીક સાંભર્યું નવલચંદ્રભાઇના પેલા ખોટા બનાવટી કાગળનું શું થયું પછી ? તે પત્ર પછી કુસુમગૌરીના હાથમાં ગયો ખરો કે ? "

હરનારાયણ હસીને બોલ્યો—"અરે ! એ ગાંડાભાઇની વાત શું તું ધ્યાનમાં રાખી બેઠી છો ? તે બધું ફોગટ મોઢાનું વાચાળપણું એ હવે સઘળું એ ભુલીયે ગયો હશે પ્રેમ ઘેલો. ! ! "

" ત્યારે આપ તેમને એ સંભારી આપોને જોઇએ તો ખરાં શીશી મજા થાયછે તે!"

" વાહરેવા ! ફોગટની મજા જોવામાં તમારૂં શું જાય ? પણ એ બિચારાં ધણી ધણીયાણીનું શું થાય ? તેનો કાંઇ વિચાર કર્યો ? "

" પણ તે અમે તેવા તોયે એકવાર તે વાત તેમને યાદ તો આપોજ જોઈએ તો ખરાં નવલચંદ ભાઈ વધે કે કુસુમગૌરી ડહાપણમાં વધે છે તે. "

" તેમાં જોવું શું હતું ? નવલતો બે અક્કલ છે. બિચારી કુસુમ તો કુસુમજ છે દૈવની બળવાન તે આ ભાઈ શ્રીના પનારે પડી ! "

(૬)

ઉપરોક્ત પતિ પત્નીની વાતચીતને ત્રણ દીવસ વીત્યા–ચોથે દીવસે બપોરે નવલચંદ્રની ઓરડીમાં તુરતમાંજ પ્રસીદ્ધ થયેલી" એ એમજ ચાલવાનું "એ નવી નવલકથાના પાનાં ચાળવતાં નીચેની હકીકતવાળો પત્ર કુસુમગૌરીના વાંચવામાં આવ્યો.

"વ્હાલા પ્રિય નવલ !

પ્યારા ! તમે નવલજ છો. વ્હાલા ! તે દિવસે ફરી તુરતમાંજ મળવાનું વચન આપી ગયા, તે ગયાજ. ત્યાર પછી આ રંક દાસીને આપના પવિત્ર દિદારનું દર્શનજ દુર્લભ થઇ પડયું છે. આજે ત્રણ દિવસથી આપના વિયોગને લઇ મારૂં ચિત્ત ભ્રમિત થયું છે. આપના મુખચંદ્રના દર્શન થશે. એ આશાથી હું આપની ચાતકી પ્રમાણે રાહ જોતી બેઠું છું. પણ આખર મારા કમનસીબે મારી નિરાશા થાય છે. વ્હાલા નવલ ! આપ કવિ છો. દારૂણ વિરહ એટલે શું ? તેની આપ બરાબર કલ્પના કરી શકો છો.

વ્હાલા ! આજ સુધી આ દાસી ઉપર જે આપ પ્રેમ દર્શાવ્યો તે બધો શું ઉપર ઉપરથીજ કે ? આપના પવિત્ર દર્શનનો જો આ રંક દાસીને લાભ ન થાય, તો મારા હૃદયમાં કેટલી વ્યથા થાય છે ? તેનો આપને ખ્યાલ પણ નહી આવતો હોય ! જો તે ખ્યાલ આપને આવત તો, આ આપની રંક મનુલે આપ ભેટયા વિના કદી ન રહેત. અરર ! શું કરૂં ? મને નિર્દય બ્રહ્મદેવે પાંખ આપી નથી, નહીતર જરૂર આકાશમાં ઉડીને આપને ભેટત. પણ મને એક શંકા જાય છે કે આપણી આ પ્રીતીની હકીકત કદાચ કુસુમના જાણવામાં આવી હશે ? અને તેથી આપનો આ તરફ આવવાનો માર્ગ તેણીયે બંધ કર્યો હશે. કેમકે તેમ કરવાનો તેણીને હક છે. મારૂં તો શું ?

પણ પ્રાણેશ ! ગમે તે થાય તે દુષ્ટાને આપણી ખાનગી વાતચીત જાણવામાં આવી હોય તોપણ આજે આપ અહીં પધારીને ભલે એક ઘડીજ, પણ મને દર્શનનો લાભ આપશોજ. નહીતર પછી તીવ્ર ઝેરની જ્વાલાથી મારા હૃદયની વિરહ જ્વાલાઓને શમાવીશ, એ ચોક્સ જાણશો. પછી આપને જણાવ્યા વિના આપની દાસીયે આત્મહત્યા કરી એવો દોષ માત્ર દેશો નહી. એ પ્રથમથી લખી જણાવું છું.

શું કરૂં ? વ્હાલા નવલ ! તમારી રમ્ય મનોહર મૂર્તી મારી નજર આગળ રમ્યા કરે છે. તેથી મરણ વ્હાલું લાગતું નથી. નહીતર આ બેચાર દિવસના વિયોગમાં હું શા માટે જીવતજ ? આપની અસંત રાહ જોઉં છું. પધારો પ્રાણ પધારો દર્શનની પ્યાસી આતુર છું.

લી. આપની નમ્ર દાસી પ્રેમી

" કમળ. "

કુસુમગૌરીએ આ પત્ર એકવાર-બીજીવાર અને ત્રીજીવાર પણ વાંચ્યો એટલામાં નવલચંદ્રના પગલાંનો ધ્વની તેણીને સંભળાયો. એટલે તેણીયે તે પત્ર પાછો જેમનો તેમ ચોપડીમાં મૂકી દીધો.

ઓરડીમાં આવી કુસુમ તરફ જોયું નજોયું કરી, તે પોતાના ખીટીપરના કોટના ખીસા ટેબલ પરનાં પુસ્તકો-અને ટેબલના ખાના- ઉતાવળે ઉતાવળે શોધવા લાગ્યા. જાણે કે કોઇ મહત્વની વસ્તુને શોધતા હોય, એમ તેના ચ્હેરા ઉપરથી અને વર્તન ઉપરથી દેખાતું હતું.

કુસુમગૌરીથી હવે મૌન ધારણ કરી રહેવાયું નહી. તે જરા ચીડીયા સ્વરે બોલી-"શા-ની આટલી બધી શોધ ખોળ ચાલે છે? "

જેટલી આશ્ચર્યચકિતના બતાવી શકાય, તેટલી દિલગીરી યુક્ત બતાવી અસ્પષ્ટ શબ્દ વડે નવલચંદ્ર બોલ્યા-"ના કાંઇ નહી, તે એક હતું એવુંજ કાંઇ-"

કુસુમગૌરીએ નવલચંદ્રના ખભાપર હાથ મુકી વીનવતાં પૂછ્યું-"પણ શું તે મને સમજાવીને કહોને? કેમ નથી કહેવુંને? ઠીક ત્યારે-"

નવલચંદ્ર કંટાળી ગયા માફક ચેહેરો કરી બોલ્યા-" શું આ પંચાત? બહુજ પડપુછ! હું એક પત્ર શોધું છું પત્ર-સમજી! "

" શું એ એટલો બધો મુદ્દાનો અને કીંમતી પત્ર છે એમ ! "

" હા. હા. તે એટલો બધો મુદ્દાનો અને કીંમતી પત્ર છે ત્યારેજ તો એટલી બધી તેના માટે મહેનત કરી શોધ કરૂં છું તે ! "

" આતો નહી કે તે આપનો પત્ર ? " એમ કહી કુસુમગૌરીએ પોતાના છેડાનીચે છુપાવેલ ચોપડીમાં ' કમળ 'નો લખેલ પત્ર નવલચંદ્રને આપતાં કહ્યું.

તેણીના હાથમાંથી કાગળ એકદમ ખેંચી લઇ, નવલચંદ્ર ગભરાયા માફક ચહેરો કરી કહ્યું-" હા. હા. તેજ આ પત્ર તેજ. પણ તે વાંચ્યું તો નથી ને તે ? "

કુસુમગૌરી કાંઇ પણ પ્રત્યુત્તર નહી આપતાં ઓરડીના એક ખુણામાં રીસાઇને ઉભી રહી તેની પાસે જઇ કવિરાજે તેણીનો હાથ પકડી કહ્યું—" કુસુમ ? "

" રાખો. એતો જણાયું બધું ! કુસુમ ઉપરના પ્રેમ પુરથી તણાઇ જવાઇ છે તે ! " આટલું બોલી નવલચંદ્રનો હાથ ઝુંટાવી કુસુમગૌરી ત્યાંથી એકદમ ચાલી ગઇ.

ઉપરની બાબત બનતી હતી ત્યારે આપણા કવિરાજ અંતરમાં તો ખુશી થતા હતા. કુસુમગૌરી ત્યાંથી ચાલી ગયા પછી અત્યાર સુધી દાબી રાખેલ હસવું એકદમ છુટી પડયું પોતાની ધારણા પ્રમાણે બધું બરાબર થતું જોઇ, હવે કુસુમ પોતાપાસે માફી માગશે, પોતે તેણીને ક્ષમા નહી આપતાં ખૂબ શીક્ષા આપીશું, આવી અનેક કલ્પનાઓ મનમાં આણી તે આનંદથી તલ્લીન બન્યા હતા.

(૭)

' **વસંત પ્રભા** 'ના દિવાળીના અંકમાં પ્રસિદ્ધ થવાની પોતાની કવિતાના પ્રુફ તપાસવા માટે નવલચંદ્ર ઓસરીમાં હીંડોળા ખાટ ઉપર બેસતા હતા, એટલામાં રતનબાઇએ એકદમ

દોડતી આવી ગભરાતાં ગભરાતાં રડી પડીને કહ્યું–"શેઠ સાહેબ ! હવે શું કરૂં ? હાય ! "

કવિરાજની બીતીથી બેવડી વળી ગઇ. તે અચકાતાં બોલ્યા–"અલી ! ચામુંડા ! ભુતડી ! પણ કહે તો ખરી. શું થયું ? આટલી ગભરાય છે કેમ ?"

"બા સાહેબને કાંઇક થઈ ગયું. આંખો તારવે છે અને હાથ પગ પછાડે છે. ચાલોને સાહેબ. જરા જુઓ તો ! ગમે તે કરો પણ બાસાહેબને બચાવો. ઓછામાં પુરૂં માશીબા પણ ઘેર નથી હાય !" આટલું બોલી તે તુરત દાદરો ચડી ઉપર ગઇ.

કંપતા પગલે કવિરાજ ઉપર ગયા. જુએ છે તો ત્યાં કુસુમગૌરી અવ્યવસ્થિત દશામાં સેતરંજી ઉપર પડી હતી. તેણીના માથાના વાળ વિખરાઇ ગયા હતા. આંખો મીચેલી હોઇને ચહેરો ફીક્કો દેખાતો હતો. આવી રીતે તેણીની થએલ સ્થિતી જોઇ કવિરાજ બિચારા બહુજ ગભરાયા. તે કુસુમગૌરી પાસે જઇ તેણીના શરીર ઉપર હાથ ફેરવી બોલ્યા–"કુસુમ !"

કુસુમગૌરીયે ઘણી મહેનતે આંખ ઉઘાડી એટલે પ્રેમથી તેણીના કાનમાં કવિરાજે કહ્યું. "વ્હાલી કુસુમ ! તું આજે આમ કેમ કરે છે ? તને શું થાય છે ?"

શ્વાસોશ્વાસ લેતાં રતનબાઇ રડતાં રડતાં બોલી–"બહુજ ખોટું થયું. બાસાહેબે કોઇને પણ ખબર ન પડે તેમ ઘડી પહેલાં ઝેર પીધું. અરર ! મારા માયાળુ બાસાહેબ શું અમને છોડી જશે ? હાય ! તેતો આ જગતને છોડી ચાલ્યાં–હાય !"

આ શબ્દો સાંભળતાંજ નવલચંદ્ર એકદમ ઉઠીને ઉભો થયો. આ વખતે તેમની બહુજ દયાજનક સ્થિતી થઇ હતી. "શું કહે છે ? ઝેર પીધું ?" આટલું બોલતાંજ તુરત તેમણે પોતાના મિત્ર ડોકટર મંચ્છારામને ચીઠી લખી કે "આ પત્ર વાંચી તુરતાતુરત અત્રે આવજો. ઘરમાં તબીયત બહુજ બગડી છે." એ ચીઠી પોતાના નોકરને આપતાં કહ્યું. "શંભુ ! જા. દોડતો દોડતો જઇ ડોકટર સાહેબને સાથે તેડીને આવજે. ગાડી જોડી લેતો જા-જા."

પાછા ઓરડીમાં આવી દયાજનક અંતઃકરણથી, મરણપ્રાય થએલ પોતાની પત્ની પાસે આવી તેણીનું મસ્તક ખોળામાં લઇ તેણીના મોઢા તરફ જોઇ કહ્યું—"કુસુમ !"
કુસુમગૌરીનો ચહેરો વધારેને વધારે ફિક્કો થતો ચાલેલો તેમને જણાયો.

અરધી આંખો ઉઘાડી ક્ષિણ સ્વરે કુસુમગૌરીએ કહ્યું–આપે મને બોલાવી કે ? શા માટે સાદ કર્યો ? "

" કુસુમ ! તું આ શું કરી બેઠી ? આ નિર્દય–અધમ પાપીના અપરાધ માટે તને આવી કડક શિક્ષા કરવાનું તને કેમ યોગ્ય લાગ્યું ? વ્હાલી–' કવિરાજ આગળ બોલી ન શકયા.

અહાહા ! બચવામાં સુખ છે એવું હવે મને સમજાય છે. પણ તે હવે શા કામનું ? મને તે બધું—"

કંપીત સ્વરે નવલચંદ્રે કહ્યું–"શું કહેછ તું કુસુમ ? ડર નહી. હમણા ડોકટર આવશે." આટલું બોલતાં તેની આંખમાંથી અશ્રુ બિંદુ ટપકતાં કુસુમના ગાલપર પડયાં.

કુસુમ રૂંધાતા કંઠવડે બોલી–" હવે હું શાની આમાંથી બચું ? પણ વ્હાલા ! આપ આમ રડો નહી. મારાથી એક રતી પણ આપે સુખ જોયું નથી. તે માટે મને અત્યારે બહુ લાગી આવે છે. તે માટે હું આપની પાસે ક્ષમા માગું છું. વ્હાલા કેમ માફી આપશો ને ? "

પોતાની પ્રેમી પત્ની તરફ એકાગ્ર દષ્ટિથી જોઇ નવલચંદ્ર બોલ્યા–" કુસુમ ! હુંજ અધમ ચંડાળ છું. તેથી મારેજ તારા સરખી સાધવી દેવીની ક્ષમા માંગવી જોઇએ. તારાથી મને સ્વર્ગના સુખનો લાભ થયો હતો. પણ તેનો મેં અજ્ઞાન અને અહંકારથી મારા પોતાના હાથેજ નાશ કરી લીધો ! કુસુમ ! મારો તારાપર કેટલો બધો પ્રેમ છે ? તેની તને સ્વપ્નેએ કલ્પના નહી હોય !"

કુસુમ ક્ષીણતા પામેલા સ્વરથી બોલી—" મારાપર આપનો પ્રેમ ? નહી નહી જેણીની પ્રાપ્તીથી આપની સ્વર્ગસમાન સુખી સ્થીતી બની હતી–બની છે તેણીના પર આપનો–"

કવિરાજ રડતાં રડતાં બોલ્યા–" નબોલ- નબોલ- કુસુમ ક્ષમાકર–મારા નિર્દયી પણા માટે મને ક્ષમાકર–તે બધું ખોટું હતું–ને પત્ર મેં તારી પરીક્ષા લેવા સારૂ મારા ડાબા હાથથી મને પોતાનેજ લખ્યો હતો. અને એ ખરી વાત એક હરનારાયણજ જાણે છે. અરર! પણ કેવું અવિચારી પગલું હું ભરી બેઠો ? "

" ના વ્હાલા–આમ પાછળથી પસ્તાવું તે શું. આપ સરખા કવિરાજ વિદ્વાન પુરૂષને છાજે છે? આ એક કુસુમ જશે, તો આપને બીજી લાખ કુસુમો મળશે. "

" નહી-નહી- કુસુમ! તે લાખ કુસુમો મારી આ એક કુસુમ આગળ તુચ્છ છે

" શું આ ખરે ખરૂં આપ અંતઃકરણથી કહો છો? જો હું આ અરિષ્ટમાંથી બચું તો મારો કોઇ દિવસ અનાદર નહી કરો? "

કુસુમના મુખચંદ્ર તરફ જોઇ નવલચંદ્ર બોલ્યા–"પરમાત્માની સાક્ષીએ કહું છું કુસુમ ! જો તું મુજ અભાગીના નશીબમાં રહી તો તને મારા અંતઃકરણમાં–આ હૃદયમાં દેવી કરી પુજીશ."

" ના ના આમ કાંઇને કાંઇ શું આપ લવો છો? હું બચીશ તો આપને સુખ થશે એવું આપે કહ્યું ત્યારથી હવે બચવું એમ મારા પણ મનને યોગ્ય છે." આમ કહી કુસુમ ઉઠીને પથારીમાં બેઠી તેણીને ઉઠતાં જોઇ નવલચંદ્ર બોલ્યા–"કુસુમ! ન ઉઠ સુઇજા ઉઠવાથી તને બહુ શ્રમ થશે–"

" શાનો શ્રમ તેમાં? આપ તે કાગળ ખોટો–તદ્દન બનાવટી હોવાનું કહો છો તે ખરૂં કહો છો ને? "

" તદ્દન તે ખોટો અથથી તે ઇતિ સુધી–તારા સોગન લઇ કહું છું "

" વ્હાલા ! મને પણ માફ કરો –મેં આપને બહુ દુખાવ્યા એ ઝેર પીધાની વાત પણ અથથી ઇતિ સુધી તદ્દન ખોટીજ.

નવલચંદ્ર આશ્ચર્ય ચકિત થતાં બોલ્યા–એટલે?

કુસુમ હસતાં બોલી—એટલે શું ? જેવાને તેવું. હરનારાયણ ભાઇને ત્યાં બાળુના લગન પર હું ગઇ હતી, ત્યારે રમણગૌરીયે સઘળી વાત મને કહી. એટલે મેં પણ થોડી ઘણી મજાક કરવાનો વિચાર કર્યો. આપ કવિરાજછો એટલે આપને આ નાહકનો પ્લોટ પસંદ પડશે એમ પણ મને લાગ્યું રતન બાઇ એક આમાંની કાંઇક હકીકત જાણે છે. કેમકે તેણીને મે મારા આ વિચારમાં સામેલ કરી લીધી હતી. મેં ઝેર પીધું નથી. અને આગળ પણ કોઇ દિવસ ઝેર પીશ નહી. તે આપ ખાત્રીથી માનજો. "

ભયંકર સંકટમાંથી મુક્તતા થઇ એમ માની નિશ્વાસ મૂકી હસતાં નવલચંદ્રે કહ્યું-"એમકે? ઠીક ત્યારે તું પણ જબરી ખરી હો હું કેટલો બધો ગભરાઇ ગયો હતો ? શું કહું ?"

એટલામાં શંભુએ આવી વરધી આપી—"ડોકટર સાહેબ આવ્યા છે."

"જોયું હવે તદ્દન લાજી મરવાનો વખત આવ્યો શું કરવું ? હવે તે કહેશે શું ? મારે તેમને શું કહેવું ?" ગભરાઇને નવલચંદ્રે કહ્યું.

કુસુમ હસીને બોલી—"અં: એમાંશું ? કહીયે કે તે તો એક અમસ્તી ગમત કરી હતી. ઘણા દિવસથી તમે આવ્યા ન હતા. એટલે એ બ્હાને બોલાવ્યા. વળી તેમને આજે અમસ્તા ચાણી માટે રાત્રે અહીજ રોકવા એટલે થયું. પ્રિયવાચક ! કવિરાજ જયારે પોતાના મનમાં પોતાને કાપટય પટુ સમજીને પોતાની ખાત્રી થઇ કે-'એક ઘરમાં બે ભલાં એક કાફરને કાલી—જેવો જોગી જેસલો એવી મકવાણી માલી !'

કવિરાજે પોતાનો સ્વભાવ બદલી સરલ કર્યો અને તેથી એ દંપતીના મન પણ એકત્ર થયાં. દુનિયાની રીતીજ છે કે-"સૌ સરખાં થઇએ, તોજ ગામમાં રહીયે. ! !"

બે સખીઓ.

अति प्रेम पापशकी ॥

કવિ કાલીદાસ.

પ્રમોદા અને કૌમુદિ વચ્ચે અતિ પ્રેમ હતો પરસ્પર એક બીજાને હરનિશ જોયા વિના તેમને ચેન પડતું નહીં. તેમનો પ્રેમ સખીઓના જેટલોજ નહતો પરંતુ તેથી અધિકતર પ્રિય પ્રણયિનીનો હતો. તેઓના પત્રો, પ્રેમજપત્રો હતા. માન, અભિમાન પ્રેમ અને સહૃદયતા શિવાય તે પત્રોમાં બીજું કાંઇ પણ નહતું, તેઓ જયારે એક બીજાને મળતી ત્યારે એકાન્ત સ્થાનમાં જતી. તેમની વાતો એવા પ્રકારની થતી કે ત્રીજો કોઇ શ્રોતા ત્યાં આવી ચઢતો તો એકદમ એ વાતો બંધ પડી જતી કિંવા વિષય બદલાતો.

કૌમુદિ ઘણીવાર પોતાનો બાહુપાશ પ્રમોદાને ગળે નાંખી પોતાનું ચન્દ્રવદન તેના સરોજ વદન સરસું લઇ જઇ, પ્રશ્ન કરતી કે "વહાલી સાચું કહેજે. તું સૌથી કોને ચાહે છે ? તારા પતિને કે મને ?" પ્રમોદા હરહમેશ તેને ચુમ્બન કરી કહેતી "તને ?"

કૌમદિ ૧૭ વર્ષની એક યુવતિ છે. તેના વસ્ત્ર શ્વેત છે. તેના ગાલમાં સૌભાગ્ય ટીલડી

સુહાતી નથી. તેના બન્ને સુંદર હસ્તકમલમાં માત્ર હેમની નાની નાની બંગડીઓજ છે. સિવાય કાંઇ પણ અલંકાર નથી ! વાચક ! આપણા દેશમાં આ વેષ વિધવા શિવાય બીજા કોઇનો હોતો નથી. કૌમુદિ વિધવા છે. તે આઠ વર્ષની હતી ત્યારે તેનો સૌભાગ્યચંદ્ર સદાને માટે નષ્ટ થયો. હતો. તે પછી તે પોતાના શ્વસુરગૃહમાંજ રહેતી. તેની સાસુ તથા વડસાસુ જીવિત હતા અને પ્રમોદા પાડોશણ હતી, બન્નેનાં ઘરની અગાસીઓ અડોઅડ હતી. ઘણીવાર તેઓ, તે અગાસીઓમાં સામેસામે ઉભી રહી, વાર્તાલાપ કરતી.

એક દિન પ્રમોદા પોતાના ઘરની અગાસી ઉપર પણ ન દેખાઇ તેમ હમેંશ મુજબ કૌમુદિ પાસે પણ ન આવી. આથી કૌમુદિ ચિંતાતુર બની. પોતાના શ્વસુર ગૃહમાંની એક દાસીને પ્રમોદાને ત્યાં મોકલી. તપાસ કરાવી તો ઉત્તર આવ્યો કેઃ—"મારા પતિને કોલેજની રજામાં મારા પિતાએ ખાસ અત્રે બોલાવ્યા હતા તે આવ્યા છે તેથી તેમની સેવનામાં રોકાઇ છું." કવિ કુળગુરુ ભગવાન્ કાલીદાસ ખરૂં કહે છે કે-જ્યાં અતિ પ્રેમ થાય છે. ત્યાં ખચ્ચીત પાપશંકા પ્રવેશે છે. કૌમુદીએ વિચાર કર્યો કે તેનો પતિ આવ્યો, તેમાં મારી પાસે એક ક્ષણ પણ તે આવી શકે નહી ? નક્કી એનો મારા પ્રત્યે ચાહ નથી અથવા તો એ મારો પ્રેમ વિસરી ગઇ છે-મને ભૂલી ગઇ છે. " પતિ વિનાની આ બાળાને મન પ્રમોદા એનો પતિ, સખી કે જે કહો તે હતું. તેનો અનુરાગ એટલો બધો ઉત્કટ, દઢ અને સબળ હતો કે પ્રમોદા તરફના આજના આવેલા સંદેશાથી તે વિહ્‌વળ બની ગઈ. તેનું અન્ય કોણ હતું ? પોતાના ખંડમાં જઇ, દ્વાર વાસી, એકાન્તમાં તે ઘણું રોઇ. એ શિવાય બીજું કશું કરી શકી નહીં—કરી શકે એમ નહતું.

(૨)

એક દિન શાન્ત સન્ધ્યાકાલે, જે વખતે, મંદમંદ પવનની સુલલિત લહરીઓ વિહરી રહી હતી તે વખતે પોતાના શ્વસુર ગૃહના એક ખંડમાં બારી પાસે બેઠી બેઠી કૌમુદી નીચે- ના ગાનનું ગુંજન કરી રહી હતી.

"રૂઠા હે પ્યારા મેરા ઉસે કોઇ મનાદોરે
કોઇ મનાદોરે-ઉસે કોઇ બુલાદોરે
સખીરી કોઇ બુલાદોરે- રૂઠા૦

આ વિધવા તરૂણી જેણે પોતાનો સર્વ પ્રેમ પોતાની સખીને અર્પણ કરી દીધો હતો તે પ્રમોદાને વારંવાર " પ્રિય " અથવાતો " પ્રિયતમ " કહીને સંબોધતી હતી. ઘણી વાર તે એવા પત્રો લખતી કે જે પત્રોનો અર્થ એક સ્ત્રી પોતાના વ્હાલા પતિને લખતી હોય એવો નીકળે એ પત્રોમા પ્રેમમય ઘણાજ હૃદયગંમ શબ્દો લખવામાં આવતા અને ખરે ? કોઇ શુદ્ધ હૃદયની પત્નીએ જો તે પોતાના પરમ પ્રેમી પતિ ઉપર તે લખ્યા હોય તો તેનો પતિ પ્રસન્ન થયા વગર રહેજ નહીં.

પ્રમોદા પોતાના પિતાને ત્યાં રહેતી હોવાથી જેટલી સ્વતંત્ર હતી તેટલી કૌમુદિ નહતી. એટલે પ્રમોદા, કૌમુદીને ત્યાં ધારે એટલી વખત આવી શકે એમ હતું જ્યારે કૌમુદિ

તેમ કરે એ તેનાં સાસુસસરાને પસન્દ ન પડે એ, આપણા હિંદુઓના વિચારો મુજબ, સ્વાભાવિક હતું.

જે દિન સાયંકાળે પ્રમોદા પોતાના ખંડમાં ગણગણી રહી હતી તે દિને પ્રમોદાને તેને ત્યાં ન આવ્યાને ચાર દિન થયા હતા તેનો પતિ જેને તેના સસરાએ ખાસ પોતાને ત્યાં બોલાવ્યો હતો તે ઝાઝીવાર ગૃહમાંથી બહાર નિઃસરતો નહી તો તેથી પ્રમોદાથી કૌમુદિને ત્યાં આવી શકાતું નહતું. તો પણ તેઓ બન્ને વચ્ચે પત્ર વ્યવહારતો ચાલુ હતો. કૌમુદિ પ્રમોદાને ન આવવા માટે ચાલુ ઠપકાના વચનો લખ્યા કરતી જ્યારે પ્રમોદા વારંવાર ક્ષમા યાચતી.

આજ થોડી વાર સુધી કૌમુદીએ ગાયનથી પોતાનું દીલ બહેલાવ્યા પછી, તે પાછી કંટાળી ગઇ એક કાગળ લઇ તેણે તેમાં કાંઇક લખ્યું અને તે એક પર બીડીઆમાં મૂકી, તેની ઉપર "પ્રિયતમને પહોંચે"એ શિરોનામું કર્યું.

આ પત્ર, દાસી સાથે મોકલવાના આશયથી પોતાના ટેબલપર મૂકી. તે ખંડમાંથી બહાર નીકલી પરંન્તુ આજ તેનું ચિત્તજ એકલું અસ્વસ્થ નહતું તેના તનને પણ આજ અસ્વસ્થતા હતી. તેનું માથું કે જે સખ્ત દુઃખ્યા કરતું હતું તેમાં લેશ પણ ફેર પડયો નહતો. ઉપરાન્ત તેના હાથ પગ ચુંથાતા હતા અને શરીર ગરમ હતું આથી તે પાછી પોતાના ખંડમાં ગઇ તેને સુઇ રહેવાનું મન થયું અને સુતી. અર્ધા કલાક પછી ઘરની એક દાસીએ આવીને જોયું તો તે સુતી હતી અને તેને ઘણો તાવ આવેલો હતો. કૌમુદિના ભલા સ્વભાવથી આ દાસી જે તેની સાથે હમેંશાં માયાભર્યું વર્ત્તન રાખતી. જેણે તેને માથે હાથ મુકી કહ્યું ! કુમુદા બા, તમને શું થાયછે, બા ?" કૌમુદી સખ્ત તાવને લીધે કાંઈ બોલી શકી નહિ પછી, તે દાસીએ કૌમુદિની સાસુને ખબર આપતાં તે એકદમ ત્યાં આવી પહોંચી.

દાકતરને બોલાવવાની જરૂર ન હતી કેમકે કૌમુદનો કાકોજી એક દાકતર હતો. તેણે પણ આવીને તેને તપાસીને અને "મેલેરિયા" થયો છે એવો મત આપ્યો.

(૩)

આ ઘટના બની, તેના ત્રણ દિન પહેલાં કૌમુદિનો કાકોજી કે જે પરગામ રહેતો હતો તે પોતાના પુત્રને જનોઇ દેવા માટે આવ્યો હતો. જનોઈ એક બે દિનમાં હતી. કૌમુદિની વડ સાસુ જીવિત હતી એટલે તેના શ્વસુર અને કાકાજી હજી સંયુકત કુટુંબમાંજ રહેતા હતા. કૌમુદિના કાકાજીનું નામ ચંદ્રવદનરાય હતું પણ તેને બધા "રાયજી" કહીને બોલાવતા હતા. કૌમુદિને તાવ આવવાથી કાંઇ જનોઇ અટકવાનાં નહતાં; તેથી તેજ દિને કૌમુદિની સાસુ સગાંઓને નિમંત્રણ કરવા ગઇ હતી. રાયજી અને તેની પત્ની કમલા, કૌમુદીના ખંડમાં તેની પાસે બેઠાં હતાં કૌમુદિને ઉંઘ આવી ગયલી હોવાથી તેની કાકીજી ઓરડામાં આમતેમ ફરતી હતી. એકાએક તેના જોવામાં એક પરબીડીઉં આવ્યું જેની ઉપર "પ્રિયતમને પહોંચે" એ શબ્દો લખેલા હતા. કુતુહલની ખાતર તેણે પરબીડીઉ લીધું અને કૌમુદિએ કોઇ પરપુરૂષને લખ્યો હશે એમ તુર્તજ ધારી લીધું. કૌમુદિના ચારિત્ર માટે તેને આજ લગી ખરાબ શંકા

ન હતી કારણ એ કહ્યાગરી અને સરલ સ્વભાવની હોવાથી ઘરનાં બીજાંને જેમ પ્રિય થઇ પડી હતી તેમ આ કાકાજીને પણ પ્રિય થઇ હતી. પરંતુ આ કવરે, કાકીજીને મન કૌમુદિને દૂષણવતી બનાવી. કાકીજીના મનમાં આ કવરે એકદમ આ નિર્દોષ બાળા માટે તિરસ્કાર ઉપજાવ્યો. પોતાની ચોળીમાં એ પરબીડીકું તેણે સંતાડી દીધું અને તે વખતે બીજા કામકાજમાં પરોવાઇ.

ચંદ્રવદન અને તેની પત્ની રાત્રે જ્યારે પોતાના શયન ગૃહમાં એકલાં મળ્યાં ત્યારે કમલાએ પ્રશ્ન કર્યો:—"કૌમુદિ માટે તમારો કેવો મત છે?"

રાયજી સમજ્યો કે તેની માંદગી સંબંધી આ પ્રશ્નને પૂછાયો છે તેથી તેણે કહ્યું; તેતો એક બે દિવસમાં મટી જશે. કાંઇ ગભરાવા જેવી માંદગી નથી.

કમલાઃ-મનેતો એમ લાગે છે કે એ મરી જાય તો સારૂં થાય.

ચંદ્રવદનરાય, કૌમુદીના ગુણોનો પુજારી હતો. તે આ વાત સાંભળી ને ગુસ્સે થઇ ગયો અને બોલ્યો; મૂર્ખ એવું બોલતાં તારી જીભ કેમ કપાતી નથી? એ બિચારી આપણને શું ભારે પડે છે? હું તો કહું છું કે તેની ગંભીર માંદગી હોય તો પણ તેને બચાવવા હું મારા દરેક પ્રયત્નો કરવા બાકી રાખું નહીં.

કમલાઃ એમ! તમે તેનું આટલું બધું ઉપરાણું લ્યો છો તો લ્યો આ કાગળ વાંચો એટલે જણાશે, તમારાં ડાહ્યાં ડમકાં થઇ ફરતાં વહુજીનાં લક્ષણ!

ચંદ્રવદનરાયે તે પત્ર લીધો, તેમાં લખ્યું હતું કે:-

પ્યારા પ્રિયતમ.

તું કેવો નિર્દય બન્યો છે? વારંવાર તું મારે મોઢે કહેતો હતો તેવોજ પ્રેમ શું તું મને હાલમાં બતાવે છે? પહેલાં તેં આવવું બંધ કર્યું અને હવેતો પત્રોએ લખવા બંધ કર્યાં! ગઇ કાલના મારા પત્રનો ઉત્તર કેમ નથી આપ્યો? વ્હાલા, તને ન જોયાથી હું ગાંડી બની ગઇ છું. તું વિચાર. તારા શિવાય મારૂં કોણ છે! મને રાત દિવસ કાંઇ ચેન પડતું નથી. કાંઇ નહીં તો એક ક્ષણ પણ મને દર્શન દે. હું માની લઇશ કે તેં મને અહો રાત્ર દર્શન દીધાં. પ્રિયતમ, શું તારી આ તરૂણી પ્રાણ પ્યારી જુની પુરાણી બની એટલે તેં એનો ત્યાગ કર્યો? જો તું મને ખરેખરજ ચાહતો હોયતો આ પત્ર દેખીને જરૂર આવજે અને મારી હૃદય-વેદના દૂર કરજે.

લી- તારી આજ્ઞા ધારિણી."

પત્ર વાંચી ચંદ્રવદને કમલાને પૂછ્યું ? આ પત્ર કોણે લખ્યો છે ?

કમળાઃ—એજ તમારાં વહુજીએ જેમનાં તમે વખાણ કરો છો ?"

રાયજીઃ—જા, જા, ગાંડી એમ બનેજ નહીં !

કમળાઃ—તો તપાસ કરો કે આ અક્ષર કોના છે!

રાયજી અરરર ! એવું હોય તો બહુજ ખોટું !

કમળાઃ—હાસ્તો. ઘણુંજ શરમ ભરેલું. એવી વહુઓને ચાર લાત મારી, ઘરની બહાર કાઢી મૂકવી જોઇએ.

રાયજી:—ત્યારે હવે આપણે શું કરવું?

કમળ:—એજ કે એને કોઇ વિધવા આશ્રમમાં મોકલો.

રાયજી એમ કર્યાથી કેવું ખરાબ દેખાશે?

કમળા:-પણ એનાં પાપ ઉઘાડાં પડશે ત્યારે આબરૂ ઉપર પાણી ફરી વળશે, તેનું કેમ?

રાયજી પણ મને તો આ બાબતમાંજ હજી શંકા છે. આપણે આ કાગજ જોયો છે ને? એ ઉપરથી પાપકર્મ કરનારી તેને કેમ માની લેવાય? મતલબ કે તેઓ પાપકર્મ હવે પછી કરનાર છે. હજી સુધી કર્યું નથી.

કમળા જાઓ, જાઓ, કોઇ તમને ગાંડાં કહેશે ગાંડા! સ્ત્રી સ્વભાવ કેટલો બધો ચટપટીઓ હોય છે તે તમે શું સમજો? હું તો નક્કી માનું છું કે એ છોકરી બગડી છે. વંઠી ગઈ છે.

રાયજી:-ત્યારે એનાં શાં પગલાં લેવાં તે હું વિચારી જોઇશ!

ચંદ્રવદનરાય તે રાત્રે પથારીમાં આમથી તેમ આળોટયા કર્યું, તેને ઉંઘ આવી નહીં, અને વારંવાર આ કહેવાતી દૂષણવતી વહુ કે જે બહારથી કેટલી બધી ભલી, ડાહી અને આજ્ઞાધારિણી હતી તેનાજ વિચારો આવ્યા કર્યા. ચંદ્રવદનનો સ્વભાવ એવો હતો કે કોઇ પણ કામમાં તે એકદમ વિશ્વાસ મૂકી દે નહીં અને જો તેને કોઇ વસ્તુ ઉપર વિશ્વાસ બેસી ગયો તો તે સજ્જડ બેસી જતો. તે વિચારવા લાગ્યો, આ છોકરી શૈશવાવસ્થાથીજ વિધવા છે, આથી સંસારનાં હજારો પ્રલોભનનો અતિક્રમ કરીને બ્રહ્મચર્યવ્રત પાળવું એ કામ કે જે કાંઇ સહેલું નથી તેમાં તે પાછી પડે એ દરેક રીતે બનવાજોગ છે; વળી તે લખી વાંચી જાણે છે. સ્ત્રીઓને કેળવણી આપવાના વિચારના વિરોધીઓ કહે છે કે લખતાં વાંચતાં જાણ્યાથી સ્ત્રીઓ પ્રેમપત્રો લખતાં શીખે છે. એ ખરૂં હોકે ખોટું તે તો તેઓ જાણે પણ મારે ત્યાં તો મેં એ ખાસ અનુભવ્યું. ખરે! છોકરીઓએ હીંદુસંસારના પવિત્ર નિયમ ઉલ્લંઘન કર્યું અને મારી કીર્તિને કલંક લગાડયું. છતાં એટલું સારૂં છે કે લોકોએ હજી એ વાત જાણી નથી; પરંતુ જાણશે ત્યારે જબરો ભડકો થવો છે!"

કૌમુદિની સાસુ, કૌમુદિ ઉપર ઘણો પ્રેમ રાખતી પોતાના ગૃહને લગતા કામકાજમાંથી પરવારી તે નવરી થતી એટલે તુર્તજ માંદી કૌમુદિ પાસે આવી બેસતી; અને રાત્રે પણ તેની પાસે સુતી ચંદ્રવદન અને તેની વહુએ જાણેલી ગુપ્ત વાતથી તે અજ્ઞાત હતી. ઘરનાં બીજાં બધાં કહેતાં કે "વિધવા વહુ છે. મરીજશે તો શું મોટું દુઃખ થવાનું છે? બિચારી ઉલ્ટી હમેશ માટે હેરાન થતી બચશે" પરંતુ તેની સાસુને તે પુત્રીવતજ લાગતી હતી અને તેથી તેની ખાતર બરદાસ્તમાં ખામી આવે એ જોવા તેનું અંતર રાજી ન હતું.

એ રાત્રે ૧૨ વાગતાં કૌમુદિનું દુઃખ વધ્યું. તાવમાંથી તે લવરી ઉપર ચઢી તેના પેટમાં અતિશય દુઃખાવો થવા લાગ્યો અને તાવ ૧૦૫ ડીગ્રી સુધી ચઢી ગયો ડૉ. ચંદ્રવદનને એકદમ જગાડવામાં આવ્યો તે નિદ્રામાં નહોતો પડયો પણ વિચારોમાંજ હતો. તે કૌમુદિના ઓરડામાં ગયો પણ તેનું મન તેને સાજી કરવા કબુલ કરતુ નહતું. તેને એમજ થતું હતું કે ભલે એ બાળા આ સંસારમાંથી છુટે!

તેણે જઇને તપાસ કરી અને તે પછી ઘરમાંના સર્વને દરદીથી દુર લઇ જઇને ખબર કરી દીધી કે આપણી દવાના સખ્ત ઉપચાર હોવા છતાં કેસ ઘણો ગંભીર થઇ ગયો છે અને એકાદ કલાકમાં તેનો ફેંસલો થઇ જશે. કૌમુદિનાં સાસુ સસરાએ કોઇ વધુ હોશીયાર ડાકટરની સલાહ લેવા.અને તે વખતે થાય એટલી ફી આપવા માટે સૂચના કરી પણ રાયજીએ કહ્યું: એ દાકતર આવીને નાહક ધાંધલ કરશે. મારા કરતાં તે કાંઇ પણ વધુ કરી શકનાર નથી અને આ બિચારીનું મૃત્યુ આજ રાતમાં થશે તેમાં તે કાંઇપણ ફેર પાડી શકનાર નથી."

આથી બિચારાં સાસુ સસરો કપાળ કુટી, રહ્યાં. ચંદ્રવદનરાય વિચારમાં પડયો કે–"આ લોકો નાહક એ વહુ ઉપર શા માટે મરી ફીટતાં હશે!"

(૪)

રાત્રિના બે વાગે અઘોર અન્ધારૂં છવાઇ રહ્યું છે. ગામમાં સર્વત્ર શાન્તિ છે. કૌમુદિના શ્વસુરના ગ્રહમાં અત્યારે ગભરાટની છાયા પ્રસરેલી છે. કારણ કૌમુદિની ઘડીપળ ચાલે છે. અને તે ખુબ લવારી ઉપર ચઢી છે. તેની લવારીના અકકેક શબ્દો સાંભળી તેની સાસુ આંખમાંથી અશ્રુધાર પાડે છે. ચંદ્રવદનરાય અને કમલા ગુસ્સે થાય છે અને ઘરનાં બીજાં બધાં દિલગીર થાય છે. " પ્યારા " " વ્હાલા " " પ્રિયતમ " માં રિસાવ. જુઓ હું તમારે પગે પડું છું. મને દર્શન દો. મારી પર કૃપા કરો. " વગેરે શબ્દો તે બોલ્યા કરતી, કેટલીક વારે કૌમુદિની સાસુ રડતી હતી ત્યાંથી એકદમ ઉભી થઇ અને દાસીને પોતાની સાથે ફાનસ લઇને આવવાનું કહી, ઘરની બહાર નીકળી. ઘરનાં સર્વ, આશ્ચર્ય સાથે વિચારમાં પડયાં.

કૌમુદિની સાસુ મંદાકિની પ્રમોદાને ઘેર ગઇ અને તેની માને ખાસ કહીને, તેના પતિની સોડમાંથી તેને ઉઠાવીને પોતાને ત્યાં લઇ આવી. પોતાની વહાલી સખીની આવી પરિસ્થિતિ જોઇને પ્રમોદા રડી પડી. તેણે કૌમુદિને બોલાવી પણ તે કેવી રીતે ? " વહાલી કુમુદ, શાન્ત થા જો તારો " પ્રિયતમ " તારી પાસે હાજર છે- " એ શબ્દોએ આબાદ અસર કરી " કોણ મારો પ્રિયતમ ? મારી વહાલી સખી ? આવ, આવ, મને ભેટ અને શાંતિ આપ " કૌમુદિ, એ વખતે સર્વના આશ્ચર્ય વચ્ચે અજબ જોરથી ખાટલામાં બેઠી અને પોતાની સખીને ભેટી હા ! પણ તે પછી તુર્તજ એક ક્ષણમાં તેનો પ્રાણ કિરતાર સમક્ષ પોતાના પુન્ય પાપનો હિસાબ આપવા ઉપડી ગયો ! તાંસા બજ ગયા, રણકાર રહે ગયા ! "

કૌમુદિના મૃત્યુથી ડો. રાયજીના પુત્રનું જનોઇ બંધ રહ્યું.

કૌમુદિનાં મૃત્યુથી તેનાં સાસુ સસરો દિલગીર થયાં અને ચંદ્રવદન આભો બની ગયો કેમકે તેણે છેવટની ઘટના જોવાથી તેને શંકા ગઇ હતી કે કાંઇક કાચું કપાયું છે ! કમલા અવિચારી અને સાહસિક કમલા એજ વિચારથી ખુશ હતી કે કુલ કલંકિની મૃત્યુદશાએ પહોંચી એ ઠીકજ થયું છે.

એક દિવસ ડો. રાયજીની શંકાનો સ્ફોટ થયો અને તેજ વખતે એ ડોકટર, કૌમુદિના મૃત્યુ માટે પોકેપોક મૂકીને રડયો.

સાયંકાળનો સમય હતો, તે પોતાના ખંડમાં બેઠો બેઠો વાંચતો હતો. તેની વહુ કોઇક કામને ત્યાં મળવા ગઇ હતી, અને મંદાકિની ગૃહકાર્યમાં પરોવાયલી હતી. એકાએક મંદાકિનીને પોતાની મૃત થયલી વહુ યાદ આવી અને તે મોટે સાદે રડવા લાગી.

રાયજી તેનો રડવાનો સાદ સાંભળી એકદમ પોતાના ખંડમાંથી બહાર આવ્યો, તેણે કહ્યું. ભાભી, તે ગઇ તે તમારા :કલ્પાન્તથી પાછી આવે એમ નથી. નાહક તમારા જીવને કહાપો કરી, તમે તમારૂં શરીર બગાડશો. જે બનવાનું હતું તે બની ગયું છે. અને તે છતાં પણ ભાભી, એ બિચારી આ સંસારમાંથી છૂટી એમ કહો ને, બાકી એ જીવી હોત તો તેથી આપણને સુખવારો નહતો ! ”

મંદાકિની આ સાંભળી અજબ થઇ. તેનાથી પોતાની ડાહી મૃત વહુ માટે આવું વેણ સાંખી શકાયું નહીં. તે બોલી:–દીયરજી એમ કેમ કહો છો ? એ જીવી હોત તો આપણને શું ભારે પડી હોત ? પોતે તો બિચારી દુ:ખીજ હતી પણ તેનાથી મારા ઘરનાં તો સહુ સુખી હતાં.

ડૉકટર:–ભાભી, આજ ઘણા દિવસથી મારે તમને એક વાત પુછવાની હતી. અત્યારે જ્યારે વાત નીકળીછે ત્યારેજ કહું છું કે શું મરનારીની ચાલ ખરાબ ન હતી?

મંદાકિની:–હેં? શું બોલોછો? હું માનું નહીં. મારી એ સુલક્ષણી વહુનું નશીબ ફકત એટલુંજ વાંકું હતું કે તે વિધવા હતી. એ શિવાય એનામાં કાંઇ પણ કહેણું નહતું એની મને પક્કી ખાત્રી છે.

ચંદ્ર:—ભાભી, એનો લખેલો કાગળ બતાવું તો?

મંદા:—શું કાગળ? કોની ઉપર લખેલો?

ચંદ્ર:–અંદર કાંઇ નામ નથી પણ તે કોઇ પુરૂષ ઉપર લખેલો છે.

મંદા:–એમ? બતાવો જોઇએ.

રાયજીએ પોતાના ખંડમાં જઇને એપત્ર આણ્યો અને ઉછળતે હૈયે તે મંદાકિનીના હાથમાં આપ્યો. મંદાકિનીએ તે વાંચીને કહ્યું બસ ? આજ કાગળને ? ઓહો ! ત્યારે તો તમારો વહેમ તદ્દન ખોટો છે. મારી વહુ મારા કુળને લેશ પણ ડાઘ લગાડયા વિનાજ સ્વર્ગે સીધાવી છે. પરમાત્મા તેને મોક્ષ આપો.

ચંદ્ર:–કેમ? એમ કેમ? શું આ કાગળ એણે કોઇ પુરૂષ ઉપર નહોતો લખ્યો?

મંદા:–દીયરજી એણે આ કાગળ કોઇ ખરા પુરૂષ ઉપર નહીં પણ કલ્પિત પુરૂષ ઉપર લખ્યો હતો. એણે તે કોઇ પોતાના વહાલા ઉપર નહીં પણ વહાલી ઉપર લખ્યો હતો. ફકત સંબોધન વહાલા પ્રિયતમ એમ કર્યું હતું.

ડોકટરે આશ્ચર્યથી પૂછ્યું; એ કોની ઉપર લખ્યો હતો ?

મંદા:–આપણા પાડોશી મન્મથનાથની પુત્રી પ્રમોદા. ઉપર મરનારી બિચારીને ફકત પ્રમોદાજ સર્વસ્વ હતું. એ બે જણીઓ આ દુનિયામાં ખરેખરા શુદ્ધ સ્નેહથી જોડાયલી હતી એ બે જણીઓ આનંદની ખાતર પતિપત્ની તરીકે પત્રો લખતી હતી. કૌમુદિ ઉપર પ્રમોદાના

પત્રો પતિરૂપે આવતા અને પ્રમોદા ઉપર કૌમુદિના પત્નીરૂપે જતા અમે બાઇએ, એ વાત જાણતા હતા. એ બાબત નિર્દોષ હતી એટલે અમે " આંખ આડા કાન " કર્યા હતા. તમે કેમ ભુલી ગયા ? છેક છેલ્લી ઘડીએ કૌમુદિને પ્રમોદાએ કહ્યું કે હું તારો " પ્રિયતમ " છું ત્યારે તે કેટલી બધી ખુશી થઇ હતી અને એ ખુશાલીમાં તે બિચારી મરણ પામી હતી!

ચંદ્ર:–એમ ! એ વખત હું તો એમ સમજ્યો કે તેને ભાન નથી અને " પ્રિયતમ " " પ્રિયતમ " લવે છે તો કાંઇક તેને રાહત મળે તે માટે તમે " પ્રિયતમ " શબ્દ કહેવરાવ્યો હતો.

મંદા:–ના. એવું નહતું.

ડૉકટરનું મુખમંડળ એ વખતે ફિક્કું પડી ગયું. તે વખતે સાયંકાળનું અંધારૂં હતું, એટલે મંદાકિના લક્ષમાં એ ના આવ્યું પરંતુ, એ વખતથીજ ચંદ્રવદન ઘણાજ ગાઢ અને ઉદ્વેગપૂર્ણ વિચારોમાં ગુંચાઇ ગયો. મંદાકિનીએ પુછ્યું, કેમ શાન્ત પડી ગયા ?

ચંદ્ર:–મને અફસોસ એટલોજ થાય છે કે આ બાબત હું પહેલાંથી જાણતો હોત તો બહુ સારૂં થાત.

મંદા: એમ કેમ! શું તમે જાણત તેથી એનો જીવ બચત? અમે તે જાણતાં હતાં તોયે તેનો જીવ કેમ નબચ્યો?

ચંદ્રવદન ચૂપ રહ્યો. પોતાનું હૃદય વધારે ખોલીને પોતાને મૂર્ખો અને ફિટકારને પાત્ર ઠરાવવો તેણે વાજબી નધાર્યો; કારણ મંદાકિની કે જે ઘણી લાગણી વાળી સ્ત્રી હતી તે જો જાણે કે રાયજીએ ઉપચાર કરવામાં જાણી જોઇને પાછી પાની કરી હતી તો ચંદ્રવદનસમને ભોંય ભારે પડયા વિના રહે નહીં! આથી થોડીવાર પછી તેણે ઉત્તર આપ્યો; ના, ના, એમ નહીં, હું એ વાત પહેલાંથી જાણતો હોત તો બિચારી ઉપર વધારે વહાલ કરત બાકી જેના દિવસો પુરા થઇ ચૂકયા હોય છે તેને કોટી ઉપાયે પણ કોણ બચાવી શકે છે! પ્રારબ્ધના લેખ પ્રમાણે, માણસના મરણકાળ માટે જે ઘડી નિર્માણ થઇ હોય છે તે તો બાબી, હું, તમે કે બ્રહ્મા પણ મિથ્યા કરી શકતાં નથી.

મંદાકિની ચતુર સ્ત્રી હતી. તેને રાયજી માટે વેહેમ ગયો અને તેજ ઘડીથી તેણીના મનમાંથી રાયજી ઘણોજ ઉતરી ગયો!

બિચારો ડાકટર! પોતાના ખંડમાં જઇ કૌમુદી માટે–એવી શુદ્ધ બાળા માટે–જાર જાર આંસુ પાડી રડવા લાગ્યો; પોતાની શંકાશીળ સ્ત્રીને તે ફિટકાર આપવા લાગ્યો એટલુંજ નહીં પણ પોતાના સંકુચિત અને નબળા મન માટે કલ્પાંત કરવા લાગ્યો પરંતુ આખરે એ નકામું હતું! પહેલાં તેણે ધાર્યું હોત તો આ કેસ તે બચાવી શકત પણ હા! હવે તો તેના મનમાં ચોકકસ ઠસી ગયું કે તે પોતે એક અનાથ વિધવા અને તે પણ સુકુમાર બાળાનું ખુન કરનાર નિર્દય અને દુર્ભાગી પુરૂષ હતો!

ભેરવીની ભુલવણી.

પંડીત સાહેબને ત્યાં લગ્ન પ્રસંગની આજે જબરી ધમાલ અને બડી ધામધૂમ ચાલી રહી હતી. તેમની એકની એક પુત્રની તુલ્ય પ્રિય કન્યા શાંતાબાઈના લગ્ન હોવાથી આનંદમાં અને ખર્ચમાં શાની ન્યૂનતા હોય ? તેમના બાળસ્નેહી ભાઉ સાહેબ બર્વે ખાસ લગ્ન પ્રસંગે પંડીત સાહેબના નિમંત્રણથી આવ્યા હતા. બર્વે સાહેબ અને પંડીત સાહેબ મુળ એકજ ગામના રહેવાશી. પણ જ્યારે પંડીત સાહેબ વકીલાતમાં આગળ વધ્યા, ત્યારે બર્વે સાહેબ બ્રીટીશ નોકરીમાં જોડાયા. એટલે પંડીત સાહેબે એકજ નિવાસસ્થાન રાખ્યું. અને બર્વે સાહેબને નોકરીના અંગે મુંબઈ ઇલાકામાં ઘણા શહેરોમાં ફરવાનો પ્રસંગ આવેલો. પંડીત સાહેબ તરફથી આગ્રહ પૂર્વક લગ્નનું ખાસ નિમંત્રણ આવવાથી તે પોતાના કુટુંબ સાથે આવ્યા હતા. તેમનો ભત્રીજો ચંદ્રકાંત મુંબઈમાં મોટી કોલેજમાં અભ્યાસ કરતો હતો તેને પણ ઉનાળાની રજા પડવાથી તે સાથેજ આવ્યો હતો. જો કે તેને હજુ અભ્યાસ ઘણો કરવાનો બાકી હતો, પણ શાંતા બહેન અને પોતે બચપણમાં સાથે રમેલાં જમેલાં એટલે ખાસ ચંદ્રકાંત પોતાના અભ્યાસના થોડાં ઘણાં પુસ્તકો સાથે લઈ આવ્યો હતો.

ચંદ્રકાંત બહુજ તીવ્ર બુદ્ધીનો ખરો. પણ યુનિવ્હર્સીટીની પરીક્ષામાં તેની જોઈએ તેવી બુદ્ધી કામ કરતી નહતી. ગયા વરસે તેણે પ્રીવ્હીયસની પરીક્ષા પસાર કરી હતી. પણ પુરવણી પરીક્ષામાં તે સાધારણ બુદ્ધીના સ્કોલરો સેકંડ ગ્રેડમાં પાસ થાય છે, ત્યારે ચંદ્રકાંત આટલો બધો હુંશીયાર-કુશાગ્ર બુદ્ધીનો હોવા છતાં પાસવર્ગમાં દાખલ થવા જેટલાએ માર્કસ તેણે ન મેળવેલા જોઈ ઘણાને આશ્ચર્ય લાગ્યું. પણ બર્વે સાહેબ અને તેમના ખાસ મિત્રોને તેના કારણની માહિતી હતી. એટલે અને ચંદ્રકાંતે ઉંચે નંબરે આવે, એમ પ્રયાસ કીધો નહતો તેમ તેની આશા પણ રાખી નહતી.

ચંદ્રકાંતને વાંચનનો બહુજ શોખ હતો. બર્વે સાહેબની લાયબ્રેરીમાંના ઈંગ્લીશ પુસ્તકો વાંચવાની તો તેણે દસ વરસની તેની ઉમર થાય ત્યારથીજ શરૂઆત કીધી હતી. પ્રીવીયસની પરીક્ષા નજીક આવવા લાગી અને આપણા રાજેશ્રીએ ઇબ્સેનના નાટકોનું પ્રેમથી અધ્યયન ચલાવ્યું, આવી રીતે અન્ય પુસ્તકો તરફ વલણ જવાથી અભ્યાસના પુસ્તકો તરફ સ્વાભાવિકજ દુર્લક્ષ્ય થયું. અને પરીક્ષાઓનો હેતુ માત્ર જ્ઞાન પ્રાપ્તિનોજ છે એવી માન્યતાથી બર્વે સાહેબે તેને અટકાવ પણ કર્યો નહિ.

ચંદ્રકાંતે અભ્યાસના પુસ્તકો આણ્યાં ખરાં, પણ પોતે પંડીત સાહેબને ત્યાં આવ્યા પછી તેના એકે પૃષ્ટનું દર્શન સરખું પણ તેણે કર્યું નહતું; પંડીત સાહેબને ત્યાંના લગ્ન, અને તેમાં વળી શાંતા બ્હેનના ! એટલે ચંદ્રકાંતભાઇને ફુરસદજ શાની મળે ?

આખરે લગ્નની ધામધૂમ પૂર્ણ થઇ. અને જાને ત્રિદાયગીરી લીધી.

(૨)

સવારના પાંચ બજવાનો વખત ચંદ્રકાંત મેડીપરની પોતાની ઓરડીમાં ' લૉજીક ' તર્કશાસ્ત્ર વાંચતો બેઠો હતો લૉજીક એ તેની પ્રીતીનો વિષય હતો. કૉલેજને રામરામ કર્યા પછી આજે તેણે પ્રથમજ પુસ્તક ઉઘાડયું હતું. પ્રિય વિષયથી શરૂઆત અભ્યાસની થાય એટલે બીજા સઘળા અભ્યાસ ઉપર ચીત ચોંટે એવી તેની માન્યતા હતી. એટલે તેણે તર્કશાસ્ત્ર વાંચવા લીધું. ચંદ્રકાંત તેમાં ઘણીવાર સુધી તલ્લીન બન્યો હતો. કેટલીકવારે પવનનો સપાટો આવવાથી મીણબત્તી ઓલવાઇ ગઇ એટલે તે પ્રગટાવવા માટે ચંદ્રકાંત ઉઠયો. પણ બાકસ તેને જડતું નહતું. જેથી તેને ટેબલ પાસેની બારી ઉઘાડી એટલામાં બહારથી એકદમ મધુરો ધ્વની તેને સંભળાયો. આટલું વહેલું કોણ ગાતું હશે ? એ વિચારમાં તેણે બહાર ડોકીયું કાઢયું. અને તેમાં તે તલ્લીન બનીને સાંભળતો રહ્યો

રસ્તે સર્વત્ર શાંતતા હતી. આ મીઠો-સંગીતનો ધ્વની આવે છે કયાંથી ? એજ ચંદ્રકાંત નકી કરી શકતો નહતો ધીરે ધીરે તાનપલટા ઉંચા સપ્તકમાં પડવા લાગ્યા, અને તેની ગતી પણ કંપને લીધે વધારે ચિત્તાકર્ષક થવા લાગી. ચંદ્રકાંતે ચસમા સાફ કરી ફરી ચોમેર દષ્ટી કરી. ત્યાં શુ આશ્ચર્ય ? સામેજ પંડીત સાહેબની અગાસીમાં એક ચૌદ પંદર વર્ષની બાલિકા ગાયનમાં તલ્લીન બનેલી તેના જોવામાં આવી. ધીમા ચંદ્રપ્રકાશમાં તેણીનું સ્વરૂપ ચંદ્રકાંતને સ્પષ્ટ દેખાયું નહી. પણ કાનને મીઠા લાગનારા તેણીના સંગીતાલાપથી તેણીના સૌંદર્યની કલ્પના કોઇને પણ સહેજે કરતાં આવડત !

બાલિકા પોતાના સંગીતમાં એકલીન બની હતી. નહીતર સામેજ બારીમાં પોતા તરફ અનિમીષ દષ્ટીવડે જોતા રહેલા ચંદ્રકાંત તરફ તેણીનું ધ્યાન ગયા વીના કદી રહેત નહી. બાલિકાયે સુંદર પ્રભાત સમયને અનુકુલ એવી ભેરવી આરંભી હતી-

શું...? સુંદર બાલ રવિ આ ખિલતો !
નિશા સરીને દિન-મણી પ્રગટયા,
દ્વિજ ગણ મોદે ભરતો—સુંદર૦
નિશા દેવિના દુઃખ વિયોગે,
મ્લાનવદન શશિ કરતો—સુંદર૦
પ્રેમબદ્ધ અલિ મુક્ત કમલથી,
થઇને વિશ્વ વિચરતો—સુંદર૦
ભાનુ વિકાસી કમલો ખિલતાં,
પરિમલ ગંધ પ્રસરતો—સુંદર૦
કલરવ મીઠો કાંતા કેરો,
કાંત હૃદયને હરતો—સુંદર૦

ચંદ્રકાંતે આજ સુધી ઘણા ગવૈયાઓના ગાયનો સાંભળ્યાં હતાં, પણ આજના સંગીતમાં ચંદ્રકાંતની મનોવૃત્તિને જાગ્રત કરવાની જે જાદુ સમાઇ હતી તે અદ્વિતીયજ હતી. આજ દિવસ સુધી તેનો તેને કોઇ દિવસ પણ અનુભવ મળ્યો નહતો.

ધીરે ધીરે અરૂણોદય થયો. ચંદ્રકાંતનું ચિત્ત તે બાલિકા તરફ બહુજ આકર્ષાયું હતું. પણ થોડાજ વખતમાં તે મનહર બાલિકા ગાતી ત્યાંથી ચાલી ગઈ. ચંદ્રકાંત માત્ર હતો ત્યાંજ ઉભો હતો. તેનું ધ્યાન હવે તે અગાસી તરફ નહતું. કેમકે હવે ત્યાં લક્ષ્ય ખેંચવા સરખું કાંઇ નહતું. પણ ચંદ્રકાંતની કલ્પના સૃષ્ટીમાંની સુંદર આકૃતી તેની દૃષ્ટી આગળ હજુ જેમની તેમ ખડી હતી. તેણીની મુખાકૃતી આ વખતે ચંદ્રકાંતને વધારે મોહક દેખાતી હતી. ચંદ્રકાત પ્રેમ-ઘેલછામાં આવી રીતે કેટલીયે વાર સુધી ઉભો હતો !

આખરે બારીમાંથી સ્વચ્છ સૂર્યપ્રકાશ અંદર આવ્યો, ત્યારે તે એકદમ ચમક્યો અને ઉભેલ જગ્યાએથી ખસ્યો તર્કશાસ્ત્રનું પુસ્તક ટેબલપર ઉઘાડું પડયું હતું તે બંધ કરીને તે નીચે ગયો. બર્વે સાહેબને આજે ઉઠવાને જરા અસુર થયું હતું. એટલે ચાહ પણ તૈયાર નહતો. એટલે અમસ્તા બેસી રહેવા કરતાં પંડીત સાહેબને ત્યાં એક લટાર મારી આવવાનો તેણે વિચાર કર્યો.

પંડીત સાહેબ વિવાહ ખર્ચનો આંકડો કરતા મોદી સાથે બહારના પરસાળના ભાગમાં બેઠા હતા. જમાઇ રાજ હજુ મેડીપર ઉંઘતા પડયા હતા. કેમકે પંડિત સાહેબ એક માસ માટે તેમને ખાસ રોકયા હતા. ચંદ્રકાંત પંડિત સાહેબ પાસેજ એક ખુરસી ઉપર બેઠો. અને ગુજરાત ટાઇમ્સનો તાજો અંક પડયો હતો. તે લઇ વાંચવા લાગ્યા. વાંચવા લાગ્યા એમ કહેવા કરતાં તે માંહેના અક્ષરો પરથી પોતાની નજર ફેરવવા લાગ્યા એમ કહેવું વધારે ઠીક છે. તેની દ્રષ્ટી જે અક્ષરો પરથી ફરતી હતી. તે અક્ષરો વાંચવાની તેણે પુષ્કળ મહેનત કરી પણ વ્યર્થ! તેના નેત્ર તેની મરજી વિરૂદ્ધ આમ તેમ ચોરીને જોવા લાગતા, એક વાર હીંમત કરી મેડીપર જઇ આવવું એમ તેના મનમાં ઘણી વાર આવી ગયું, પણ શાથી તે કોણ જાણે? તેમ કરવા તેને હીંમત ચાલતી નહતી, શાંતાબ્હેન તરફથી ચંદ્રકાંતની જીજ્ઞાસા પુર્ણ થવાની વકી હતી, પણ આ વખતે તેણીનો મેળાપ થવો એ શકય ન હતું. પંડીત સાહેબને પુછી જોઉતો! છટ્-એવિચારજ અયોગ્ય-'

ઉપરોકત ટાઇમ્સના પાનાં ફેરવતાં મનની ચલવિચલ થતી સ્થિતી દાબી રાખવાનો પ્રયત્ન ચંદ્રકાંતે ચલાવ્યો હતો, એટલામાં દરવાજા આગળ એક સિગરામ આવી ઉભો રહ્યો.

" પરોણા મંડળમાંથી શું આજે કોઇ જનાર છે; " ચંદ્રકાંતે પુછ્યું.

" મને ખબર નથી ભાઇ-" આટલું બોલતાં પંડિત સાહેબ તપાસ કરવા ઉઠવા લાગ્યા, ત્યાં એક આધેડ માણસ પોતાના સામાન સાથે નીચે ઉતરી આવ્યો. તેની સાથે બે છોકરાં હતાં તેમના હાથમાં ધાધરી પહેરાવેલ તંબુરો અને પીયાનો હતા. બધાની પાછળથી હાથમાં ડબો લઇ એક બાલિકા ઉતરી.

તેમને નીચે આવેલ જોઇ પંડીત સાહેબે ઉભા થઇ પુછ્યું-" કેમ ઉસ્તાદજી? આજેજ નીકળ્યા શું? આટલી બધી ઉતાવળ શાની? આટલામાં અમારો કંટાળો આવી ગયો કે શું? "

"હાજી ! એમ કેમ ?" તેણે કહયું-"આપના સાહિત્ય પ્રેમનો સહવાસ તો અમને ભાગ્યેજ મળે ? વધારે બે દિવસ હું અહીં ખુશીથી રહેત, પણ મારે વડોદરે જવું છે. અને ત્યાં હજી બેચાર દીવસ મને રોકાણુ થશે.'

"ઠીક ત્યારે,.પધારજો." પંડિત સાહેબ બોલ્યા. "આપના સંગીતને લઇ આ લગ્ન સમારંભમાં બહુજ સારો આનંદ જામ્યો હતો હો ?"

પંડીત સાહેબ ઉઠ્યા તે વખતે ચંદ્રકાંત પણ ન્યૂસપેપર ખુરસીપર પડતું મુકી ઉઠયો. ગવૈયાજી સાથે આવેલ એ બાલિકાજ પ્રભાતમાં વહેલી અગાસીમાં ગાતી હતી, એમ તેના તુરત ખ્યાલમાં આવ્યું. ઉસ્તાદજી સાથે આપણે કાંઇ પણ બોલવું એમ ઘણું તેના મનમાં હતું. પણ શું બોલવું ? એ તેને સુઝતું નહતું. અને વિચાર કરે એટલીવારમાં તે ગાડીમાં જઇને બેસી પણ ગયા. પંડીત સાહેબ સાથે ચંદ્રકાંત પણ તેમને પહોંચાડવા દરવાજા સુધી ગયો. સિગરામ દષ્ટીથી દૂર થયો ત્યાં સુધી ચંદ્રકાંતની નજર તે તરફજ હતી. એટલામાં ભાઉસાહેબ સિગારેટ સળગાવતા ત્યાં આવી બેઠા.

ચંદ્રકાંતે ભાઉ સાહેબને પુછ્યું-"ભાઉ સાહેબ ! તમારા ગવૈયાજીને કેમ આટલામાંજ રજા આપી ? તમે છો ત્યાં સુધી તો રાખી લેવા હતા ? "

" જવાદોજી, તેમને રોકીને શુ કરવા છે ? અમારા ખાસ ઉસ્તાદજીની તબીયત જરા નરમ હતી, એટલેજ આ રાજેશ્રીને ખાસ ઇંદોરથી બોલાવ્યા હતા. પણ કેટલી બધી મીજાજી ! કહે ' આટલાજ દિવસ રહીશ. વળી રોજના ત્રીશ રૂપીયા લઇશ ' ઠીક થયું. ભાઇ, મને આવા કલમબંધી ઠરાવો કરી લેનારા બીલકુલ નથી ગમતા. પરમ દીવસે બક્ષીએ તેમને બંગલા પર જલસો થતો હતો ત્યારે કહ્યું કે-અનરે બનેસા૦ એ ચીજ ઉપાડો. તો કહે ' એ કલ્યાણ રાગ સવિતાનારાયણ અસ્તાચલ ઉપર જાય ત્યારે ગવાય. અત્યારે તો બાર બજી ગયા છે. એટલે આ વખતે તે ગવાશે નહીં. ' જુઓ ! આવી રીતે કરે એટલે આરો પૈસો કયાંથી પેદા કરે ? "

ભાઉ સાહેબના બડબડાટ તરફ ચંદ્રકાંતનું ધ્યાન નહતું. તે ત્યાંથી ઉઠી ઘેર ગયો. તે દિવસે તર્કશાસ્ત્રનું પુસ્તક ઉઘાડયું સરખું પણ નહી. સાંજે ફરવા જતી વખતે આવતી કાલે સવારના મેલમાં પોતે મુંબઇ ઉપડી જનાર હોવાનું બર્વે સાહેબને તેણે જણાવ્યું.

"ભાઇ ચંદ્રકાંત ! રજા ખલાસ થતાં સુધી અહીંયાંજ રહેને તારે અંહીની શાંતિવાળી હવામાં અભ્યાસ પણ સારો થશે. મુંબઇ આ દિવસોમાં કેટલો બધો બફારો થાય છે ?"

"એ ખરૂં પણ બધા અભ્યાસના પુસ્તકો મેં સાથે આણ્યા નથી. અને કોલેજ ઉઘડતાં પહેલાં તો બધો અભ્યાસ પુરો થવો જોઇએ."

"ભલે તેમ હોય તો શાંતા બ્હેનની રજા લઇ આવતી કાલની મેલમાં મુંબઇ જજે થયું." બર્વે સાહેબે કહ્યું.

(૩)

અહાહા ! વખત કેવો સપાટાબંધ ચાલ્યો જાય છે ? શાંતા બ્હેનના લગ્નને પાંચ વરસ વીતી ગયાં છે. ચંદ્રકાંત બી. એ, બી. એસ. સી. થઇ વર્ધમાનપુરમાંજ આવી રહ્યા. તેના

મિત્રોએ તેને આગળ વકિલાતનો અભ્યાસ કરવા ઘણું કહ્યું પણ તેણે કાંઇએ અન્ય ધંધો નહી કરતાં સમાજ સેવામાં જીવન ગાળવું, એવી બર્વે સાહેબની ઇચ્છા હોવાથી તે પોતાના કાકા પાસે આવી રહયો.

બર્વે સાહેબના વાડવડીલોએ પુષ્કળ પૈસો મેળવ્યો હતો, અને તેમણે પોતે પણ તેમાં સારો ઉમેરો કર્યો બર્વે સાહેબની ઉમર લગભગ પચાસ વ ની હતી. તોપણ શરીર સુદૃઢ હોવાથી આઠ દસ વરસ ધંધો કરીને દસ પંદર હજાર રૂપીયા વધારે ઉમેરી શકત, પણ બાકીનું આયુષ્ય દેશબંધુઓનીસેવામાં ગાળવું. અને ચંદ્રકાંતે પણ પોતાની દેખરેખ નીચે લોક હિતના કાર્યો કરવાં એવી તેમની ઇચ્છા હોવાથી તે બધો ધંધો છોડીને વર્ધમાનપુર આવી રહ્યા હતા.

બર્વે સાહેબ હાલમાં કેમ્પમાંના બંગલામાં આવી રહ્યા હતા. તે સરકારી નોકરીમાં એક કારકુનથી માંડીને મામલતદારના ઓહ્દા સુધી પહોંચ્યા હતા. તેમણે પોતાનો સીટી માંહેનો બંગલો જોશી સાહેબને રહેવા આપ્યો હતો, બર્વે અને જોશી ઘણી મુદત સુધી બન્ને સાથેજ નોકરીમાં હતા. અને બન્નેના વિચારો મળતા હોવાથી બર્વે સાહેબના આગ્રહથી તે પણ ત્યાંજ રહેવા આવેલા હતા. જોશી સાહેબની પાછળ સંસારનું મોટું લફરૂં નહતું. એક ન્હાનો બાબુ અને તેમની ભાણેજ એટલાંજ હતાં. તેમણે પેનસન લીધા પછી તેમને કાંઇ તેવું વિશેષ કામકાજ નહતું. એટલે વધારે વખત તે બર્વેસાહેબ સાથે જનસમાજના કામો વિશેની ચર્ચામાંજ કાઢતા હતા,

ચંદ્રકાંત મુંબઇથી આવ્યા પછી બીજેજ દિવસે બર્વેસાહેબ તેને જોશીને ત્યાં લઇ ગયા વિઝીટીંગ રૂમમાં તેમની ભાણેજ તેમને કેટલાક ઇંગ્લીશ લેખો વાંચી બતાવતી હતી. બર્વે સાહેબ અને ચંદ્રકાંતને આવતા જોઇ તુરત તેણી પુસ્તક નીચે મૂકીને વિનયથી ઉભી થઇ.–

" કેમ કુમુદ ! ઉભી થઇ ?" જોશી સાહેબ બોલ્યા, " તે કાંઇ પરાયા નથી. આપણા બર્વેસાહેબના ભત્રીજા જે મુંબઇથી આવનાર હતા, તેજ. તું તારે તારૂં વાંચન ચાલવા દે. આવો. બેસો ચંદ્રકાંત ! આ મારી ભાણેજ કુમુદ ગયા વર્ષેજ મેટ્રીક પાસ થઇ છે. આપે સાંભળ્યું તો હશેજ. "

" જી. હા. તેમનું નામ પેપરમાં મારા વાંચવામાં આવ્યું હતું ખરૂં. "

બર્વે સાહેબના આગ્રહથી કુમુદે આગળ વાંચવું શરૂ કર્યું. તેણીના ઇંગ્રેજી શબ્દોનો શુદ્ધ ઉચ્ચાર સાંભળી ચંદ્રકાંતને આશ્ચર્ય લાગ્યું. બર્વે સાહેબનું અને જોશી સાહેબનું ધ્યાન લેખો તરફજ હતું. પણ ચંદ્રકાંતે તો તે લેખ વાંચનાર દેવીનું સુક્ષ્મ દ્રષ્ટીથી અવલોકન શરૂ રાખ્યું હતું. લેખ વંચાઇ રહ્યા પછી ચંદ્રકાંતે પુછ્યું–" કેમ હવે કોલેજમાં આગળ જવાનો આપનો વિચાર નથી શું ?

" ના તેમ બની શકે તેમજ નથી, કેમકે હું આગળ અભ્યાસમાં જોડાઉંતો મામાશ્રીના બાબુને સંભાળે તેમ બીજું કોઇ નથી. "

" યુરોપની જેમ એક નમુનેદાર બોર્ડીંગ સ્કુલો આપણા દેશમાં નથી, એ એક મોટી અડચણ છે. તેવી સ્કુલોની યોજના જો આપણા દેશમાં થઇ હત, તો બાળકોના શિક્ષણની ઘણી સારી સોઇ થાત. "

" હા. માબાપ બિનકેળવાયલાં હોય, અથવા તો તેમની પાછળ જુદાના જરૂરી ધંધાઓ વળગેલા હોય તો તેવા બોર્ડીંગ ઠીક ઉપયોગી થાત, પણ મને લાગે છે કે સુશિક્ષીત અને સહૃદય માબાપો પાસેથી બાળકોને જે કેળવણી મળે છે, તેવી તો બીજા કશાથી પણ તેમને મળવાની નહીજ. ;"

ચંદ્રકાંતને તે કહેવું કબુલ કરવું પડયું. થોડીવારે તેણે પુછયું–" આપને અહીં બરાબર ગમતું નહી હોય.

" ના તેમ કાંઇ નહી. ઘરમાંનું બધું કામ કાજ હું પોતેજ જોઉં છું. એટલે વખત તુરત જતો રહે છે. બાકી આપ કહો છો તેમ પુરૂષવર્ગને ખરૂં કે કાંઇ ધંધો નહોય ત્યારે વાંચવા કે રમવા ખેલવા શિવાય શામાં વખત કાઢવો એની ચિંતા થઇ પડે " બીજી પણ કેટલીક વાતચીત થયા પછી ચંદ્રકાંત ઘેર જવા ઉઠયો.

ચંદ્રકાંત આવ્યાને પાંચ છ મહીના થયા હતા. બર્વે સાહેબની દેખરેખ નીચે તેનો સમાજ શાસ્ત્રનો અભ્યાસ ચાલુ હતો. પ્રત્યેક મેલે યુરોપ અને અમેરીકામાંથી તે વિષયના લોક માન્ય પુસ્તકો આવતાં. અને બર્વેસાહેબ પોતે તથા ચંદ્રકાંત બંન્ને તેનું મનન કરતા.

એક દિવસે વાંચન આટોપી કાકા ભત્રીજો બગીચામાં ગપ્પા મારતા બેઠા હતા. વાત પરથી વાત નિકળતાં બર્વે સાહેબે પૂછયું–" કેમ ચંદ્રકાંત ! કુમુદ માટે તારી શી માન્યતા છે?"

ચંદ્રકાંતને આ સવાલ જરા વિસ્મયકારક લાગ્યો. તો પણ તે બોલ્યો–

" મને લાગે છે કે તેણી સુશીલ અને સારી કેળવાયલી લાગે છે. "

" પણ તેણીનો સ્વભાવ તને પસંદ છે ? "

આ સવાલનો હેતુ શું એ ચંદ્રકાંત સમજી શકયો નહી, તેથી તેણે કહ્યું–

" પણ આ સવાલ પુછવાનો ઉદ્દેશ મને જણાવવામાં આવે તો કહી શકું. "

" હું કાંઇ તારી પરીક્ષા લેતો નથી. પણ તેણી સાથે તારૂં લગ્ન થાય, તો તું ખુશી છે કે નહી, એ જોણવા માટે મેં આ સવાલ તને પુછયા. " બર્વે સાહેબે ખુલાસો કર્યો.

ચંદ્રકાંત થોડીવાર વિચારમાં પડયો. તેની દષ્ટી અવનત હતી. તે બોલ્યો–

" ના. તેણીની સાથે મારા લગ્ન થાય એવી મારી બિલકુલ મરજી નથી. "

આ ઉત્તરથી કાકાને આશ્ચર્ય લાગ્યું. " કુમુદ સુશીલ અને કેળવાયલી છે. એમ તેં હમણાંજ કહ્યું તો પછી તેણીનામાં એવી બીજી શું ખામી છે ! કે જેથી તેણી તને પસંદ આવતી નથી ! "

" તેણીનામાં કોઇ જાતની ખામી છે એવું મારૂં બિલકુલ કહેવું નથી. અને મારા લગ્નના સંબંધમાં મેં જે નિશ્ચય કર્યો છે. તે જો ન કર્યો હત તો હું તેણીની સાથેજ ખુશીથી લગ્ન કરત "

" વળી એવો શું નિશ્ચય ? હું જાણું તો ખરો. "

ચંદ્રકાંત વિચારમાં પડયો, ખરી હકીકત કહ્યા વગર હવે છુટકોજ નથી એમ ધારી તે બોલ્યો–" કાકાશ્રી ! આપને આશ્ચર્ય લાગશે. પણ શાંતા બ્હેનના લગ્નમાં પેલા ઈંદોરના ગવૈયાજી આવ્યા હતા. તેમની કન્યા સાથે મારો લગ્ન કરવાનો નિશ્ચય થયો છે. "

ચંદ્રકાંતના ખુલાસાથી બર્વે સાહેબને આશ્ચર્ય લાગ્યું. પણ તે બહાર ન બતાવતાં બોલ્યા "કાંઇ ચિંતા નહી. ત્યારે તેણી પણ સારી ભણેલી ગણેલી હશેજ."

"તેની મને કાંઇ ખબર નથી."

"એટલે ? તેણીની અને તારી કાંઇ પિછાન તો થઇ હશેજને ?"

"ના તેણી પંડીત સાહેબને ત્યાં વિવાહમાં તેના બાપ સાથે આવી હતી, ત્યારે તેણીનું ગાયન સાંભળ્યું હતું. એટલીજ તેણીની સાથે પિછાન."

બર્વે સાહેબ હસીને બોલ્યા—" હં. હં. પ્રથમ દર્શનેજ પ્રેમોત્પત્તિ કેહવાય છે તે તેમાંનોજ આ એક નમુનો. ઠીક પણ ત્યારે તે છોકરી હાલ કયાં ? તેની તને ખબર છે ?'

"ના–ના"

ત્યારે તેણી હજુ પરણી નહી હોય એમ શા ઉપરથી ? તે વખતે તેણીની ઉમર કેટલી હતી ?"

"હશે બાર તેર વરસની."

"ચંદ્રકાત ! તું આટલો બધો વિદ્વાન ખરો પણ આ બાબતમાં તો મારે કહેવું પડશે કે તારી બુદ્ધિ જરાએ ચાલી નથી. ગવૈયા કહ્યા એટલે તે તો અંતે જુના મતના, તેણે પોતાની કન્યાનું લગ્ન દશમે વર્ષેજ કરી નાંખ્યું હશે ઠીક કદાચ એ વખતે તેણી કુંવારી હતી, એમ ધારીયે તો પણ તેણીનું લગ્ન . હવે તો થઇજ ગયું હશે શાંતા બ્હેનના લગનને પાંચ વર્ષ થઇ ગયાં . એટલે આજે તેણી અઢારેક વરસની હોય. તો આટલી ઉમર સુધી શું તે કુંવારી રહી શકે ખરી કે ?"

બર્વે સાહેબે સમજાવેલી વાત પ્રથમજ પોતાના કેમ ધ્યાનમાં ન આવી તે માટે ચંદ્રકાંતને આશ્ચર્ય લાગ્યું.

"ભાઇ ચદ્રકાંત! વિચાર કર કે કદાચ કોઇ કારણસર હજુ તેણીના લગન બાકી હોય તો પણ તેણી ભણેલી–સુશીક્ષીત નજ હોય ગવૈયાઓને પોતાને વિદ્યાનો ગંધ સરખોયે હોતો નથી ત્યાં બાળાઓને શિક્ષણ અપવાની વાત કયાં રહી? અને અશિક્ષીત સ્ત્રીના સહવાસથી તને સંસાર સુખકર નિવડશે એમ લાગે છે ખરૂં? તેણીને સારૂં ગાતા આવડતું હશે. સારી સારી રાગરાગણીઓની તાનો મારશે. અને તે પ્રથમ તો તને બહુજ ગમશે. પણ એક વરસમાંજ તને તેનો કંટાળો આવશે. પછી આગળનો રસ્તો શું? તને હજુ આગળ ઘણા સમાજના હીતના કામો કરવાના છે. એટલે કેળવાયલી સ્ત્રીની તને પગલે પગલે આવશ્યકતા છે. એક માત્ર સંગીતથી ભવિષ્યમાં આવનારી બધી અડચણો દૂર થઇ–શકનાર નથી."

આમાંનું એક પણ વાકય ખોટું કહેવાને ચંદ્રકાંતને શકતી નહતી. ચંદ્રકાંતને સ્વસ્થ બેઠેલો જોઇ થોડી વારે બર્વેસાહેબ ફરી બોલ્યા—" આવી હકીકતછે તો પણ હું તારી મરજી વિરૂદ્ધ કરવા માગતો નથી, તું આટલા દિવસ સ્વસ્થ થઇ બેસી રહેજે. એ તારી ભુલ થઇછે, હવે આ બાબતમાં મારે જાતેજ તજવીજ કરવી પડશે ઇંદોરમાં એક પોલીસ ઇન્સપેકટર મારા મિત્ર છે, તેમને આ બાબતમાં તપાસ કરવા લખું છું."

બર્વે સાહેબ કોઇ પણ કામ હાથપર લેતા તો તેમાં દીર્ઘસૂત્રતા કદી પણ નહીકરતા–" અનંતરાવજી ગવૈયાજી ઇંદોરમાંજ છે કે કેમ? અને તેમની કન્યાનું લગ્ન થયું છે કે નહી! આવી રીતે તેણે ઇંદોર તાર કર્યો, પોતાના કાકાની પોતા માટે આવી કાળજી જોઇ ચંદ્રકાંતને આનંદ થયો .

બીજે દિવસે તાર આવ્યો, જેમાં–ગવૈયાજી ગુજરી ગયાને ઘણા વર્ષ વીત્યાં તેમના કુટુંબના કોઇ માણસ અત્રે નથી. ક્યાં ગયાં તેનો પત્તો મળતો નથી, છોકરીનું ઘણું કરી લગ્ન થઇ ગયું હશે–"

હવે ચંદ્રકાંત તદ્દન નિરાશ થયો. તેણે તાર વાંચીને બર્વે સાહેબને પાછો આપ્યો.

" ચંદ્રકાંત ! હવે શું કરવું એનો વિચાર તારે કરવાનો છે. તું આજન્મ અવિવાહિત રહીશ, તો પણ મારે અડચણ નથી છોકરાનું વહેલું લગ્ન થઇ, તેની પાછળ કચ્ચાં બચ્ચાંની જંજાળ ચોંટી, એટલે પોતાનો જન્મ સફળ થયો, એવું માનનારાઓમાંનો હું નથી ગઇ કાલે જોશી સાહેબની ભાણેજ સંબંધે તને મેં પુછ્યું એ માત્ર એક સુચના રૂપેજ. તેણીની સાથે તારે લગ્ન કરવાંજ એવો મારો આગ્રહ નથી. તો પણ પુરો વિચાર કરીને તારી ઇચ્છા મને જણાવજે. કેમકે प्राप्ते षोडशे वर्षेतु पुत्र मित्रवदाचरेत् "

આટલું કહીં બર્વેસાહેબ બહાર ગયા.

ચંદ્રકાંત વિચાર કરતો ત્યાંજ બેઠો. પાંચ વરસ પહેલાં સંભળેલી ભેરવીના સુર હજી પણ તેના કર્ણપટપર ઘુમતા હતા. ઉષઃકાલે અગાસીમાં ગાતી હતી તે બાલિકાની મનહર મૂર્તી હજુ પણ તેના નેત્રો આગળ પ્રત્યક્ષ થતી હતી. પણ ઉપયોગ શું ? બીજી બાજુ કેળવાયલી વિનયયુકત કુમુદ તેના હૃદયનું આકર્ષણ કરતી હતી. તેણીની અલૌકિક બુદ્ધી અને રસિકતાની છાપ પાડનાર તેના વિસ્તૃત ભાલ પ્રદેશે અને ચંચલ નેત્રે ચંદ્રકાત ઉપર જાદુપ્રયોગ આરંભ્યો હતો

ચંદ્રકાંતના હૃદયપર પોતપોતાના સ્વામિત્વનો હક સ્થાપન કરવા માટે પાચ વરસ પહેલા એક વખતજ નજરે પડેલી મુગ્ધ બાલિકા અને બીજી બાજુ હાલમાં હમેશાં નજરે રમનારી યૌવન શ્રી યુકત તરૂણી કુમુદ એ બન્નેની લડાઇ ચાલી હતી. ઘણીવાર સુધી ચંદ્રકાંત બન્નેની તુલના કરતો રહ્યો. અને આખરે તેના કાકાએ કાઢેલી શંકાઓ તેને ખરી લાગવા લાગી. તે બાલિકાનો મેળાપ હવે અશક્ય છે. એમ તેને લાગ્યું અને તેથી કુમુદ સરખી સદ્‌ગુણી અને સર્વાંગ સુંદર તરૂણીને ખોઇ બેસવી એ ડહાપણ ભરેલું નથી, પોતાની ઉમરમાં એક અત્યંત મહત્વની બાબતમાં સત્તા સ્થાપિત કરવાની શક્તી પ્રાપ્ત થાય એવી મહદ્દરૂપ ગુણી-પક્ષ ગૃહિણી કરતાં ગાયનમાં શું મહત્વ છે ? શું શાસ્ત્રવિધી લગન થયા પછી કુમુદને કયાં સંગીત શીખવી નહી શકાય? માટે કાકાશ્રીનું કહેવું ખરૂં છે. વગેરે ચંદ્રકાંતે નિશ્ચય કર્યો

બર્વે સાહેબ ઘેર આવતાં વાર તુરત ચંદ્રકાતે પોતાનો વિચાર કહી બતાવ્યો "ઠીક છે. ત્યારે હું જોશી સાહેબને ત્યા જઇ આવું. આ વિચાર તેમણેજ થોડા દિવસ પહેલાં મને જણાવ્યો હતો." આમ કહી તે પાછા બહાર ગયા.

(૫)

ઉપરોક્ત વિચાર પછી એક મહિનામાંજ ચંદ્રકાંત અને કુમુદના લગ્ન થયાં. જેને આજે ત્રણ ચાર માસ વ્યતીત થયા છે. ચંદ્રકાંતે કુમુદને માટે ખાસ મુંબઇથી હારમોનિયમ મંગાવ્યું હતું. અને તેનું આવેલ પાર્સલ તે છોડતો હતો એટલામાં કુમુદ ત્યાં આવી અને મૃદુ સ્મિત કરતાં બોલી–" શું ત્યારે આપને હારમોનીયમ બજાવતાં આવડે છે એમ ? "

" હા થોડું ઘણું જાણું છું. પણ આ મંગાવ્યું ખાસ તારા માટે. "

" મારા માટે ? તે કેમ વારૂ ? "

" કેમ વારૂ કેમ ? તને કાંઇ ગાતાં તો આવડતું હશેજને ! "

આ સવાલથી કુમુદ શરમાઇ. તેણી નીચું જોઇ નકારદર્શક માથું ધુણાવ્યું.

" એટલે ? " ચંદ્રકાંતે આશ્ચર્યથી પુછ્યું–" હાઇસ્કુલમાં બાળાઓને તો ગાયન વાદન શીખવવામાં આવે છે. તે હું જાણું છું. "

" હા એ આપનું કહેવું ખરૂં. પણ હું કાંઇ તે શીખી નથી કેમકે તેનો મને શોખ નથી.

" પણ વ્હાલી ! તમને સંગીત સાંભળી સાંભળીને શોખ વધશે. મને પણ ક્યાં ગાયનનો શોખ હતો ? " આટલું કહી ચંદ્રકાંતે હારમોનીયમ ખોલી સુરદાસનું લોકમાન્ય ગાયન બજાવવું શરૂ કીધું.

બે ત્રણ મીનીટ સુધી કુમુદે તે ગાયન ધ્યાનપૂર્વક સાંભળ્યું. અને પછી તેણી જરા જરા કંટાળી ગયા જેવો ચહેરો કરી છેટે જઇ ઉભી રહી.

ચંદ્રકાંતે આશ્ચર્યથી હારમોનીયમ બંધ કરતાં કુમુદને પુછ્યું—" કેમ મારૂં બજાવવું તમને ગમતું નથી શું ? "

એ તો આપ કદાચ ઘણું સારૂં બજાવતા હશો પણ મેંજ કોઇ દિવસ સાંભળેલ નહી એટલે તેના સુરમાં મિઠાશ જણાતી નથી. "

" પણ તું શીખવાની ટ્રાય તો કર પછી તનેજ ગમશે. "

" અં તે તો મને અશક્યજ લાગે છે. કેમકે એનો મને સ્વભાવતઃજ કંટાળો છે. "

ચંદ્રકાંતના ચહેરાપર નિરાશા જણાવા લાગી. ' કુમુદ સુશિક્ષિત હોવા છતાં આવી અરસિક કેમ ? અને ગાયન વાદન ન શીખવાને તેની આવી હઠ કેમ ? પતિ અને પત્નીના સ્વભાવમાં આવી રીતની એક બીજાથી વિરૂધ્ધતા હોય એ શું સારૂં ? લગ્ન થયાં પહેલાં આ બાબતની જો ચોખવટ કરી લીધી હત તો બહુ ઠીક થાત.'

આવા ઘણા વિચારો ચંદ્રકાંતના મનમાં રમવા લાગ્યા પાંચ છ વરસ પહેલાના ભેરવી સુરો પાછા પોતાને સંભળાય છે, એવો તેને આભાસ થવા લાગ્યો.

(૬)

ગયા મેલમાં વિલાયતથી પ્રોફેસર ' એલન કી ' નું ' Love and marriage ' નામનું તુરતમાંજ પ્રસિધ્ધ થએલ પુસ્તક આવ્યું હતું. તે ચંદ્રકાંત વાં

ચતો બેઠો હતો. આ વિષય ઉપર તેણે આજ સુધી જે જે પુસ્તકો વાંચ્યા હતાં, તે બધામાં આ પુસ્તક વધારે માર્મિક ભાષામાં લખાએલ અને ઉંચ્ચ વિચારો વાળું જણાયું, પણ તે વાંચતાં તેના મનની સ્થિતી બહુજ વિચીત્ર થઇ. તે પોતાના મેરીજ સબંધે જેમ જેમ વિચાર કરવા લાગ્યો, તેમ તેમ તે વધારેને વધારે ગુંચવણમાં પડતો ગયો. "છ વરસ પહેલાં પોતે શું નિશ્ચય કર્યો હતો, અને આ બન્યું શું? ઇંદોરના ગવૈયાજીની કન્યા ઉપર પોતાનો જેટલો પ્રેમ હતો, તેટલો કુમુદપર નહી છતાં તેણીની સાથે લગ્ન કરવામાં નૈતિક અવનતીજ આપણે કરી લીધી નથા શું? નિઃસીમ પ્રેમ અને લગ્ન એ બન્નેના ઐક્ય વિના ખરી નીતી શકયજ નથી અને બચપણમાં તે બાલિકા સાથે જોડાએલ પ્રીતી તો હજી કાયમજ છે. તો પછી વિના કારણ કુમુદ સાથે લગ્ન કરીને તેણીની અને પોતાની ઉન્નતીમાં શા માટે અડચણ આણી? અને ઇંદોર વાળી બાલિકાનો તો પુરો શોધ પણ કર્યો નહી! તેણી ઇંદોર નથી એટલોજ માત્ર પત્તો લાગ્યો, પણ તેણી હાલ કયાં છે? કેવી સ્થિતીમાં છે? તેની તપાસ મારે ન કરવી જોઇએ કે?"

ચંદ્રકાંત ઇઝીચેઅર ઉપર વિચાર કરતો પડયો. બહારથી શીતલ પવન આવતો હતો. જેથી તેના તપેલ મગજને કાંઇક શાંતી મળતી, તેને નિદ્રાનું ઝોકું આવી ગયું, એટલામાં તેને એક સ્વપ્ન પડયું. પોતે પંડીત સાહેબની મેડી ઉપર હોઇને, સામી અગાસીમાં પોતે જેણીનું ચિંતન કરતો હતો તેણી પોતેજ ચંદ્રકાંત સામે આવી ઉભી છે, એટલે પોતે તેણીની પાસે જવા આગળ વધે છે એટલામાં પછવાડેથી કોઇએ હળવેથી ખભાપર હાથ મૂકયો. એટલે પાછું વાળી જોતાં કુમુદ હસતી ઉભી છે. તેણીનો હાથ છોડાવી પોતે અગાસી તરફ જોવા લાગ્યો પણ ત્યાં કોઇ નહતું! ચંદ્રકાંતની નિરાશા થએલી જોઇ કુમુદ હસી પડી–'

આટલો દેખાવ જોઇ ચંદ્રકાંત જાગી ગયો. ફરી તેજ વિચાર પાછા માથામાં ઘુમવા લાગ્યા. ગમે તેમ કરી એ ઇંદોરવાળી બાલિકાનો પત્તો મેળવવોજ એવો નિશ્ચય કરી તે ત્યાંથી ઉઠયો. ' હિન્દુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં ફરી જનસમાજની સ્થિતી અવલોકન કરવાની પોતાની ઇચ્છા છે. ' એમ બાહ્ય અંગે દરશાવી બર્વે સાહેબ અને કુમુદની રજા લઇ તેણે જોઇતા સામાન સાથે મુસાફરી શરૂ કીધી.

ભોળી કુમુદ અને દેશોન્નતીના વિચારોમાં ઘેલા બનેલ બર્વે સાહેબ ચંદ્રકાંતના માયાવી વિચારોમાં ભોળવાઇને ફસાયા.

(૭)

પંડીત સાહેબની તબીયત જરા નરમ હોવાથી, શાંતાબાઇ પોતાના પતિ ફણશે સાહેબ સાથે પીયર આવેલ હતી. ફણશે સાહેબ વિદ્યાવ્યાસંગી અને પ્રસિદ્ધી પામેલા એક સારા રાજસ્થાનના કારભારી હતા. તેમનો વિચાર કેટલાક યોગ્ય કાયદાઓ બાંધીને રાજ તથા પ્રજા બન્ને ઉન્નતિએ પહોચે એમ કરવાનો હતો. અને તેને માટે અનુભવી વિદ્વાન માણસોની તેમને આવશ્યકતા હતી. એટલે પંડીત સાહેબની સુચનાથી આ વાત તેમણે બર્વે સાહેબને કહી. બર્વે સાહેબના મુળ વિચારો દેશોન્નતી કરવાનાજ હતા. તેથી તે વાત તેમણે માન્ય કરી વળી શાંતા બ્હેનની કુમુદ સાથે એટલી બધી પ્રીતી બંધાઇ કે તેના વિના તેણીને ઘડીભર પણ ચેન પડતું નહતું.

પોતાની પ્રેમાળ કન્યાના સહવાસથી પંડીત સાહેબને ટુંક મુદતમાંજ આરામ થયો. તેમની તબીયત પ્રવાસ ખમી શકે તેવી થતાંજ તે બન્ને અને જોશી સાહેબ સાથે કૃષ્ણ સાહેબના રાજસ્થાનમાં ગયા. શાંતાબ્હેન સાથે કુમુદ પણ પોતાના ન્હાનાભાઇ સહીત ગઇ એ વાચકોને જુદું કહેવાની અગત્ય નથી.

(૮)

દીપોત્સવીના દિવસે ન્હાના ન્હાના ગામડાઓમાં પણ જ્યાં ત્યાં આનંદ નજરે પડે છે. અને તહેવારની સર્વત્ર ધામધુમ દ્દષ્ટીગોચર થાય છે, પણ આ વખતે આબુરાજ ઉપર સર્વત્ર શાંતી પ્રસરેલી હોય છે. હરિત વસ્ત્રાચ્છાદિત નિસર્ગ દેવતા પ્રભાતની ગુલાબી નિંદ્રાનો આસ્વાદ લેતી હોય, એમ સર્વત્ર શાંતી પ્રસરેલી હોય છે. અહીં રેલ્વેના જવા આવવા પછી શાંતીજ હોય છે. હાલ તુરતમાંજ એક માલની ગાડી આવી જવાથી, તેની ગર્જનાને લઇ વેઈટીંગ રૂમમાંનો એક મુસાફર જાગીને, પ્લેટફોર્મ ઉપર આવી ઘડીયાળમાં જોવા લાગ્યો. ઘડીયાળમાં પાંચ બજ્યા હતા. આ મુસાફર પોતાના મિત્રને મળવા માટે આ સ્ટેશને ઉતર્યો હતો, અને મળીને તુરત બીજી ગાડીમાં તે આગળ જનાર હતો. આ વિચારમાં તેણે સ્ટેશનપરજ નિંદ્રા દેવીને આવ્હાન કર્યું હતું પણ વ્યર્થ !

પોતાનો સામાન પોર્ટરને સાચવવા આપી, તે ઉતાવળો ગામમાં ગયો. હજુ રસ્તાપર શાંતિજ હતી. વાડીયા ડિસ્પેન્સરીથી આગળ વધ્યા પછી એક બંગલામાં પ્રકાશ દેખાવા લાગ્યો. એટલે સ્વાભાવિકજ આપણા મુસાફરનું તે તરફ ધ્યાન ગયું. આટલો વહેલો અહીં પ્રકાશ છે એટલે આ બંગલામાં હિંદુજ રહેતા હોવા જોઇએ, એમ અનુમાન કરી તે પાછો ત્યાંજ ચોતરફ જોતો ઉભો રહયો. બંગલામાં વધારે ગરબડ નહતી. પણ એટલામાં આગળના ફુવારાના પડખે એક શુભ્ર વસ્ત્ર પહેરેલી તરૂણી આવી બેઠી. તેણીની દૃષ્ટી બંગલા તરફ હતી. તેણીનો કુંતલ કેશકલાપ વાયુની ગતી સાથે સ્વચ્છંદ વિખરાતો ઉડતો હતો.

પ્રવાસી રસ્તો કાપવા આગળ પગલું ભરવા જાય છે, ત્યાં તે તરૂણી કાંઇ ગણગણવા લાગી એટલે મુસાફર ત્યાંજ જોતો રહ્યો. તેણી ધીમે ધીમે ભૈરવીના સુરોનો આલાપ લેવા લાગી. એટલે આપણો પ્રવાસી પણ દિવાલ પાસે આવી તે ધ્યાન પૂર્વક સાંભળવા લાગ્યો. પ્રભાત સમયે ભૈરવી રાગણીની મધુરતા અનુપમ હોય છે.

" શું? સુંદર બાલ રવિ આ ખિલતો! "

ઉપરોક્ત ગાયન સાંભળતાં પ્રવાસીને હવે દેહભાન રહ્યું નહી, એકદમ દિવાલ ઉપર ચડીને તેણે અંદર ભુસકો માર્યો. તે ધબકારાથી તરૂણી ચમકીને ચોમેર જોતી એકદમ બંગલામાં જતી રહી, અને ચાર પાંચ મિનીટ પછી તુરત બે માણસ એકના હાથમાં જેષ્ટીકા અને એકનાં હાથમાં ફાનસ સાથે બહાર આવી.

" મને લાગે છે. પેલી જાઇની વેલી પાસે કાંઇક પડયું ખાસ જરૂર ત્યાંજ પડવાનો શબ્દ થયો હતો. " તે તરૂણી બોલી.

સાથેના બે માણસોએ ત્યાં જઇ જોયું. પાસેજ એક ખાડામાં માણસ મૂર્છીત થઇ પડેલો જણાયો. ફાનસ આગળ લઇ જઇ જોતાં એ મુર્છીત માણસ તરફ બારીક દૃષ્ટીથી તે સઘળાં

નિરખવા લાગ્યા. અને તે ત્રણે એક બીજા તરફ જોતાં ઉભા રહ્યા. કોઇ કાંઇક બોલી શકતું નહતું.

આખરે એકે કહ્યું–" શશિકાંત ! ચાલો તેને ઉંચકી અંદર લઇ જઇએ."

બન્નેએ પોતાના હાથમાંની લાકડીયો તથા ફાનસ નીચે મુકીને તે પ્રવાસીને ઉંચકીને બંગલામાં કોચપર આણી મુકયો. અને તે તરૂણીની સુચનાથી શશીકાંત ડૉકટર સાહેબને બોલાવી લાવ્યો.

" કાંઇ વધારે અડચણ સરખું નથી. મી. બર્વે સાહેબ !" પ્રવાસીને તપાસી ડૉકટર બોલ્યા " હું ધારૂં છું તેમને વધારે પરિશ્રમ થવાથી મુર્છા આવી છે. તે જરા શુદ્ધી પર આવે ત્યારે ગરમ ગરમ કોકોનો એક કપ પીવા આપજો. એટલે તબીયત તુરત ઑલરાઇટ થઇ જશે."

ડૉકટર સાહેબનો અભિપ્રાય ખરો પડયો. થોડીવારે મુસાફર પોતાની મેળે ઉઠીને બેઠો; બાજુની ખુરસીપર બેઠેલ બર્વે સાહેબને જોઇ, તે આશ્ચર્યચકીત થતાં બોલ્યો–" આપ અહીંયાં કયાંથી ?"

" તે હું પાછળથી કહીશ–" બર્વે સાહેબ બોલ્યા–" પણ પ્રથમ હુંજ તને પુછું છું કે તું અહીંયાં કયાંથી ! સૂર્યોદય પહેલાં દિવાલો ઉપરથી કુદીને આવી રીતે ગ્રહપ્રવેશ કરીને જનસમાજની સ્થિતીનું તું અવલોકન કરે છે કે ?"

" કેમ ચંદ્રકાંત ! કાંઇ સારો બંગલો જોઇને ધાડ પાડવાનો વિચાર હતો કે શું ?" શશીકાંતે પુછ્યું.

બિચારો ચંદ્રકાંત આ શબ્દોથી ઓશીયાળો થઇ ગયો. તે જરાવારે બોલ્યો.

" અહીં હમણાં કોણ ગાતું હતું, તે મને કહો એટલે હું આપના સવાલનો જવાબ આપું"

" અહીં વળી કોણ ગાનારૂં છે ? કોઇ નથી. ગયા છ માસ જરા મહેનત સાહેબને ત્યાં અગજમારી કાયદાઓના બંધારણ સંબંધ કરવી પડી, તેથી વિશ્રાંતી માટે વીશ પચીશ દિવસથી અમો અહીં રહેવા આવ્યા છીયે."

એટલામાં કોકોનો પ્યાલો ભરી કુમુદ ઓરડામાં આવી. બાજુની ખોલીમાંથી તેણીયે ઉપરોકત સઘળું સંભાષણ સાંભળ્યુંજ હતું. અંદર આવી પ્યાલો ટેબલ પર મુકી તેણી અર્ધસ્ફુટ શબ્દો વડે બોલી–" કેમ વારૂ ? તે તો હુંજ ગાતી હતી."

" શું ? તુંજ ગાતી હતી–તું ? ત્યારે ઇંદોરના ગવૈયાજીની કન્યા તે તુંજ એમ ?" ચંદ્રકાંતે અત્યાશ્ચર્યથી ચકીત થતાં પુછ્યું.

" હા. પણ ઇંદોરના ગવૈયાજીની કન્યા વિશે આપને કયાંથી ખબર વારૂ"

હર્ષાતિશયથી ચંદ્રકાંતના નેત્ર પ્રેમાશ્રુથી ભરાઇ આવ્યાં, " પણ ત્યારે એ તેં પહેલાંજ મને કેમ ન કહ્યું ? આજે સાત વરસથી તારૂં–ગવૈયાજીની બાળાનું અંતઃકરણથી ચિંતન કરૂં છું અને દેશ સ્થિતી જોવાને બ્હાને એક વરસથી તારી શોધ માટે હું ભટકું છું–"

કુમુદ બિચારી વિચારમાં પડી, ચંદ્રકાંતના કહેવાનો હેતુજ તેણી સમજી શકતી નહોતી બર્વે સાહેબે શાંતા બ્હેનના લગ્ન વખતે ચંદ્રકાંતે કરેલ નિશ્ચયની હકીકત તેણીને ટુંકમાં સમજાવી કહ્યું–" વહુ! બેટા! આ વાત જો પહેલીજ અમારા જાણવામાં આવી હત તો કેટલું બધું સારૂં થાત! તમારા પિતા કોઇ રાજમાં નોકર હતા એટલીજ વાત તમારા મામાએ કહેલી."

"જી. હા. પણ અમારી થોડી હકીકત આપશ્રીના જાણવામાં આવશે એટલે તે બાબતમાં આશ્ચર્ય લાગશે નહી. અમે વડોદરા છોડયા પછી એક વરસે મારા બાપુ ગુજરી ગયા. મારૂં લગ્ન પોતાની નજર આગળ થાય તો સારૂં, એવી તેમની બહુ ઇચ્છા હતી, પણ તે પુરી થઇ નહી, અને પાછળથી મારી માતુશ્રીને મારા લગ્નની ફીકર થઇ પડી. અમારા પડોશના એક ગૃહસ્થના બોલાવવાથી ગ્વાલીઅરના બેચાર ગૃહસ્થો મને જોવા આવેલા, તેઓ મને જોઇને ખુશી થયા. વેવિશાળ નકી થયું. અને અમુક મુરતપર આવી ગોળ ખાઇ કપડાં ચઢાવી જવાનું ઠર્યું જતી વખતે તેમાંથી એકે પુછ્યું." બાળા! તને કાંઇ ગાતાં આવડે છે કે? મને તે વખતે કાંઈ સમજણ નહતી, એટલે હા કહીને તુરત મને ગમતો 'દિલ નહી લગતા' એ વાગેશ્વરી રાગમાંનો ખ્યાલ ગાવો શરૂ કર્યો. તે સાંભળી એ આવેલ મંડળના મોઢાપર તિરસ્કારની છટા દેખાવા લાગી કાંઇ પણ બોલ્યા વગર તે ત્યાંથી ઉઠી નીકળ્યા. અને જેની તેની પાસે' આ ખ્યાલ ટપ્પા ગાનારી છોકરી સંસારશું ચલવવાની કપાળ? क्वचिद्रानी पतिव्रता आम કહેવા લાગ્યા. આવી વાતો આખા ગામમાં પ્રસરતાં કાંઇ વખત લાગતો નથી. પાણીના પુર માફક એ વાત સર્વત્ર ફેલાઇ એટલે સઘળા પછી મારી ટીકા કરવા લાગ્યા. મારા લગ્નનું હવે શું થશે એવી મારી માતાને ચિંતા થઇ પડી! આ હકીકત મારા મામાશ્રીના જાણવામાં આવી એટલે તેમણે મને પોતા પાસે બોલાવી લીધી. અને મારી બાને કહેવરાવ્યું 'છોકરીની તું જરા પણ ચિંતા નહી કરતી. એ મારીજ દીકરી છે એમ હું માનું છું ? પછી તેમણે મને ઘેરજ ઇંગ્રેજી શીખવવા માંડયું, પણ મારો અભ્યાસ પુરો થતાં સુધી તેણી બિચારી જીવવા પામી નહી. "

બોલતાં બોલતાં કુમુદનો કંઠ ભરાઇ આવ્યો. વિષયાંતર કરવા માટે તેણી બોલી–" પણ હવે કોકો ઠંડો પડી જશે નહી કે પછી ? વેલાસર એકવાર તે પી તો લેવો હતો ને ! "

તે દિવસે રાત્રે નાસ્તા પાણી આટોપી, બર્વે અને ડૉકટર સાહેબ સાથે બંગલામાં પોતાના પ્રવાસની અંદર બનેલી વિનોદ પૂર્ણ વાતોનું વર્ણન કરી ચંદ્રકાંત કુમુદને સંતોષ આપતો હતો. પ્રીતી વિષયની ચર્ચા શરૂ થતાં વખત કેટલો જલદી પસાર થઇ જાય છે, તે જણાતું નથી. બોલતાં બોલતાં અર્ધી રાત્રી વ્યતિત થઇ.

× × + ×

" ઠીક ત્યારે એકાદી અચ્છી ચીજ સાંભળવા દો. એટલે આ પરીશ્રમોનું નિરસન થયું એમજ હું માનીશ " ચંદ્રકાંત કુમુદ તરફ જોતાં હસીને બોલ્યો–

" મારી ના નથી પણ–"

" પણ હારમોનીયમ કે સતાર તંબુરા વિના ગાવું નહીં એમ નિશ્ચય કર્યો છે કે શું ? "

" ના એમ તો કાંઇ નહી, પણ કહ્યું ઉસ્તાદજીની છોકરીનું સંગીત સાંભળતાં કોઇ વાર જોશી સાહેબની કેળવાયલી ભાણેજ સાંભરી આવે ! અને ફરી તેણીના શોધ માટે ઘરબાર છોડીને આખા હિંદુસ્તાનમાં રખડવાની પાછી લહેર ચડી આવે તો ! " કુમુદ હસતાં હસતાં બોલી. અને પોતાના મધુરકંઠથી જેજેવંતી રાગમાં ગાવા લાગી–

" મધરાત આઈ, સબ સુખદાઈ
તે સોહી પવન બહે, સીતલ સુગંધમંદ–મધ૦
પ્રફુલ્લિત કુંજ બન, પાલવ નવલ સઘન,
તેસેહી રસીક રાજ, રાજન આ–દંકંદ–મધ૦ "

બન્ને સાહેબ વગેરે પોતપોતાના બિછાનાપર નિંદ્રાવશ થવા ગયા એટલે આ વખતે ચંદ્રકાંત તથા કુમુદ બન્નેજ હતા. કુમુદના સુકંઠથી ગવાયેલ સંગીતથી આખો ઓરડો નાદબ્રહ્મમય બની ગયો અને તેથી ચંદ્રકાંતની પ્રેમજ્યોતિ એકાંત અવાસથી સતેજ થતાં તેણે વિવેકશૂન્ય બની કુમુદને દઢાલિંગન આપી ઉભય હૃદયમાં પ્રેમોર્મીની જાગૃતી કરી.

ભેરવીની ભુલવણીમાં ભ્રમીત થએલ ચંદ્રકાંત હવે શુદ્ધીપર આવ્યો ઇંદોરના ગવૈયાજીની કન્યા તેજ જોશી સાહેબની ભાણેજ કુમુદ છે. અને તેથી પ્રેમ વિનાનું શુન્યવત ભાસતું લગ્ન હવે સુખકરજ છે એવી તેને ખાત્રી થઇ. પ્રેમોર્મીની જાગ્રતીમાં જેજેવંતીના મધુરા સુરો ચંદ્રકાંતના હૃદયમાં ચિતરાયા તે કાયમને માટેજ રહ્યા. અને છેલ્લી ટુંકમાં–'રસિકરાજ રાજત આનંદ કંદ એ પ્રમાણે સંગીત અને શૃંગારપ્રિય ચંદ્રકાંત કુમુદ સાથે સંતોષથી ગૃહ સુખ્ય અનુભવવા લાગ્યો. અસ્તુ

પુનર્લગ્ન.

" દર્દીના દર્દની પિડા વિધિનેય દીસે ખરી;
અરે ! તો દર્દ કાં દે છે ? ને દે ઔષધ કાં પછી ? "

કલાપી.

૧

શરદ પૂર્ણિમાની રાત્રીએ નવયૌવનાઓ રંગબેરંગી સાળુ પહેરી પોતાના આંગણામાં સુમધુર કોકીલ અવાજે ગરબા ગાઈ રહી હતી. સર્વે લલનાઓનાં મન આનંદોત્સવથી ઉભરાઇ રહ્યા હતાં. ગરબા પૂર્ણ રસથી જામ્યા હતા, સર્વ સુંદરીઓ અનેક રીતના હાવભાવ કરી રહી હતી. માલતીનો આજ જન્મ દિવસ હોવાથી ગરબા પૂર્ણ થતાં જર્મન સિલવરની કંકાવટીમાં કંકુ પૂરી સર્વ સખીવૃંદને લ્હાણી આપવા નીકળી. ગરબા પૂર્ણ થયા. લ્હાણી લ્હેંચાઇ રહી. સૌ સાહેલીઓ પોતાને ઘેર જઇ આનંદના અનિવાર્ય ઝોકમાં નિદ્રાધિન થઇ.

સ્હવારના ચાર વાગ્યા છે. પ્રભાતની મીઠી મધુરી ઠંડી મગજને પૂર્ણ આનંદ આપી રહી છે, રાતના આનંદ ઉજાગરાથી માલતી આજ અસ્ખલિત નિદ્રામાં પડી છે. માથાનો અંબોડો છુટી ગયો છે. માથે પહેરેલો સુમનગુચ્છ ઓશીકાપર અસ્તવ્યસ્ત સ્થિતિમાં પડયો છે. મંદ મંદ પવન તેની મીઠી સુવાસ

ચોરી મેડીમાં સર્વત્ર પ્રસરાવે છે. સ્ટુલપર દીવો બળે છે. દીવાનો ધીમો પ્રકાશ માલતીના મુખપર પડી તેની સુંદરતામાં વધારો કરે છે.

પણ અરે ! વિધિ ! શું આ સૌંદર્યની દેવીની ત્હને દયા છે ? દયા હોય તો તું તેને સહાય આ ! તેની સર્વ વાત ત્હારાજ હાથમાં છે, તે બિચારી શું કરે ? વિધિ ! તેં કેટલાંનાં જીવન ત્હારી સત્તા નીચે કચરી નાંખ્યાં છે ? ભલ ભલાઓનાં રાજ્ય તેં ઉંધા વાળી નાંખ્યાં છે. તો આ બિચારી કોમલાંગીનું શું ગજું ? અરે ! વિધિ ! ત્હને બીજું શું કહું ? દયાની દેવી ત્હારા દિલમાં વસો ! આ ભોળી બિચારી યુવતીને ત્હારી ઉગ્ર જવાળાથી ઉગારો: અંતર્યામી સહાય થાઓ ! પ્રભાતના ચારને ટકોરે માલતીનું બારણું ખખડ્યું. અને બૂમો સંભળાઇ ! માલતી, માલતી ! કુસુમકાન્તની પત્ની માલતી ! બારણાં ખોલો, ત્હમારો તાર છે ! ” નીચે નોકર સૂતો હતો તેણે બારણા ઉઘાડયાં: માલતી પણ તારવાળાની બુમથી જાગી નીચે ઉતરી સહી કરી તાર લીધો; તાર વાંચતાંજ તેની આંખે એકદમ અંધારાં આવ્યાં; હાથપગ પાણી પાણી થઈ ગયાં. આખું શરીર કંપી ઉઠયું: આંખમાંથી ચોધાર આંસુ ચાલી રહ્યા. નિરાધાર માલતી બિચારી આંસુ વિના વિધિની ક્રુર લાત સામું શું કરે ? નોકર સાથે તાર પિતાને વંચાવવા મોકલ્યો, માતાપિતા પણ બિચારાં પુત્રીનાં દુ:ખથી દુ:ખી થઇ રડકકળ કરી રહ્યા. અને ઓચીંત્યા આવા જમાઈના ડૂબ્યાના સમાચારથી સર્વ કુટુંબી કંપી ઉઠયાં.

૨

દિવસો ઉપર દિવસો જવા લાગ્યા, પણ માલતીની હૃદય જ્વાળા તો એની એજ રીતે બળતી રહી; માલતી બિચારી એક સાધ્વીના વેશે પિતાને ત્યાં દુ:ખથી દિવસો ગુજારી રહી હતી. વૈધવ્ય પછી માલતીની વિરાગવૃત્તિ વધી ગઈ હતી. સારો સંસાર તેને શુન્યવત્ થઈ પડયો હતો. સગા સંબંધીઓએ તેનું દિલ કાંઇ વધુ ખિન્ન કર્યું હતું. અને તેથી આપ્ત જન ઉપર પણ તેની અનાસક્તિ થઈ હતી.

માલતીના પિતા એક સુધારક હતા. અને તેથી માલતીનું પુનર્લગ્ન કરાવવા અનેક રીતની ખટપટ ચલાવતા હતા.

૩

મધ્યાહ્ન થયો છે. ઘડિયાળમાં બારના ટકોરા થઈ ગયા છે. માલતીના પિતા ને ત્યાં જમવાનો વખત થયો છે. પાટલા મંડાયા છે. થાલીઓ પીરસાઈ છે. પણ કોઈ હજી જમવા ઉઠયું નથી. માલતોના મુખ ઉપર આજ સવારથી અતિ તીવ્ર શોકની છાયા પડી રહી છે. પિતાના દુરાગ્રહે પોતાના પુનર્વિવાહનું આજની ટપાલમાં નક્કી થઇ ગયું છે. આખો દિવસ બિચારીએ અનેક વિચાર વમળમાં તરફડીયાં માર્યાં. અને રાતે તે એક સાદા બિછાના પર સૂતી ત્યાં યે તેને નિદ્રા આવી નહિ.

પરમ દિવસે તેનો લગ્ન દિવસ નક્કી કર્યો હતો. વિવાહ પણ એક સુધારક મગજવાળુ ગ્રેજ્યુએટ સુશીલ યુવક સાથે હતો. પણ :—

"વિધિ હસ્તગત ઉરતંત્ર કબજા કરી શકું ગતિવાળું હું ?
મુજ ઉરનું પર ઉર સાથ શી રીત લગ્ન કરાવું હું ?"

ગોવર્ધનરામ.

તેના પિતાએ ત્હેને બહુ સ્હમજાવી હતી. પણ તેને તો—

"એકને દિલ અર્પ્યું તે બીજા કોનું નહિ બને"

કલાપી.

તેનો તો બિચારી. " પ્રેમ લગ્નની વિધવાને
પુનર્લગ્ન સમું પાપ નથી:"

ન્હાનાલાલ

પિતાની આવી ખટપટથી તેને અખંડ રાત વિચારો આવ્યા કર્યા. મન સાથે મોટેથી તે બોલવા લાગી: પિતાજી ! આ તે તમારો સુધારો કે કુધારો ? ખરેખર ! આતો તમારો સુધારો મ્હને ઉચ્છેદક સુધારોજ લાગે છે ! શું પિતાજી ! ત્હમારી પુત્રીનું હૃદય જાણવા જેટલી પણ તમે તકલીફ નહિજ લો ? જગતની કેટલીક સ્વચ્છંદી, નિરંકુશ, સંયમહીન, વિલાસવૈભવમાં સદૈવ મગ્ન, અશ્લીલ ચેષ્ટાઓભરી, વિધવાઓ જેવી ત્હમારી પુત્રીને સ્હમજશો નહિ: ત્હમારી પુત્રીમાં વિકસેલી રસિકતા તેની વિરક્તતામાં પરિણમશે. નહિ કે ખોટા દેહના કલંકી મોહમાં: મ્હારે મન તો હવે

" વિલાસ તો છેક પતંગરંગ "

કલાપી.

હવે તો મ્હારે કવિ ન્હાનાલાલની નેપાળી જોગણ માફક શીખવા અને સેવા કરવા બાકી રહેલું જીવન ટકાવવાનું છે અને તોજ

" આ અવશેષ જીવન જગતમાં જીવ્યું ભલું." એમ જાણીશ.

એવા અનેક વિચારમાં માલતી જાગતી પડી રહી હતી.

રાતના બે વાગ્યા; તમરાંના અવાજ રાત્રીની ભયંકરતા વધારી રહ્યાં હતાં. ઘરમાં રહ્યે પણ શરીર ફાટી જાય એવી સખ્ત ઠંડી પડતી હતી. એવા પ્રસંગે પણ માલતીએ પથારીમાંથી ઉઠી બારણું ઉઘાડી ભાગ્ય જ્યાં દોરે ત્યાં જવું એ વિચારે છેવટે ઘરમાંથી નીકળી ચાલવા માંડ્યું.

" પ્રેમીનું હોય બેલી કો, તો આનું કૈ થવું ઘટે
પામે છે ત્રાસ મ્હારોતો, આત્મા આ દુ:ખ જોઈને "

કલાપી.

૪

"બા! બા! જુવો તો, આ એક મોટો મગર! ઓ બાપરે! મ્હને તો બહુ બીક લાગે છે!" છાછરાં પાણીમાં રમત કરતી સુકુમાર બાળા બોલી.

માતાએ ત્યાં નજર કરી તો એક સુકુમાર યુવક નદીમાં ખેંચાતો ખેંચાતો આવી આછા પાણીમાં અટકી રહ્યો હતો. ઘણો વખત પાણીમાં રંહી પાણી પીવાથી પેટ ફુલી ગયું હતું. અને તે જીવતો હોય તેવી એ આશા ધારી શકાય તેમ ન હતું.

કુમારીની માતા ઘણી દયાળુ હોવાથી બે ચાર માણસની મદદ લઇ તે યુવકને પોતાને ત્યાં લઇ ગઈ. ત્યાં તેની સારી સારવાર કરી ને પાસેની હોસ્પીટલમાં તેને વધારે આરામની ખાતર મોકલાવવા ગોઠવણ કીધી. દર્દી દવાખાને ગયો.

પ

ઘરમાંથી કંપતે શરીરે અઘોર રાત્રીએ નીકળેલી માલતી સૂર્યોદય થતાં શુકલતીર્થ આવી પહોંચી. અને પાવનકારી નર્મદાને કિનારે સ્નાનાર્થે ચાલી.

"બા! જુવો આજ ઠેકાણે તે દિવસે મ્હેં મોટો મગર જોયો હતો ને?" કુમારી બોલી.

માતા કાંઇક વિચારમાં પડી. તેનાં નેત્રો હર્ષથી ચમકવાં લાગ્યાં અને પોતાની લાડકી પુત્રીને પ્રેમથી ગોદમાં લઇ બોલી.

"હા! મ્હારી વ્હાલી! પ્રભુની પારેવડી! તેંજ પુષ્પના છોડ જેવા સુકુમાર યુવાનને જીવીતદાન દીધું."

માદીકરીની આમ મધુર વાત ચાલતી હતી, તે સમયે માલતી સ્નાન કરી વસ્ત્રો બદલતી હતી. પણ તેનું ચિત્ત તો પેલી વાતોમાં પરોવાયેલું હતું. તેણે તે કુમારીની માતાને ધીમેથી પૂછયું.

"બ્હેન! શું તે કોઇ ડૂબી ગયેલો પુરૂષ હતો? અને શું ત્હેને જીવનદાન મળ્યું છે? ખરેખર! ત્યારે તો તે કોઇ નસીબદાર સ્ત્રી હશે કે ગયેલું સૌભાગ્ય તેને પાછું મળ્યું!! મ્હને કહેશો કે તેનું પછી શું થયું?"

કુમારીની માતાએ સર્વ વાત માંડીને કહી સંભળાવી, જેથી તે યુવકને જોવાની માલતીની તીવ્ર ઇચ્છા વધી પડી.

૬

પ્રભાત થયું હતું. પૂર્વમાં ઉષા લાડતી મ્હાલતી ફુલ ગુલાબી વસ્ત્રોમાં અમુલખ પાઠ પઢાવી રહી હતી. પક્ષીઓ કિલકિલાટ મચવી રહયાં હતાં. આપણો બિમાર યુવક ખાટલામાં બેસી પાસેની બારીમાંથી કાંઇક આનંદ અને આશ્ચર્યથી કુદરતની અપુર્વ લીલા નીહાળી રહ્યો હતો અને કાંઇક ઝાંખી ઝાંખી દષ્ટિ અંતરમાં પ્રેરતો હતો પોતાની આ હાલની સ્થિતિ, પોતાનાં સ્વજનની સ્થિતિ, એ સર્વ પર

પોતે વિચાર કરતો હતો અને પોતાને સર્વ દુખી મુવેલોજ જાણતાં હશે વા કેમ તે વિષે કાંઇક શંકા અને નિશ્ચયના તટ પર ઝુલતો હતો. એટલામાં પાછળથી મંદમંદ પગલાં ભરતી ઉષાની મૂર્તિ સમી ભારતની ભાગ્યદેવી શી સુકુમાર યુવતીએ યુવકની આંખોપર ઓચીંતા સ્નેહભર્યા સુકોમળ હસ્ત મૂકયા. યુવક ચમકયો, ગભરાયો, સજ્જ થયો. પોતાના હાથ વતી હસ્ત લઇ લેવા પ્રયત્ન કર્યો. અને ધીમા કંપતે સ્વરે બોલ્યોઃ–મ્હને કહેશો આપ કોણ છો ?

તરતજ પાછળથી ધીમો રૂપાની ઘંટડી શો કોમળ સ્વર નીકળ્યો.

" કુસુમની કળી સમાં હમે ત્હમારાં
" સ્નેહની સુગંધથી વધાવનારાં
" પાડ માનતાં ન આવડે ત્હમારો
" પ્રિય માલતી કુસુમ ! ત્હમે સ્વીકારો. "

આંખ પરથી હાથ માલતીએ લઇ લીધા; કુસુમ અનિમીષ નયને આ કાષાય વસ્ત્રમાં ઉગતા સૂર્યનો પ્રભાશી માલતીને જોઈ રહ્યો. હર્ષના આંસુ ચારે નેત્રોમાંથી વરશી રહ્યાં. દમ્પતીએ પરસ્પર દુઃખની કથની કરી હૃદયભાર હલકો કર્યો.

માલતીએ પોતાનાં માતાપિતાપર કંકોત્રી લખી અને પાઠવ્યું કે પુનર્લગ્નને માટે હું તત્પર છું. આવતી કાલે અમો દમ્પતી આવીએ છીએ.

' આવી રમન્તી પૃથિવી કરી વિશ્વયાત્રા '

ન્હાનાલાલ

એની એજ ઋતુ, એનો એજ માસ, એનો એજ દિવસ, એની એજ પૂર્ણિમા, એના એજ ગરબા અને એની એજ અક્ષય કુંકુંમથી ભરેલી કંકાવટીની મંગલ ભેટ મંગલ હસ્તથી માલતી સર્વ સખીઓને વ્હેંચી રહી હતી. તે દિવસે માલતીની જન્મતિથિ હતી. તે સમયે જન્મોત્સવ થયો હતો આજે માલતીની લગ્ન તિથ છે તેથી લગ્નોત્સવ થાય છે. માલતીનું આજ પુનર્લગ્ન છે. માલતીએ પુનર્લગ્ન કર્યું ? હા કોની સાથે ?

પુનઃ માલતી અને કુસુમકાન્તનું પ્રેમી યુગલ લગ્નોત્સવ ઉજવી રહ્યું. પ્રતિવર્ષનું તેમનું એ ધર્મ્ય કર્ત્તવ્ય હતું. પ્રભો ! તે લગ્નયોગ નિશ્ચલ રાખો એજ પ્રાર્થનાઃ ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

જ્યોતિર્મયી

પ્રકરણ ૧લું.

પતિ પત્નિની વાર્તાચિત.

" આજે શરદ્ પૂર્ણિમાં જેવા પવિત્ર અને રસપૂર્ણ દિવસે આપ આમ ઉદાસિન કેમ છો પ્રભો ? " દિવસે તૈયાર કરી રાખેલી સુંદર બકુલ પુષ્પની માળા પોતાના પ્રિયતમના કંઠમાં આરોપણ કરતાં કરતાં રૂપાની ઘંટડી જેવા મીઠા મધુર અવાજથી જ્યોતિર્મયીએ કહ્યું.

" હું ઉદાસમાં છું કે ખુશમાં છું તેની તારે શું પંચાત છાની માની બેસી રહેની. " વિનોદચંદ્રે તાડુકીને ક્રોધપૂર્ણ સ્વરે જવાબ આપ્યો.

પુનઃ મીઠા અવાજથી જ્યોતિર્મયી બોલી, નાથ એમ ન કહેશો. હું તમારી અર્ધાંગના છું તેથી તમારા સુખ દુઃખની વિભાગીની છું આપ મને ગમે તેટલી તરછોડશો તો પણ હું તો આપનીજ રહીશ અને હજુ પણ રહેવાની. આપ મારા આધાર છો, અને હું આપના આધારે વિંટાનાર વેલી છું જ્યારે વૃક્ષ વેલીને દૂર કરે અને આશ્રય ન આપે ત્યારે વેલીએ કયાં જવું નાથ ? તમે મને શું એ સમજાવશો ?

વિનોદચંદ્રે રીસમાં ને રીસમાં પોતાની પત્ની જ્યોતિર્મયીને એક તમાચો લગાવતાં કહ્યું પંડિતાણી તારો ઉપદેશ મને નથી જોઈતો. મારૂં ચિત્ત અત્યારે ભમે છે, તને સમજાવી શકવાનો મને ટાઈમ નથી.

તમાચો પડવા છતાં પણ ક્ષમા ખડ્ગ ગ્રહણ કરી જ્યોતિર્મયીએ હસતા મુખે પૂછયું "પ્રભુ એવા તે કયા વિચારમાં આપનું ચિત્ત ભમે છે તે જણાવશો" આપની સર્વ વાત જાણવાને હું હકદાર છું આપને આવી રીતે ઉદાસિનતામાં બેઠેલા હું જોઇ શકતી નથી. તમારૂં અત્યારનું વિચાર અને ચિંતાગ્રસ્ત મુખ જોઇ મારૂં હૃદય ચીરાઈ જાય છે. સત્ય કહું છું નાથ, હું તમારીજ છું. આપ મને પણ પોતાનીજ ગણો. અને જે હોય તે કૃપા કરીને જણાવો. મને હવે ન તરછોડશો આશાના તરંગોમાં મને હવે ઝોલાં ખાવા ન દેશો. ગઇ કાલે પ્રભાત સમયમાંજ મને સ્વપ્ન આવ્યું છે કે આજ બાર બાર વર્ષે તમે મારા થયા છો આ રંક કિંકરી ઉપર અપાર કરૂણા કરી છે. પ્રાતઃકાળના આવેલાં સ્વપ્ના ઘણે ભાગે સત્ય પડે છે ભગવાન ! મારા સંબંધમાં પણ તે સત્ય કયારે પડશે ?

ચંદ્રની ધવલ જ્યોત્સનામાં પોતાના ગૃહની અગાસીમાં પતિ સમીપ ઊભેલી જ્યોતિર્મયીનું સ્વરૂપ અત્યારે એક દેવી સમાન લાગતું હતું. શાંત ગંભીર

હસમુખો સુંદર ચહેરો, માથા ઉપરથી વસ્ત્ર ખસી ગએલું હોવાથી નાગની ફણા જેવો અંબોડો, પૂર્ણીમાના ચંદ્ર જેવું તેજસ્વી મુખ અને શરીરની ગૌણ કાંતિ ઉપર ફરેલી ચંદ્રરશ્મિઓ પડી તેની શોભામાં કાંઈ અવનવો વધારો થતો હતો. તેની આંખમાંથી સુક્ષ્મ રીતે વિદ્યુત પ્રવાહ નીકળતો અને પોતાના પતિની ઉપર પડતો હતો. વિનોદચંદ્રના નિષ્ઠુર અને દયાહિન હૃદયમાં આજ તેની અસર થઇ. પોતાની સ્ત્રી એક સામાન્ય સ્ત્રી નહિ પણ સ્વર્ગની દેવી છે એમજ તેમે લાગ્યું. પોતે આટલી આટલી રીસ કરવા છતાં પોતાની પત્નીનો શાંત ગુણવાળો સ્વભાવ જોઈ આજ તેનું અંતઃકરણ દ્રવિભૂત થયું. અહા! શાંતિ અને ક્ષમા એ બે દૈવી શક્તિઓ આ જગતમાં શું શું કાર્ય નથી કરી શકતી! સર્વ કરવા તે સમર્થ છે તે વિદ્યુન્મયી શક્તિની અસર વિનોદચંદ્રમાં આજ પૂર્ણ રીતે થઈ હતી. પોતાની પત્ની સમીપ તેથી તે ગદ્ગદીત થઇને બોલ્યો.

પ્રિયા! ખરેખર તારો પ્રેમ અદ્ભુત છે. આજ સુધી તારી ઉપેક્ષા કરી મેં હાથે કરીનેજ આ દુઃખ ઉત્પન્ન કર્યું છે. મોહમાં પડેલા અથવા કહો કે શરૂઆતના યૌવનના મદમાં પડેલા મેં કાંઇ વિચાર ન કર્યો અને આજ મારી વાસ્તવ સ્થિતિનું ભાન થતાં હુ શોક સમુદ્રમાં ડુબકાં મારૂં છું એમ કહી તે ડુસકાં ભરવા લાગ્યો.

મનુષ્ય શિખામણથી સુધરતો નથી પણ પોતાને પડતા અનુભવોથીજ સુધરે છે એ વાતનો પોતાના મનમાં નિશ્ચય કરી પતિના આંસુ લુછતાં લુછતાં આશ્વાસન આપતાં જ્યોતિર્મયી બોલવા લાગી. નાથ આમ ન રડશો, તમારી ધૈર્યતા કયાં ગઇ! તમારે માટે હું પૂર્વે બહુએ સંતાપ કરી વખતે રડતી પણ ખરી પણ તમારા જેવાએ રડવું એ ઠીક નથી; પુરૂષોએ અંતઃકરણ હમેંશા દૃઢ રાખવું જોઇએ. સ્ત્રીઓનું તો સ્વભાવથીજ કોમળ હોય છે તેથી તે અનિષ્ઠ વ્યક્તિકરમાં શોકગ્રસ્ત થઇને રડે તો તે સ્વભાવિક છે પણ પુરૂષોને માટે તે સ્વાભાવિક નથી. સંસારમાં એવા અનેક પ્રસંગો આવે છે કે જેમાં અંતઃકરણના ધૈર્યની જરૂર પડે છે, એવા વખતમાં ધૈર્યજ રાખવું જોઇએ. રડવું એ તો બાયલા અને બિકણ મનુષ્યનું કામ છે અને તમે શું એમ ધારો છો કે તેનાથી દુઃખ ઓછું થાય છે. કદાચ તેનાથી હૃદયનો ભાર ઓછો થતો હશે ખરો પણ દુઃખ તો લેશમાત્ર પણ ઓછું થતું નથી. અધ્યાત્મશાસ્ત્રવાદીઓ તો જણાવે છે કે દુઃખના પ્રસંગે ગભરાવાથી અથવા રડવાથી દુઃખ જતું નથી પણ ઉલટું દ્વિગણ આવે છે.* માટે આમ ના હિંમત ન થાઓ અને શું દુઃખ છે તે જણાવો.

---

* સરખાવો

મુજ જીવન છે દુઃખરૂપ.
જ્યાં આવું તમથી કહેવાતું, ત્યાં જીવન દુઃખ દ્વિગુણ થાતું,
દુઃખ વધે જેમ જેમ બોલાતું. મુજ–૦

વિનોદચંદ્રે કહ્યું દેવી ! મારા અજ્ઞાનના પડળ આજ દૂર થયાં છે. સત્ય અને અસત્ય વસ્તુનું મને હવે ભાન થાય છે. હવે મને બરાબર રીતે સમજાય છે કે આ દુઃખ મેં મારી જાતેજ ઉત્પન્ન કર્યું છે. સ્ત્રી એ ગૃહની ગૃહલક્ષ્મી સ્વરૂપ છે. તેથી તારો મેં અનાદર કર્યો, અને લક્ષ્મીદેવીએ મારો પણ અનાદર કર્યો. પિતાની સઘળી પ્રાપ્ત મિલકત લગભગ બધી ગુમાવી છે. માથે દેન પણ પુષ્કળ થઇ ગયું છે. તે લોકો ન્યાયાલય સુધી જવાની હવે ધમકી આપે છે. તેમને આપવાના રૂપિઆ હવે કયાંથી લાવવા. રોકડ અનામત તો સઘળી ખલાસ કરી છે. માત્ર હવે જમીન છે. પણ આવા વખતમાં જમીનના તે ગ્રાહક એકદમ કોણ થાય. આબરૂ જવાનો પ્રસંગ આવી પહોંચ્યો છે. હવે હું શું કરીશ. હાય મારા દુઃખનો પાર રહ્યો નથી મારા સર્વસ્વનો મેં નાશ કર્યો છે એમ બોલતાં બોલતાં તેને તમર આવ્યાં અને ધબ લઇ નીચે પડયો.

જયોતિંમયીએ પોતાના પતિના પડતાં માથાને એકદમ પોતાના હાથમાં ઝીલી લઇ ખોળામાં તેમને શયન કરાવ્યું અને આશ્વાસન આપવા માંડયું નાથ આ શું કરો છો ? આટલી બધી ચિંતાને વશ શા માટે થાઓછો. સ્વસ્થ થાઓ. સર્વસ્વ ગયું. તો તેથી શું થયું તમે પોતે છો તો બસ છે. તમે પોતેજ ગયું તેનાથી પણ અધિક પ્રાપ્ત કરવાને શકિતમાન છો. ત્યારે હવે આ પ્રમાણે વ્યર્થ ખેદનું શું પ્રયોજન ? મનુષ્યનો આત્મા એ સર્વ કરવા સમર્થ છે. કેમકે આત્મા એજ પરમાત્મા છે. ત્યારે હવે ના હીમ્મત શા માટે થાઓ છો ?

પ્રિયાના આશ્વાસનથી કાંઈક શાંતિ મળતાં વિનોદચંદ્રે આગળ ચલાવ્યું. સ્વધર્મ ચારિણી તારો સઘળો ઉપદેશ સત્ય છે. પણ મને તો આ જગતમાં નિરાશા વિના બીજું કાંઈજ લાગતું નથી.

જયોતિંમયી બોલી નાથ એમ ન કહેશો ? નિરાશા એ જગતમાં કયાંહિ પણ સ્થાઇ રહેતી નથી. યથાર્થ તત્વ દૃષ્ટિવાળા મનુષ્યોને તો નિરાશા જણાતીજ નથી. સામાન્ય કોટિમાં તે કોઈ કોઇ વખત દર્શન દેછે નિરાશા એ મનુષ્યની કસોટી કરનાર એક ચમત્કારી વસ્તુ છે. કસોટી વગર પૂર્ણત્તા મળે નહિ. સુવર્ણને પણ તાપ આપવાથીજ તે શુધ્ધ થાય છે. પુનઃ પણ કહું છું કે નિરાશા એ સ્થાઈ નથીજ. સૂર્ય ઉપર વાદળનું આચ્છાન થાય છે. તે શું સ્થાઇ રહે છે. નિરાશાના સંબંધમાં પણ તેમજ છે. નિરાશાની પાછળ આશાનો સુર્ય સદાને માટે ઝળહળતોજ રહે છે.

વિનોદચંદ્ર બોલ્યો, દેવી આ તારી સઘળી વાત મને બહુજ સારી લાગે છે હું તે શ્રવણ કરૂં છું ત્યારે મારામાં કાંઈક નવીન પ્રકારની ચેતના અને કાંઈક નવીન પ્રકારની જાગૃતી ઉત્પન્ન થાય છે. પણ જયારે પાછી મારી સ્થિતિનું ભાન કરૂં છું ત્યારે એ સઘળુંજ જતું રહે છે. અંતઃકરણમાં ગ્લાનિ પાછી હતી તેવીને

તેવી થઇને ઉભી રહે છે. આ ઉપરથી મને તો લાગે છે કે તેં કહેલી વાત મારા જેવા સામાન્ય મનુષ્યને માટે નહિ પણ કોઈ ઉંચી કક્ષાવાળા સાધનસંપન્ન મનુષ્યને માટે હોવી જોઈએ.

તમારૂં આ માનવું ભૂલ ભરેલું છે. સ્વામીન ? આપણે સામાન્ય છીએ અથવા ઉંચા છીએ તેની કિંમત આંકવી આપણાજ હાથમાં છે. આપણે આપણને જેવા ધારશું તેવા જગત્ પણ ધારશે. તમે શું પેલી વાત ભુલી ગયા ? ચાલો હું તમને યાદ આપું છું. રાજસૂય યજ્ઞ પ્રસંગે કૃષ્ણ પરમાત્માએ યુધિષ્ઠિર રાજાને કહ્યું કે આ આખી સભામાં કોઇ અસત્યવાદી મનુષ્ય હોય તો બતાવો. તેમણે આખી સભા ફરી ફરીને જોઇ પણ કોઇ પણ અસત્યવાદી જણાયો નહિ. કારણ પોતે સત્યવાદી અને ધર્મશીલ હતા એટલે તેમને બધા તેવાજ જણાયા એટલે કૃષ્ણ ભગવાને દુર્યોધનને પૂછયું કે આખી સભામાં કોઈ સત્યવાદી બતાવો. તો તેની નજરે કોઇ પણ મનુષ્ય આવ્યો નહિ. પોતે જેવું હોય તેવુંજ બીજાને દેખે છે. માટે આપણને ઉંચા અથવા નીચા કરવા એ આપણાજ હાથમાં છે.

થોડીવાર શ્વાસ ખાઈ જ્યોતિર્મયીએ પુનઃ આગળ ચલાવ્યું જીવનાધાર હવે તમારી બીજી બાબતના સંબંધમાં જણાવું છું. તત્ત્વવિચારની વાતો જ્યારે સાંભળીએ છીએ ત્યારે નવું બળ આપણામાં ઉત્પન્ન થાય છે. એમ તમે જણાવ્યું તો હું તમને પુછું છું કે એ સાંભળેલી વાતો જ્યારે અનુભવમાં મૂકીએ ત્યારે આપણને કેટલું બધું સુખ થાય. વસ્તુત સાંભળવામાં કાંઇ બહુ ફળ નથી પણ તેને આચારમાં મૂકવામાંજ છે. કોઈ પણ ક્રિયાને આચારમાં મૂકવાનું મન આપણે જ્યારે તેને સાંભળેલી હોય છે ત્યારેજ થાય છે. તેટલા અંશે એ સાંભળવાની ક્રિયા પણ ઉપયોગી છે.

“દેવી ? તત્ત્વવિચારના સમુદ્રમાં તું આટલી બધી ઉંડી ઉતરી હોઈશ એમ મને સ્વપ્ને પણ નહોતું” વિનોદચંદ્ર બોલ્યો. ખરેખર મારાજ ઘરમાં રત્ન છતાં મેં બહાર ભટકાં માર્યાં છે. મારી આ ભૂલને માટે હવે પશ્ચાતાપ થાય છે. થએલી ભૂલને ધોઈ નાંખનાર પશ્ચાતાપરૂપ જળ છે. તેનાથી આજે મેં મારૂં અંતઃકરણ નિર્મલ કર્યું છે.

જ્યોતિર્મયી બોલી. સ્વામીન મારા આનંદનો આજે પાર નથી નિર્મલ અંતઃકરણોજ જ્ઞાનને ઝીલી શકે છે. સિંહણનું દુધ જેમ સુવર્ણપાત્ર સિવાય કોઇ પાત્રમાં ઝીલી શકાતું નથી તેમ નિર્મલ અંતઃકરણ સિવાય જ્ઞાન ઝીલી શકાતું નથી. રજ, તમ, આદિના સંસ્કારવાળું અંતઃકરણ કોઇ પણ દિવસ જ્ઞાનને પામી શકતું નથી જ્ઞાનને પામવા બાળકના જેવા અંતઃકરણની જરૂર છે. બાળકનું અંતઃકરણ કેવું રાગદ્વેષાદિ દ્વંદ ભાવોથી રહિત સદા મધુરૂં હસતુંને હસતુંજ

હોય છે. પોતાને મન શત્રુ અને મિત્ર બધાજ સરખાં છે આવા અંતઃકરણની સ્થિતિ મનુષ્યે પ્રથમ પ્રાપ્ત કરવી જોઈએ.

આ સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રથમ શું કરવાની જરૂર છે. ” વિનોદચંદ્ર બોલ્યો.

જ્યોર્તિમયીએ જવાબ વાળ્યો, હૃદયેશ્વર આપણા શાસ્ત્ર અને પુરાણોમાં તેને માટે એક નહિ પણ અનેક ઉપાયો વર્ણવ્યા છે. તેમાંથી ગમે તે એકને આચારમાં ઉતારવો. આજે આ ને કાલે બીજો એમ જુદા જુદા ઉપાયો કામે ન લગાડવા. કેમકે તેનાથી બધું બળ વહેંચાઇ જાય છે. નદીના સેંકડો ફાંટા પાડી નાંખ્યા હોય તો તેનું જેમ તમામ બળ વહેંચાઇ જાયં છે અને અસ્ખલિત પ્રવાહ ચાલી શકતો નથી તેમ આના સંબંધમાં પણ છે. સતસંગતિ અંતઃકરણને નિર્મલ કરવામાં મુખ્ય સાધન રૂપ છે. અંતઃકરણના રજતમાદિ પટને ભેદીને સાચી શુધ્ધિ સાધી આપે છે. માટે પ્રથમ એને પ્રાપ્ત કરવાની જરૂર છે.

વિનોદચંદ્ર બોલ્યો, પ્રિયા તારી આ વાત સત્ય છે પણ જે મનુષ્યને તે પ્રાપ્ત નથી તેણે શું કરવું.

જયોતિમયીએ ઉત્તર વાળ્યો. સતસંગતિ પ્રાપ્ત ન હોય તો અડચણ નહિ. તેનાથી અંતઃકરણને વિકળ થવા દઈ પ્રસન્નતા ગુમાવવાની જરૂર નથી. અંતઃકરણની પ્રસન્નતા સર્વ પ્રકારે આપણે જાળવી રાખવાની છે. સતસંગતિ ન હોય તેવા વખતમાં ઉત્તમ પ્રકારના પુસ્તકો એ સતસંગતિની ગરજ સારે છે. તેનો અભ્યાસ કરવો. અંતઃકરણને પ્રથમ કોરા કાગળ જેવું કરી પુસ્તક વાંચવા માંડવું. ઉદ્વિગ્નચિત્તે વાંચેલા પુસ્તકથી કાંઇ પણ લાભ નથી. આ પ્રમાણે પુસ્તકો વાંચવા અને સતસંગતિની ઇચ્છા કર્યા કરવી એટલે તે આવી મળશે.

“ તારા બોલવામાં મને કેટલીક અતિશયોક્તિ આવી ગએલી લાગે છે. ” વિનોદચંદ્ર બોલ્યો.

નાથ ? એમાં જરા પણ અતિશયોક્તિ કે અસંભવિતપણું નથી. ઈચ્છાનું સ્વરૂપ જયારે તમે જાણશો ત્યારે તમને આ વાતનું સર્વ રહસ્ય સમજાશે. મનુષ્યની ઈચ્છામાં કેટલું બળ રહેલું છે. તે કલ્પી શકાય એમ નથી. ઈચ્છાશક્તિએ પરમાત્માની ચિદ્ શક્તિ રૂપ છે અને એનો જ્યાં જ્યાં સચોટ પ્રયોગ કરવામાં આવે છે ત્યાં ત્યાં એ અસર કરે છેજ. અહા ! ઈચ્છાશક્તિના બળનો જયારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે કેવળ આશ્ચર્ય ચકિતજ થવાય છે. જીસસ ક્રાઈસ્ટે પર્વતને સમુદ્રમાં પડો એમ ઈચ્છા કરી તરતજ પર્વત સમુદ્રમાં પડયો. જન્મેજય રાજાના સર્પ યજ્ઞ વખત જ્યારે તક્ષક ઇંદ્રને શરણે ગયો ત્યારે યજ્ઞમાં બેઠેલા મુનીએ ઇંદ્ર સહિત તક્ષકને નીચે પડવા ઈચ્છા કરી તરતજ તે સ્વર્ગમાંથી નીચે પડવા લાગ્યા, આ

સર્વ દ્રષ્ટાંત ઇચ્છાશક્તિનું સામર્થ્યજ સૂચવે છે. અનંત અને અમાપ એવું કોઈ પણ સામર્થ્ય હોય તો તે મનુષ્યની ઇચ્છા શક્તિનુંજ છે. મનુષ્યને તેનો ઉપયોગ કેમ કરવો તે આવડતું નથી અને પાસે રત્ન હોય છતાં પોતાને ભીખારી માનનાર મનુષ્યના જેવી દશા આજે સર્વ કોઇ ભોગવે છે.

વિનોદચંદ્ર બોલ્યો, દેવી ઈચ્છાશક્તિમાં આટલું બધું સામર્થ્ય હશે એ તો મેં આજેજ જાણ્યું. જો તારા કહેવા પ્રમાણેજ હોય તો મનુષ્યને એ અણમોલ્યું રત્નજ પરમાત્માએ બક્ષીસ દીધું છે.

જ્યોર્તિર્મયી બોલી. રત્નની પરીક્ષા તો ઝવેરીઓજ કરે બીજા તો તેને પથ્થર ગણી ફેંકી દે છે. આ ઇચ્છા શક્તિના સંબંધમાં પણ તેમજ છે.

વિનોદચંદ્ર તારૂં કહેવું યથાર્થ સત્ય છે. નહિ તો સેંકડો મનુષ્યો આજે તેના સામર્થ્યને જાણ્યા વગરના વ્યવહારમાં દુઃખનો અનુભવ કરે છે તે કોઇ કરે નહિં હવે તારી સાથે આ આધ્યાત્મિક વાત કરતાં કરતાં મને પાછી વ્યવહારની વાત સાંભરી આવી છે. મરજી હોય તો જણાવું.

સુખપૂર્વક જણાવો સ્વામીન ? પતિપત્ની એક બીજાના અંતઃકરણની વાત એક બીજાને નિવેદન કરી પોતાની ભુલ હોય તો તે સુધારવા અથવા એક બીજાના અભિપ્રાય એક બીજાને જણાવવા સંપૂર્ણ રીતે હકદાર છે.”

વિનોદચંદ્રે પોતાની પ્રિયાનું આ કહેવાનું સાંભળી આગળ કહેવા માંડયું. મારી સ્થિતિ હાલમાં કેવી છે તેનું ભાન મેં તને શરૂઆતમાંજ કરાવ્યું છે હવે તેનાથી મુક્ત થવાનો ઉપાય શું છે. મારૂં ગએલું ધન પુનઃ પ્રાપ્ત કરવા માટે હવે શું કરવું ? મારા માગનારાઓને હવે હું શું જવાબ આપીશ એનો જ્યારે વિચાર કરૂં છું ત્યારે અંતઃકરણમાં ગ્લાનિ આવીને ઉભી રહે છે.

સહજ ગંભીર મુખથી જ્યોર્તિર્મયીએ આનો ઉત્તર વાળ્યો. સ્વામીન કોઇ પણ પ્રસંગમાં અંતઃકરણને ખેદ અથવા ગ્લાનિવાળું થવા ન દેવું એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે. પ્રસન્નતાને અખંડ રક્ષી રહેવાનો છે વ્યવહાર ધુરાનું સ્વરૂપજ એવું છે કે તેમાં આપણે જ્યારે પ્રેમપૂર્વક જોડાઇએ છીએ ત્યારે સુખ અને દુઃખના અનુભવો આપણને થયા વગર રહેતા નથી અને તેથીજ કહેવામાં આવ્યું છે કે વ્યવહારમાં રહેતાં છતાં વ્યવહારથી નિર્લેપ રહેવું. જેઓ તેનાથી નિર્લેપ રહેતા નથી તેમને વ્યવહારના સુખ દુઃખ ભોગવવાંજ જોઇએ. કૃતકર્મને હમેંશા ભોગવ્યા વગર છૂટકો નથી. આપણે જ્યાં સુધી અતિ ઉગ્ર સત્કર્મ કરીને આપણા મલિન કર્મોનો નાશ કર્યો નથી ત્યાં સુધી તે ફળ આપતાંજ રહે છે. આજના આ વ્યતિકરમાં આપને ધનની પીડા મુખ્ય છે. સઘળું ધન જતું રહ્યું હવે શું કરીશ એ વિચાર આપના અંતઃકરણમાં ઘુમે છે પણ તે ઈષ્ટ નથી જે થઈ ગયું છે તેને માટે હવે વ્યર્થ ચિંતા કામની નથી. થઇ ગયેલું કાંઇ ન થયેલું થવાનું નથી.

હવે તો એ થયું છે તેને ટાળવાને શું કરવું એજ વિચાર કર્તવ્ય છે ધનને પ્રાપ્ત કરવામાં તેને સંગ્રહવામાં અને તેનો નાશ થાય તેમાં એ ત્રણ પ્રકારે દુઃખજ છે. અને તેથીજ બુધ્ધિમાન મનુષ્યો ધનમાં મમત્વ રાખવા ના પાડે છે. મમત્વ એજ દુઃખનું કારણ છે. અને તેનો જ્યારે આપણે ત્યાગ કરીએ ત્યારે આપણે એમજ સમજવું કે દુઃખનો આપણે ત્યાગ કર્યો છે.

નાથ ? હવે તમારે લેશમાત્ર પણ ચિંતા કરવી ન જોઇએ. આજથીજ આ ક્ષણથીજ બીજું નવીન ધન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા માંડો. તે સાથે શુભનીષ્ટાના ગુણને કેળવો એટલે ધન તમને શોધતું આવશે. માથે દેન થયું છે તો તેનાથી ન ગભરાશો મારા આ દાગીના છે તે તમારાજ છે તેને વેચીને તે સર્વનું પતાવો કદાચ તેટલાથી પતિ ન રહે તો તેમને પ્રેમથી તમારી સ્થિતિનું નિવેદન કરો અને ધીમે રહીને રૂા. તમામ આપીશ એમ જણાવો તમારી એ વિજ્ઞપ્તિ તેઓ જરૂર સ્વીકારશે.

વિનોદચંદ્ર બોલ્યો મારી ગમે એટલી વિજ્ઞપ્તિને તેઓ સ્વીકારે તેમ નથી. તેમના હૃદય કેવળ પાષાણુ જેવા દયાહિન છે. તેમને તે દયા કયાંથી આવશે !

નહિ નાથ એમ ન કહેશો. જ્યોતિર્મયી બોલી સર્વના અંતઃકરણમાં પ્રભુનો વાસ છે. તમારામાં છે. તેમનામાં છે. પ્રભુ પ્રભુનો સ્વર સાંભળશેજ કેટલાક વ્યવહારના સંસ્કારોની જાળોથી કદાચ અંતઃકરણના પ્રભુ ઉપર કાંઈ આચ્છાદન થએલું આપને લાગે તો પણ આપના આ શુધ્ધ ચૈતન્યમય શબ્દોથી તરતજ તે વિલાઇ જશે. તમારૂં કહેવાનું તેના અંતઃકરણમાં જરૂર ઉતરશેજ.

'પાષાણને પણ પીગળાવી નાંખે એવી પ્રાર્થના એક.'

આ નવીન ભજન તમે શું ભુલી ગયા ! પ્રાર્થના શું શું નથી કરી શકતી ! સર્વ કરે છે. તમારી તેમના પ્રતિ કરેલી પ્રાર્થના પણ સચોટ અસર કરશેજ.

વિનોદચંદ્ર-"જ્યારે એમજ છે. ત્યારે હવે આપણે એજ માર્ગે વહીને જીવનને આનંદિત કરીશું.

જ્યોતિમયી બોલી, ખરેખર જીવનને આનંદિત કરવાનો એજ સર્વોત્તમ માર્ગ છે. ગમે તેવું કષ્ટ હોય તો તે પણ પ્રાર્થનાથી ટાળી શકાય છે; પણ નાથ હવે આપણે આજથીજ તેને આચારમાં મૂકવાની જરૂરછે. ખરેખરૂં સુખ તો તેમાંજ રહેલું છે. આપણે આ જાણ્યું તે જાણ્યું એમ અનેક પ્રકારે જાણ્યું પણ જ્યાં સુધી તેને પ્રાપ્ત કર્યું નથી ત્યાં સુધી જાણેલું સઘળું ન જાણ્યા બરાબરજ છે. વાતોના વડાથી કાંઈ પેટ ભરીને જમાતું નથી. ક્ષુધાની નિવૃત્તિ અર્થે તો ખાસ પરિશ્રમ વેઠી વડાં કરવાંજ પડે છે. આજ પ્રમાણે સર્વના સંબંધમાં છે. માટે જાણેલું આચારમાં મૂકવું એ પ્રથમ કર્તવ્ય છે.

વિનોદચંદ્ર બોલ્યો, હા સત્ય વાત છે, પણ હવે સમય વધારે થઇ ગએલો હોવાથી નિંદ્રાની જરૂર છે. કહેવામાં આવ્યું છે કે થાકેલા મગજને નિંદ્રાની અનિવાર્ય જરૂર છે.

હા ત્યારે ચાલો, આજથીજ આપણા ઈષ્ટ સ્મરણરૂપ કાર્યનો આરંભ કરી શયન કરીએ. જે મનુષ્ય પોતાના આજના કામને કાલ ઉપર મુલતવી રાખતો નથી તે અવશ્ય વિજયને મેળવે છે. આજનું કામ કાલે કરીશું એ પ્રકારની દુર્ગુણરૂપી તન મનને પાયમાલ કરનારી આળસને વશ થઈ આજે કેટલાએ મનુષ્યો પોતાનો વિજય તથા પ્રગતિને અટકાવતા હશે તેનું પરિણામ અને તેની ગણત્રી કરવાનું કામ કાંઇ સહેલું નથી.

વિનોદચંદ્ર—ઘણાએ મનુષ્યોની પ્રગતિ એનાથી અટકે છે. હું પોતે પણ કબુલ કરૂં છું કે મારામાં પણ એ દુર્ગુણનો વાસ છે પણ મારા સંગમાં તારા જેવી બુદ્ધિમાન સ્ત્રી હોવાથી એ દુર્ગુણનો સત્વર નાશ થઈ શકશે એવી આશા છે. આજનું કામ આજે નહિ કરવામાં કેટલાક લોકો વહેમી પણ હોયછે. કેમકે તે શુકનને માનનારા હોય છે આજે તો આ કામ નહિ થાય. આજે આ નડે છે. એ પ્રકારના વચનો બોલી નકામો કાળ ક્ષેપ કરી આળસમાં પડી રહેનાર મનુષ્યો મૂર્ખજ છે. તેનો ટોટો નથી.

જ્યોતિમયી આજનું કામ કાલે કરીશું. આજ એ કરવાનું મુહુર્ત નથી એમ માનવું એ તદન ભૂલ ભરેલું છે પણ દીલગીરીની સાથે જણાવવું પડે છે કે આપણામાં ઘણે ભાગે આ પ્રકારેજ થતું જોવામાં આવે છે. આ વર્તનથી આપણે ઘણું ગુમાવ્યું છે અને હજી પણ ગુમાવીએ છીએ. પણ આંખજ કયાં ઉઘડે છે! કેટલાએ સમયના સંસ્કાર તે કાંઈ એકદમ નિવૃત થવા સહેલા છે. મારા વિચાર પ્રમાણે તો પ્રત્યેક દિવસ એ મનુષ્યની પ્રગતિનો દીવસછે. અને તે તેને વિજય અર્પવાજ નિર્ણિત થએલો છે. આ ભાવનાને અંતઃકરણમાં જાગ્રત રાખી પોતાના કાર્યમાં યોજાનાર હમેંશા વિજય અને સુખનેજ અનુભવેછે. ચાલો ત્યારે હવે આપણે પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થના કરી લઇએ.

સ્ત્રીઓના શૂરમાં સ્વાભાવિકજ મીઠાશ સારી હોય છે. માટે આજે તુંજ કાંઈ ગા. વિનોદ્રચંદ્રે કહ્યું.

જ્યોતિમયીએ જણાવ્યું. કાંઈ હરકત નહિ નાથ? હું ગાઈશ પરંતુ મારા વિચાર પ્રમાણે આપે પણ સાથે ગાવા લાગવું જોઇએ. પ્રાર્થના સાંભળવાથી જેટલી અસર થાય છે તેનાથી વધારે અસર આપણે ગાવાથી પણ થાય છે.

વિનોદચંદ્ર—પણ જેને ગાતાં ન આવડતું હોય તેણે શું કરવું?

જ્યોતિમયી—અભ્યાસ રાખીને ગાતા શિખવું. જેમ વિવિધ પ્રકારના ધંધા રોજગાર વગેરે બાબતોને મનુષ્યે વ્યવહારમાં જોડાતાં શિખવી પડે છે તેમ આ ગાવાની કળાને પણ શિખવી જરૂરની છે. પ્રત્યેક મનુષ્યને શૂર તો પ્રાપ્ત હોય છેજ. ફક્ત તેને કેળવવાની જરૂર છે. અને તે થઈ શકે તેવું છે. આરંભમાં અન્ય મનુષ્યો ગાતા હોય તે ઉપર બરાબર ધ્યાન રાખવું અને પછી ઘરમાં આવી તે પ્રમાણે ગાવાનો અભ્યાસ કરવો આપણો રાગ ભલે જાડો નીકળતો હોય. ગાવાનો

અભ્યાસ પડતાં ઘટતો ફેરફાર એની મેળે થશે. આ પ્રમાણે ઘેર થોડું થોડું ગાવાનો અભ્યાસ રાખતાં તેમાં સરળતા થઈ જશે.

વિનોદચંદ્રે કહ્યું કે જ્યારે તારી એમજ ઇચ્છા છે તો ચાલ આપણે સાથેજ ગાઇએ. પેલી સુધાસ્રોતસ્વિની દ્વિતીય કલ્લોલનું પુસ્તક લાવ.

જ્યોતિર્મયીએ ઉઠી પુસ્તક લાવી આપ્યું. પુસ્તક ઉઘાડતાંજ ૨૫૫મું પદ્ય આવ્યું દંપતિએ કીર્તનનો આરંભ કર્યો.

પદ.

પોતાનો કહીને એકવાર મારા વહાલા આજે છોડો ન મારી બાંહ્ય.
બીજો મારે ન આધાર, મારા વહાલા, હું તો તમારી છું ગાય.
મારા દોષના કોશ વહાલા, શીદને જુઓ,
મારા આંસુ પ્રીતમજી પલ્લવે લુઓ,
પ્યારૂં છોરૂં તમારૂં મુંઝાય, મારા વહાલા આજે છોડો ન મારી બાંહ્ય.
જાણી આપ જેવો માથે ધીંગો ધણી,
હું તો ગુંઝું ભવે ના કોઇને ગણી,
ધણીપણું આજ કેમ ન જણાય, મારા વહાલા હું તો તમારી છું ગાય;
પૂર્ણ વાત્સલ્યથી પ્રભુ આપ પાળતા,
(તોએ) આડે માર્ગે વહેતો જોઇ શીદ કોપતા,
પિતાથી ન કુપિતા થવાય, મારા વહાલા—આજે છોડો ન મારી બાંહ્ય
માથે ઉગ્યા છે વહાલા દુઃખના તરૂં,
હાર્યો જુઓ સામું ખોળો પાથરૂં,
સહું જે, તે ન વર્ણી શકાય, મારા વહાલા, આજે છોડો ન મારી બાંહ્ય—
આપે ત્યજતાં વૈરી વિશ્વ બન્યું,
રહ્યું સ્થાન ન એકે ઠરવા તણું,
યાચું પૂર્વ જેવી પાછી સાચી છાય મારા વહાલા, આજે છોડો ન મારી બાંહ્ય—
વહાલા આપજો ક્ષમા શુણી નમ્ર વિનતી,
હું છું આપનો દાસ આપ મારા પતિ,
રંક દાસથી ન નરહરિ છૂટાય મારા વહાલા, આજે છોડો ન મારી બાંહ્ય—

ભાવપૂર્વક પદ્ય ગવાયું. તેનો સુરમ્ય ધ્વનિ સર્વત્ર પ્રસરી રહ્યો અને દંપતી નિંદ્રાધિન થયાં.

(૨)

પૂર્વની ઘટનાને આજે બે વર્ષ જેટલો લાંબો સમય વ્યતિત થયો છે. પ્રભાતના સમયમાં પોતાના સ્નાનાદિ નિત્ય કર્મથી પરવારી એક બાળા પોતાના પતિની પ્રતિમાનું પૂજન કરી તેના સામુંજ જોઇને બેસી રહી છે. તે મનોગત વિચાર કરે છે કે હું અભાગણીના કર્મમાં તો પતિના વિરહનુંજ દુઃખ લખેલું છે. તે દિવસની રાત્રીનું સ્મરણ આવતાં હજી પણ મારા મનમાં અતિ આનંદ

ઉભરાઈ જાય છે. મારા પતિએ મને પોતાની કરી. મને પ્રેમથી બોલાવી રાત્રિના લગભગ ત્રણ ચાર કલાક વાર્તા વિનોદમાં કાઢયો. અહા? શું તે આનંદ. રાત્રિ તો રોજ આવે છે ને જાય છે પણ મારા મનને આનંદ થતો નથી. વિરહને ભાગવાનો સમય આવ્યો. બગડેલા પતિ સુધરી પાછા ઠેકાણે આવ્યા તેમણે મને પોતાની સ્થાપી. અને બીજેજ દિવસે તેમણે પોતાનું નશીબ અજમાવવા પ્રદેશ પ્રયાણ કરવાનો નિશ્ચય કર્યો. ભાવિ સુખની આશામાં મેં રજા પણ આપી. પણ મારા નશીબમાં તો તે વિરહ દુઃખ કાયમજ રહ્યું. હશે ચિંતા નહિ દુઃખની પાછળ સુખ હમેંશા હોય છે. મને સંતોષ રાખવાનું કારણ એટલુંજ છે કે તેઓ ત્યાં સારૂં દ્રવ્ય ઉપાર્જન કરી શકયાં છે. કહેવાય છે કે પુરૂષનું નશીબ પાંદડા હેઠે ઢંકાયલું હોય છે. તે ખરેખર સત્ય છે. અહિંથી ગયા ત્યારે માથે દેવું કેટલું બધું હતું તે સર્વ હવે ખલાસ થયું. એટલુંજ નહિ પણ પાસે પૈસો પણ ઠીક થયો. અનીતિના માર્ગમાંથી છુટીને નીતિપંથમાં જવાથી એમજ થાય છે. હજારો મનુષ્યોએ તેનાથી સુખ મેળવ્યું છે. પણ અરે આજ પંદર દિવસથી તેમનો પત્ર કેમ નહિ આવતો હોય; શું તેમના અંતઃકરણમાં કાંઇ ખોટું લાગ્યું હશે. પુજ્ય સસરાજી તથા સાસુજી તેડવા આવ્યાં પણ મને હાલ તેઓ બરાબર ઠેકાણે પડશે ત્યારે મોકલીશું. એમ જણાવી ન મોકલી તેથી એમને ખોટું તો નહિ લાગ્યું હોય. સ્ત્રીઓ ખરેખર પરાધિનજ છે. તેનાથી પોતાનો સ્વતંત્ર મતજ ન અપાય. સાસરીયામાં પતિ તથા સાસુ સસરાની સત્તા. અને ઘેર જો માબાપ હોય તો તેની સત્તા. મને ન મોકલી તેથીજ તેમના અંતઃકરણને કલેશ થએલો હોવો જોઇએ પણ મારા ચંદ્ર શિતળ છે. તેઓ કદી પણ કલેશ કરી વહ્નિને વર્ષાવે તેમ નથી. અન્ય સામાન્ય મતિના વિષયી જનોને ભલે ચંદ્ર વહ્નિરૂપ લાગતો હોય પણ મને તો શિતળજ લાગે છે. ચંદ્ર તો એકજ છે. પછી જેવી જેની મતી અને ગતી તેવું તેને તે ભાન કરાવે છે તેમાં તેનો કાંઈ દોષ નથી. આ પ્રમાણે કેટલાએ સમય તે વિચારમાં બેસી રહી. થોડી વારમાંજ સ્વર આવ્યો. બહેન આ તારો કાગળ લે. પોતાની બહેન કાન્તાને આવેલી જોઇ જ્યોતિર્મયીએ સાવધ થઇ પત્ર હાથમાં લીધો. દેવસેવાના મંડપમાં હોવાથી તે પત્ર ત્યાંજ વાંચ્યો. પત્ર પોતાના વહાલા ચંદ્રનો હતો. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

રાજયનગર શુરૂ. તા ૩૦-૩-૧૬.

શ્રીમતિ પ્રિય આત્મસ્વરૂપ ચંદ્રિકા.

તમારો કૃપા પત્ર મલ્યો, પુજ્ય પિતા તથા માતુશ્રીને ફેરો પડયો. તે સમાચાર જાણી કાંઇક દીલગીર. પણ તેમાં તમે શું કરો ? અગાસીમાં બેસી કરેલી વાર્તા અને આનંદના દિવસો શું તમને યાદ નથી આવતા ? પ્રભુએ હવે સુખની ઘડી આપી છે. મારો ધંધો અહિંનો એવો છે કે મારાથી આવી શકાય એમ નથી. હવે તો તમારેજ આવવું ઇષ્ટ છે. ચંદ્રના જીવનરૂપ આ સર્વ જગતના—

સંસારના ઉદ્દેશ–સારભૂત ચંદ્રિકાજ છે. અને જે કાંઇ કરવામાં આવે છે તે સર્વ ચંદ્રિકાનાજ કલ્યાણ–શ્રેયસ પ્રેયસ માટે થાય છે વિશેષ શું લખવું? આપણો જ્યારે સંયોગ થયો ત્યાર પછી બીજેજે દિવસે મારે પરદેશ આવવું પડયું. હવે આપણે વાર્તાનો આનંદ કેટલો બધો આવશે. મારી સર્વ હકીકત, મારી સર્વ વૃત્તિ મનોભાવના, રૂબરૂ મળતાં જણાવીશ ત્યારે તમોને ખાત્રીથી નિશ્ચય પુર્વક સમજાશે અને સર્વમાં યોગ્ય અયોગ્ય વિગેરેનો વિચાર થઈ શકશે હાલમાં તો બને ત્યા સુધી શુદ્ધ નિર્મળ મનોવૃત્તિભાવ રાખી પરતંત્ર સ્થિતિમાં રહી શાંતિથી સમય કાઢવો એજ ઇષ્ટ છે. મારો મનોગત ભાવ તો તમારા ઉપર કાયમજ છે. ફરીથી જણાવું છું કે મારો મુખ્ય હેતુ સારભૂત કેવળમાત્ર ખાસ ચંદ્રિકાના સુખ–શ્રેયસ કલ્યાણનો છે. અને ચંદ્રને તો ચદ્રિકાના સિવાય જગતમાત્ર શૂન્યરૂપ છે. તથા ચંદ્રને કેવળ માયા વિષયવાસના કદીજ કબજામાં હવે લઈ શકે તેમ નથી. તૃપ્ત થએલ મનને હવે કોઇ વસ્તુની આશાતૃષ્ણા દબાવી શકે તેમ નથી. ચંદ્ર કદી લજ્જા ભય અધમ સ્વાર્થ કે મર્યાદાથી ડરનાર નથી ચંદ્રિકા માટે અને તેના સુખ માટે ચંદ્ર આ જીવનની પણ દરકાર કરે એવો નથી. ચંદ્રના મગજ અંતઃકરણ અને શરીરની સ્થિતિનો વાસ્તવિક ખ્યાલ પત્રથી અન્યને આવી શકે તેમ નથી. ખેદ માત્ર એટલોજ થાય છે કે ચંદ્રના હૃદય અંતઃકરણની હિંમત ખરી ભાવના વૃત્તિ તમામ પિતાજી તથા માતુશ્રી સમજી શકયાં નથી ખેર જેવી દૈવ ઇચ્છા વખત આવે સર્વ સમજાશે. સર્વ આશા અવલંબન એક માત્ર ચંદ્રિકા ઉપર છે. અને તે માટે પૂર્ણ વિશ્વાસ છે. કોઇ માનો યા ન માનો પણ દિવસ તથા રાત્રી વિચિત્ર રીતે જાય છે. હાલમાં ભોજન પણ એકજ વખત થાય છે. અને રાત્રીના ઉંઘ માત્ર ત્રણેક કલાક આવે છે. શરીર પ્રકૃતિનું વિચિત્ર સ્વરૂપ છે. તમો શાંતિ રાખી ઉચિત જણાય તે કરશો. સર્વને ઘટીત.

લી. તારો વિનોદચંદ્ર.

જયોતિમયીએ આ પત્ર એક વખત બે વખત એમ પુનઃ પુનઃ ચાર પાંચ વખત વાંચ્યો. પોતાના વહાલાના મનોભાવને જાણી ગદગદીત થઈ આજેજ પ્રયાણ કરવાનો નિશ્ચય કર્યો. પોતાના માતપિતાને પોતાની ઈચ્છા વ્યકત કરી. પુત્રીની ઇચ્છા જાણી તેમણે તેને વિદાય કરી.

(૩)

જયોતિમયી વિનોદચંદ્રને બીજેજ દિવસે મળી. સરિતા સાગરમાં ભળી. વિનોદચંદ્રને આથી આનંદ થયો. તેણે હસતાં હસતાં કહ્યું કે મારા પત્રનો અમલ આટલો જલદી થશે એમ મેં ધાર્યું નહોતું. જયોતિમયીએ જણાવ્યું કે આપની આજ્ઞા થતાં વાર તેને સ્વીકારવી એ અમારો ધર્મ છે. અને તેથી મેં મારી ફરજજ બજાવી છે.

(૪)

જયોતિમયી પતિના સંગમાં આનંદથી દિવસો વ્યતિત કરે છે. વિનોદચંદ્ર આજે સમાજમાં એક પ્રતિષ્ઠિત મનુષ્ય તરીકે ગણાય છે. જયોત્તિંમયીને હાલ એક પુત્ર રત્ન પણ પ્રાપ્ત થયું છે. અને તેઓ ઉભય દંપતી પુત્રનું લાલન પાલન કરે છે. અને હિંદુ સંસારના વિવિધ સુધારાના પ્રશ્નો ચર્ચે છે. તેમના સહવાસથી બીજાં અનેક દંપતીઓએ પોતાના ચારિત્ર્યને સર્વોત્તમ બનાવ્યું છે. अस्तु.

ચિંતામાં નાંખવાં હું ઠીક ધારતી નથી; પણ "વ્હાલાં હાય! અરે! અરે! જગતમાં વ્હાલાં ઉરો ચીરતાં!" એજ સૂત્ર મારા જીવને લાગુ થઈ રહ્યું છે. એજ.

લી. તમારી અભાગી પુત્રી સુશીલા.

* * * *

૪

સુશીલા પિતાને ત્યાં ગઇ તેજ દિવસે સાંજના સાડા છ વાગતાં ગાયકવાડી રાજ્યના એક ગામમાં એક ત્રીસ વર્ષનો યુવાન અને છવ્વીસ વર્ષની યુવતીનાં કોર્ટમાં રજીષ્ટર કરાવી કાયદેસર લગ્ન થવાનાં હતાં. વાચક! કહેવાની જરૂર નથી કે આજની 'ફાસ્ટમાં' મોહન તથા તેના કેટલાક મિત્રો, મોહનના પુનર્લગ્ન સારૂ નવસારી ઉપડી ગયા હતા.

* * * *

"સૌંદર્ય ખેલવું એતો પ્રભુનો ઉપયોગ છે, પણઃ—
"સૌંદર્યો પામતાં પહેલાં, સૌંદર્ય બનવું પડે;
"સૌંદર્યો વેડફી દેતાં, ના ના સુંદરતા મળે."

કલાપી.

રાત્રીના અગીઆર વાગે સત્યવદનના માળામાં એક યુવક સુંદર પલંગપર આડો પડયો છે. પાસે ચંપો, ગુલાબ, મોગરો એમ વિવિધ પુષ્પો પડયાં છે. આખા દિવાનખાનામાં વીજળીની 'લાઈટ' જળહળી રહી છે. યુવાનના હૃદયમાં આજ આનંદ માઇ શકતો નથી. પલંગની પાસે એક ખુરશીપર સૌંદર્યની દેવીશી મોહિની સુંદર રાગથી હાર્મોનીયમમાં, "મ્હારા નયન સલુણા સ્યામ હો! તમને શું કહીને બોલાવું." એ ગીત ગાઈ રહી છે. સૌંદર્યની દેવીનું પૂજન કરવામાં તે યુવાન તેનું સુંદર મુખ એકી નજરે જોઇ ગાંડો ઘેલો બની રહ્યો છે. પણ વાંચક! કોઈ કહેશો કે તે યુવાન શું પૂંજતો હતો! શાણાઓ સમજાવે છે કે "અનીતિનો સડો હોય ત્યાં સૌંદર્ય ટકી શકતું નથી. નીતિ વગરના સૌંદર્યને કોઇ પૂજતું નથી, નીતિ વગરનું માનવી, ગમે તેવું સુંદર હોય તો પણ તેને કોઇ ચહાતું નથી. નીતિ વગરની રચના ગમે તેવી સુંદર હોય તો પણ તે કોઈને આનંદ આપતી નથી." "સઘળા ઉચ્ચ પ્રકારના સૌંદર્યમાં નીતિનું તત્વ રહ્યું હોય છે," એમ એમર્સન કહે છે. ખરેજ.

"સૌંદર્ય દેહનું કે દેહીનું?"

પ્રિય વાંચક! ભલે એ યુવાન દેહના કલંકી મોહ ભર્યું સૌંદર્ય મોહછાબમાં વિષ સામગ્રીથી પૂજે, પરંતુ શુદ્ધ સરળ અને સાત્વિક પ્રેમી જનોને તો તે સ્થૂલ પૂજન કિલ્મીશ ભર્યુંજ લાગશે, કેમકેઃ—

'સૌંદર્ય શોભે છે શીલથી,
'ને યૌવન શોભે છે સંયમ વડે !" ન્હાનાલાલ.

સદ્ગુણ વિનાનું સૌંદર્ય સુવાસ વિનાના પુષ્પ જેવું સુંઘતાંજ નીરસ લાગશે. સુંદર પુષ્પ જોઇ તેના સુવાસની કોણ ઈચ્છા નહિ રાખે ?

'જેમ ફૂલડામાં ફોરમ,
'તેમ સૌંદર્યમાં આત્મપ્રભા." ન્હાનાલાલ.

એકલા દેહના ગૌર વર્ણનેજ સૌંદર્ય કહી શકાય નહિ, પણ

"સૌંદર્ય આત્માનાં યતે,
"ને શરીરનાં યતે;
"ઉપવનમાંના ફૂલડાની પેઠે,
"માનવીનાં ઘાટ, રંગ અને ફોરમ.
"એ ત્રણ નો ભપકાર તે સૌંદર્ય." ન્હાનાલાલ.

પ્રિય વાંચક ! યાદ રાખજો કે તમે કોણ છો ? તમે પરમ પવિત્ર યશસ્વી સીતા અને રામનાં બાળકો છો, એ પરમ કલ્યાણકારી દમ્પતીનું વૃત્તાંત જ્ઞાનીથી તે મૂર્ખ સુધી કોઇનું અજાણ્યું નથી. તે સંભારો, અને એક પતિ અને એક પત્ની એ સુંદર વ્રતની ભાવના તમારા દિલમાં જાગૃત કરો. પ્રિય વાંચક, બ્હેનો 'તમે સ્રી નથી, તમે પુરૂષ નથી, પણ પુરૂષની માતા છો.' એ મહાન્ આત્મ ગૌરવ તમે ભૂલી ન જાઓ. તમે સ્રી થઇ મોહાંધ પુરૂષોનો મોહ વધારવામાં મહાપ્રભૂત થઈ તમારીજ બ્હેનોને ગળે છરી મૂકશો, પ્રભુ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં સરળતાથી અને ગૌરવથી રહેવું તેજ સારૂં છે. આમ છે તો પછી મોહ અને તૃષ્ણાના તાણમાં તણાવું તો તે પથ્થર પોતાના પગપર નાંખવા જેવું છે. આપણે જાતેજ અકલ્યાણનો માર્ગ ગ્રહણ કરીએ છીએ એવું કાં ન સમજવું ! પ્રભુએ આપેલા સૌંદર્યની બક્ષીસનો સદુપયોગ કરતાં શીખો, કેમકે, જે જે ઐશ્વર્યવાળું હો, શોભીતું વા પરાક્રમી,

'તે તે તું જાણજે મ્હારા.'થયેલું તેજ અંશથી. સમશ્લોકી ગીતા.

* * * *

૬

રાત્રીના બે વાગ્યા છે. સર્વ પ્રાણી માત્ર શાન્ત છે. માત્ર પવનના સુસવાટાથી પાસેના ઝાડનાં પાંદડાંનો ખડખડ અવાજ આવ્યા કરે છે, અને અત્યાર સુધીની સૃષ્ટિની અનુપમ શાન્તિનો ભંગ કરે છે. મહાબળેશ્વરમાં આવેલા એક ભવ્ય મકાનમાં એક ઝીણો દીવો બળે છે. દીવાથી થોડેક દૂર એક સુંદર પથારી છે, તેમાં એક નાજુક હાડપિંજરરશી બાળા સુતી છે અને:—

" હૃદય પર હા! તે બાળાએ સુબાહુ મુકયા હતા."
" હિસતીજ હતી બાલા એતો અવર્ણ્ય મનોહરા."

પવિત્રતાની મૂર્તિ જેવી બાળા પથારીમાં સુતી છે. અને તેની પાસે તેનો પિતા બેઠો છે. એનો ચિંતાતુર ચ્હેરો અને શાન્ત શ્વાસોશ્વાસ લેવાની ક્રીયા જણાવે છે કે સુતેલી બાળાની માંદગી ગંભીર છે. વાચક! એ બાળાને તેં ઓળખી ? તે આપણી સુશીલાજ હતી। તે દિવસે શ્વસુરગૃહમાંથી પિતાને ત્યાં આવ્યા પછી તેના હૃદયમાં ચિંતાએ પૂર્ણ વાસ કર્યો હતો. તેની પ્રકૃતિપણ દિવસે દિવસે બગડતી ગઇ. ડાકટરે ચિકિત્સા કરી કહ્યું કે ક્ષયની અસર વ્યાપી ગઇ છે. અને તે મટવા સુંદર હવાની જરૂર છે. ડાકટરની સલાહથી તેના પિતા તેને મહાબળેશ્વર લાવ્યા હતા.

* * * *

૭

" હશે શું જીવ પોતાનો વ્હાલાંથીય વધુ ? અરે !
જુઓ, ન્હાસે ય્હણે સિંહ સુતી સીંહણ છોડીને. "

કલાપી.

રાત્રીના બે વાગે ભુલેશ્વરમાં આવેલા માળા પાસેની કપાસની વખારમાં અગ્નિ સળગી ઉઠવાથી માળામાં પણ અગ્નિદેવની કૃપા પ્રસાદી પહોંચી ચુકી હતી। શું વળી અગ્નિદેવની તે કૃપા હોય ? હા.

' કુદરત કૃતિ સર્વદા હેતુવાળી '

માળામાંથી ધુમાડાના ગોટેગોટ નીકળવા લાગ્યા. માળાનો ઘણો ભાગ ભસ્મીભુત પણ થઇ ગયો હતો. માત્ર દમ્પતી સુતાં હતા તેજ રૂમ સહીસલામત રહી હતિ. ત્યાં પણ ધુમાડો ઘણો ધસી આવતો હતો. નાકદ્વારા મુખમાં ધુમાડો પેસવાથી મોહન ગુંગળાઇ ઉઠયો. આ સર્વ પ્રકાર જોઈ ભયભીત બની ત્યાંથી નાસી છુટવા દોડાદોડ કરી રહ્યો. અત્યારે પોતાની જીંદગી બચાવવામાં તેનું બુદ્ધિબળ પણ ચાલ્યું ગયું હતું. છેવટે તેને અગાસીમાંથી ઉતરી પડવાનો લાગ જણાયો. પોતે ઉતરી નાસી છૂટયો. માત્ર તેની દેહેશ્વરીને મોહિનીને અગ્નિદેવની આહુતિ સારૂ પલંગપર સુતિજ રહેવા દીધી હતી.

* * * *

૮

પ્રાત:કાળ થવા આવ્યો હતો. પ્રભાતનો મીઠો પવન સર્વ કોઇને આનંદ આપી રહ્યો હતો. દૂર દૂર ખેતરોમાંથી ક્વચિત્ કોકીલાની મીઠી મીઠી ધીરી બંસરી સુણાતી હતી. અનો—

"નયન ઉઘડયું પેલું ઓજસ્વી નવલ પ્રભાતનું,
જગત ભરતું વ્હાલા ! જો તેજ ઉતરે તાતનું."

આ સમયે એક દુઃખી અબલા ભુખ અને થાકથી કંટાળી ગયેલી, પહેરેલું વસ્ત્ર ઝાડીના કાંટામાં ભરાઇ ફાટી ગયેલું, શરીર પર પણ કાંટાના ઉઝરડા થયેલા, એવી ભાગ્યવસાત્ દુઃખીયારી થયેલી સ્ત્રી, ચાલી આવતી હતી. કયાં જવું, અને શું કરવું તેની સુજ ન પડવાથી, વચમાં વચમાં ઉભી રહી કરૂણ સ્વરથી રૂદન કરતી હતી.

"નથી પગલાં ઉપડતાં મારાં,
"થાકે આવે છે આંખ અંધારાં;
"પંથ પુરો થતો નથી આજે,
"વાધું ત્યાં હું વધે વનવાટે.

જેમ જેમ સૂર્યોદય થતો હતો તેમ તેમ તેના હૃદયમાં આશાના કિરણો કંઇ સ્ફૂરતાં હતાં. થોડેક દૂર ચાલી ત્યાં તેને દૂર એક શિવાલય પડયું. પણ ત્યાં ખાસ કોઇ વસ્તી જોવામાં આવી નહિ. આટ આટલું ચાલતાં છતાંયે હજુ સર્વ નિર્જન ને નિર્જનજ ! છેવટે નિરાશ થઇ ત્યાં બેસી પડી. પોતાનાં અનેક કર્તવ્યની ઝાંખી નયન આગળ તરવરતી લાગી. અને અન્તે અબળા તે અબળાજ ! પોતાનીજ ભુલો પોતાથી સહન ન થઇ શકી. છેવટે મોટેથી પોકારી ઉઠી.

'પાપકર્મથી કોણ ઉગારે ?' સામો પ્રતિઘોષ થયો. "એક ઈષ્ટ અંતર્યામી !" સ્ત્રી ચમકી; આસપાસ જોયું, કોઈજ દીઠું નહિ. પુનઃ બોલી, "ભવસિંધુ કોણ તરાવે ?" પ્રતિઘોષ થયો. 'એક ઈષ્ટ અંતર્યામી !"

પ્રાતઃકાલમાં શ્રી ઇષ્ટદેવીની પૂજા કરવા આવેલી સાધ્વીએ દુઃખી સ્ત્રીનો અવાજ સાંભળી, જાણે અજાણે પણ દુઃખીને દિલાસો આપવાની પોતાની ફરજને સમજી, શિવાલય પાછળથી આવતો સ્વર સાંભળી, પતીતને પાવન કરવાનો પોતાને જીવન ઉદ્દેશ ચિત્ત ધરી તે સ્ત્રીના ગીતનો ઉત્તર આપતી, તેની પાસે સર્વ તપસ્વિનીઓ જઈ પહોંચી. અને ત્યાંથી તેને પોતાના મઠમાં લાવી, તેને આશ્વાસન આપવા લાગી. અનેક રીતે તેની સારવાર કરી આનંદથી તેને જમાડી, થાકેલી હોવાથી થોડોક વખત તેને આરામ લેવા સૂચવ્યું. આરામ લઈ ઉઠયા પછી તે સ્ત્રી બધી તાપસીઓને પૂછવા લાગી 'આપ સર્વ માતાઓ કોણ છો ? મને લાગે છે કે તમે કોઈ માનવી નહિ, પણ સ્વર્ગથી ઉતરી આવેલ દેવીઓ છો !"

એક તપસ્વિની 'હા' એમજ છે.

" હમે સ્વર્ગથી સંસાર તટે ઉતર્યાં'રે લોલ:
" હમે વિશ્વના સંતાપ બધે ફેડીયેરે લોલ:
" હમે ઉતર્યાં રોતાનાં આંસુ લુંછવારે લોલ.

" દુઃખી માનવીનું શીર અંક રાખીએરે લોલઃ
" તપ્યાં માનવીને છાંય શીળી આપીએરે લોલઃ
" અમે સ્વર્ગને સંસારમાં ઉતારીયેરે લોલઃ "

જગત્ જેને વિધવા કહે છે, અને સંસારીઓ જેને નિષ્કર્મ જીવન ગાળવા ફરજ પાડે છે એવા વિચિત્ર જગત્ના રૂઢિ બંધનને તોડી અમે જન હિતાર્થે જીવન વહન કરનારી સાધ્વીઓ છીયે કેમકેઃ—

" ન કર્મો આદર્યાથી કો નિષ્કર્મી થતું નથી;
અને સન્યાસથી માત્ર સિદ્ધિ કો પામતું નથી."

સમશ્લોકી ગીતા.

આ ન્યાયે અમો અત્રે કર્ત્તવ્યમય જીવન ગુજારીએ છીએ, અને અમારામાં અને સંસારીઓમા માત્ર એટલોજ તફાવત છે કે સંસારીઓના કર્મમાં અન્તે ફળની તૃષ્ણા રહેલી હોય છે. ત્યારે હમે ગીતા ભાખ્યા.

" કર્મમાંજ અધિકાર તાહરો
ના, નથી ફલમાંહિ તે કદી."   એ સુત્રાનુસાર.

જીવન ગુજારીએ છીએ. સર્વ પ્રકારના લોભ અમે તજી દીધા છે. જેથી ફળની પણ વાસના હમને નથી."

સાધ્વીઓનાં આવા પુણ્યમય જીવનની કથા સાંભળી તે સ્રીને તેમના પર પૂજ્યભાવ ઉત્પન્ન થયો અને પોતાના કર્મની સ્થિતિ સાંભરી આવવાથી તે અશ્રુપાત કરવા લાગી. તેને રૂદન કરતી જોઈ સાધ્વીઓએ તેને તેના દુઃખની કથની કહી સંભળાવવા આગ્રહ કીધો. તે સ્રી બિચારી પોતાનાં પાપ કર્મની કથા કહેતાં ઘણોજ સંકોચ પામવા લાગી. અને કહેવા લાગી કે મારાપર દયા લાવી મને મારા પાપજન્મની કથા ન કહેવા દોતો આપ સર્વ માતાઓનો મારા પર અતિ ઉપકાર થશે; કેમકે મારી કથા અતિ કિલ્મીશભરી છે. મારૂં પાપકર્મ સાંભળી આપ મને ક્ષમા પણ આપી શકશો નહિ. મને મારાં પાપનો અત્યારે અતિ પસ્તાવો થાય છે."

સાધ્વીઓઃ—પસ્તાવો થાય છે એજ પુણ્યમય બનવાનો માર્ગ છે. કેમકે

"હા, પસ્તાત્રો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું તે,
"પાપી તેમાં ડુબકી દઇને પુણ્યશાળી બને છે,"

કલાપી.

પાપી માણુસને હમે ધિક્કારતાં નથી, કેમકે સ્વામી રામતીર્થ કહે છે કે "પાપને ધિક્કારો, પાપીને નહિ." આથી કોઇ પણ વાતે સંકોચ રાખ્યા વિના સર્વ વાત કહી નાંખો, અને મનનો મેલ ધોઇ નાંખો.

સ્ત્રી અતિથી—જેવી રીતે અંગ્રેજ લોકમાં પાદરી આગળ 'કન્ફેશન' કરવાની રીત છે, તેવીજ રીતે હું પણ તમો સાધ્વી માતાઓ આગળ મારાં પાપકર્મ કબુલી દઉં છું, મારો જન્મ જ્યાં શોખીન લોકો, ફક્કડ વિલાસી લોકો, વસે છે એવા એક શહેરમાં થયો હતો. મને સૌંદર્યનું ઘણુંજ અભિમાન હતું. હું હંમેશાં ફેશનના ભપકામાં આખા શહેરમાં ફરતી. મારી માતા ઉસ્તાદથી ગાયન ગાઇ જાણતી. કોઇને ત્યાં અમુક સારો પ્રસંગ હોય તો મારી માતાને ગાવાને માટે લોકો આમંત્રણ કરતા. હું પણ એ કળામાં દિવસે દિવસે વધુ પ્રવીણ થતી ગઈ. મારી માતા સાથે હું પણ ગાવા જવા લાગી. અને ત્યાંથી હું ધીમે ધીમે અનીતિના માર્ગમાં ઘસડાવા લાગી. વીસેક વર્ષની થઈ ત્યાં લોકલાજે (કારણ મને ગર્ભ રહ્યો હતો.) મારી ન્યાતનાજ એક છોકરા સાથે મારૂં લગ્ન કર્યું. ત્યાં મેં તરતજ એક પુત્રીને જન્મ આપ્યો. થોડા માસમાં તે મરણ પામી. મારા સસરામાં મારી ખરાબ ટેવો ચાલુજ હતી. ત્યાં પતિ સિવાય અન્ય કોઈજ નહતું. તે બિચારા બહુજ ભલા હતા. એક દિવસ મારા દુષ્ટ વર્તનની તેમને ખબર પડી, જેથી આખો દિવસ અમારા બે વચ્ચે ઘણીજ તકરાર ચાલી. છેવટે હું તેનું ઘર તજી મારા પિતાને ઘેર આવી; માફ કરજો, આર્ય બાળકોને માતપિતાના દોષો જોવા એ અધર્મ્ય છે પરંતુ મારૂં આખું યે જીવન દુષ્કર્મમય બનાવનાર મારા માતા પિતાજ છે. મને ખરાબ રસ્તે જતાં અટકાવવાની તેમણે જરાયે કોશીશ કરી નથી. થોડા દિવસ પછી મારા પતિ મરણ પામ્યા. અને હુ હવે સમજવા લાગી કે મારી અનીતિનો રસ્તો હવે નિષ્કંટક થયો. પતિ મરણ પછી ચારેક વર્ષ મેં આમ તેમ વીતાવ્યા અને કોઈ અજાણ્યું પૂછતું તો તેને હું અવિવાહીત છું એમ જણાવતી ભોગ જોગે મારા પાપનો ઘડો અધુરો હતો તે ભરાવા મને મોહમયી મુંબાઇ નગરી જોવાનો પ્રસંગ મળ્યો. મુળ તો તે વિલાસી નગરી છે. અને તેમાં દિવાળીના તહેવારો હોવાથી મોહ અને વિલાસની કશીજ કમી રહી ન હતી. મુંબાઇમાં હમે ઉતર્યા હતાં. તેનો યુવાન પુત્ર મારા સૌંદર્યપર મોહીત થયો, અને મારી સાથે લગ્ન કરવા ઇચ્છા જણાવી. હું પણ લક્ષ્મી અને વૈભવથી લલચાઇ, તેની સાથે લગ્ન કરવા કબુલ થઈ તેના પિતા આ બાબતમાં આડા પડયા. અને પોતાની સઉ મિલકત બીજાને સોંપી દેવા તૈયાર થયા. પિતાની સાત લાખની પુંજી છોડતાં તેનો જીવ ચાલ્યો નહિ. અને માત્ર નામનુંજ લગ્ન તેની પોતાની ન્યાતની એક પવિત્ર કન્યા સાથે કર્યું અને ફરી લગ્ન હિંદી કાયદાને બાધ ન આવે તેવી રીતે ગાયકવાડી રાજ્યમાં મારી સાથે કર્યું. તેની પ્રથમની પરણિત સ્ત્રીને મેં છેહ દીધો તેણે બિચારીએ પતિસુખ દીઠુ ન દીઠું ત્યાંતો મારા જેવી ઝેરી નાગણે તેના હૃદયને દંશ દીધો. અને તેનું સર્વ જીવન વિષમય કરી દીધું."

વાચક ! ઉપલી દયાજનક કથની સાંભળી તને તે સ્ત્રીની ઓળખ તો થઈજ હશે, તે સ્ત્રી મોહિનીજ હતી ! મોહન તેને બળતા માળામાં એકલી સુવાડી નાસી છુટયા પછી થોડીજવારે તે પોલીસની મદદથી બહાર નીકળી બચી શકી હતી અને મોહનની શોધમાં તે રસ્તો ભુલી પડી ઘણેક દૂર અરણ્યમાં અટકતી ભટકતી આ શિવાલય આગળ તે આવી ચ્હડી હતી.

*

૯

નિશ્વાસ મુકતી સુશીલા આરામ ખુરશી પર સુઇ : ઘડીકમાં ન્યુસ્પેપર વાંચતી તો ઘડીકમાં વિચારમાં પડી જતી વળી ઘડિકમાં નિશ્વાસ નાંખી બોલતી કે 'જીવીશ બની શકે તો એકલાં પુસ્તકોથી ' ખુરશીની એક બાજુએ ભીંતપર મોટો તકતો લટકાવ્યો છે ને તેમાં સુશીલાનું પ્રતિબિમ્બ પડી રહ્યું છે. પાછળથી તે પ્રતિબિમ્બનું નિરિક્ષણ કરતો કોઈ યુવાન ચાલ્યો આવતો હતો. સુશીલાની નજર તે તરફ પડી. અને તે જોઇ ભયભીત બની. તરતજ તે યુવાન તેની પાસે આવી બોલ્યો.

"દુર્ભગ બાલે ! સુભગા બની તું, હૃદય તું કયમ ધડકે છે ?
"પ્રેમની અંતરમાળ આરોપી, હા તે વ્હાલો તે છે ?

આટલે બધે દિવસે પણ પતિએ પોતાની સંભાળ લીધી તેથી સુશીલાના દિલમાં આભારની લાગણી ઉભરાઇ આવી. હૃદય ભરાઇ આવ્યું, અને આંખમાંથી હર્ષાશ્રુ વર્ષવા લાગ્યાં. યુવાન તેનાં આંસુ લુછી આશ્વાસન આપવા લાગ્યો અને કહેવા લાગ્યો, 'દેવિ ! સુશીલા ! દૃષ્ટિ ઉંચી કર અને જો કે તારો પ્રથમનો મોહ મોહન અત્યારે નથી, પણ અત્યારે હું પુનર્જન્મ પામ્યો છું, "હૃદય મારૂં અરીસો છે. ઉઘાડી તું ભલે જો તે !"

વાચક ! આગમાંથી નીકળી છૂટયા પછી મોહન મોહિનીને તેમાંજ બળી ગઈ માની માત્ર સુશીલાની શોધમાં પડયો. તેના તરફ પોતે બતાવેલી અત્યંત ક્રુરતાનું તેને ભાન થયું, અને અતિ પ્રશ્ચાતાપ કરવા લાગ્યો. આ પ્રશ્ચાતાપના તાપથી તેનો લગ્નભાવ શુદ્ધ થયો અને એ શુદ્ધતાવડે મોહિનીનો મોહ નષ્ટ થઈ પ્રેમનો પરિમલવન્તો પ્રકાશ તે ન્યાળી રહ્યો. આજ એજ પ્રકાશનો દોર્યો તે સુશીલાની પાસે આવી ચડયો હતો. અને પોતાના શુદ્ધ પ્રેમનો તાદૃશ્ય ચિતાર દાખવી રહ્યો હતો. સુશીલા તે જોવા પ્રભુકૃપાથી બચી હતી.

* * * *

૧૦

આજે શિવરાત્રીનો મહોત્સવ છે. નાના બાળકો પણ આજ ફલાહાર કરી રહ્યાં છે. આજના પવિત્ર દિવસે મહાદેવજીના દર્શનાર્થે ભાવીક જનો પોતપોતાના મહો-

હલાના શિવાલયમાં જાય છે. મહાદેવના બાણુ ઉપર ઘીનાં કમળ ચ્હડી રહ્યાં હતાં. સાંજના સાત વાગ્યા હતા. આ વખતે આપણી સાધ્વીઓના શિવાલયમાં સર્વ તાપસીઓ હરિકિર્તન ગાઇ રહી છે. એકાએક શિવાલયના ઓટલા આગળ ગાડીનો ખખડાટ સંભળાયો ને સર્વના ચિત્ત એકીજ વખતે તે તરફ ખેંચાયાં. પ્રથમ ગાડીમાંથી એક યુવાન ઉતર્યો અને પાછળથી તેની સહચારિણી ધર્મપત્ની ઉતરી પણ તે યુવતીના હાથમાં પ્રફુલ્લીત સુકુમાર પુષ્પ જેવું શું હતું ? તે તેનો પાંચ માસનો બાળક જીવનચંદ્ર આજ શિવરાત્રી હોવાથી બાલક લઇ દમ્પતી શિવ દર્શનાર્થે અત્રે આવ્યાં હતાં. દમ્પતી શિવાલયમાં જઇ મહાદેવનું સ્તવન કરવા લાગ્યાં. સ્તુતિ કરી રહી જલાધારીમાંથી નમણુ લઇ પુન પાંછાં ફર્યાં. પાછા ફરતાં સર્વ સાધ્વીમંડલને ઉભય દમ્પતી નમસ્કાર કરી રહ્યાં પણ અત્યારે આ સાધ્વી મંડળમાં શું નિહાળી મોહન આમ તાજુબ બની ગયો. હતો ! હા, અહીં સાધ્વીના વેશમાં મોહિની હતી ! મોહિનીને તેણે ઓળખી તેને મોહિનીએ ઓળખ્યો ઉભય એકમેક તરફ જોઇ રહ્યાં મોહિની મોહન, સુશીલા તથા જીવનચંદ્ર સર્વની બીના સાધ્વીઓને પરીચીત થઈ. મોહિનીએ સુશીલાની મોહને મોહિનીને પોતાને ત્યાં આવવા નિમંત્રણ કર્યું અને સાથે જણાવ્યું કે તને આમ તરછોડવી એ એક વાતે અધર્મ છે. અને તેથી હું પ્રભુજીના દરબારમાં પાપી ઠરીશ મોહિનીએ તેની શંકાનું સમાધાન કર્યું અને જણાવ્યું કે તેમાં તમને કાંઇજ પાપ નથી કેમકે ": પ્રભુજીના દરબારમાં તો આત્મદાનને લગ્ન કહે છે." આપણું 'આત્મલગ્ન' થયું નહતું. આપણું તો માત્ર 'મોહલગ્ન'જ થયું હતું. આત્મલગ્ન તો આજ તમારી ક્ષમાદેવી સુશીલાએજ કર્યું હતું, પ્રભુ એ તમાંરૂં લગ્ન સદા અખંડીત રાખો, પુનઃ મારે મૃગજલ જેવા સંસારમાં ફાંફાં મારવાં નથી.

" નથી નથી મુજ તત્વો વિશ્વથી મેળ લેતાં.
હૃદય મમ ઘડાયું અન્ય કો વિશ્વ માટે. "

સૌ. કનુબ્હેન.

સાચો વશીકરણ મંત્ર.

(એક લઘુ વાર્તા.)

"કેમ ! મારાથી દૂરને દૂર રહેતા હતા, મારૂં કહ્યું કાંઈ કરતા નહોતા, તે આજે મારા થઈ ગયા છો. જોયું કે મારૂં જાદુ." રાત્રે વાળુ કર્યા પછી પોતાના પતિને મુખવાસ આપતાં હસતાં હસતાં વિમળા બોલી.

રામમોહને જણાવ્યું. મને કહે તો ખરી કે તેં શું જાદુ કર્યું છે ! મને પણ ખરેખર અજાયબીજ લાગે છે !

વિમળાએ કહ્યું, "એ કહેવાય એવું નથી." હુંજ અજાયબીથી ભરેલી છું. અરે ! તેનાથી પણ આગળ વધીને જણાવું તો કહું છું કે તમે પણ અજાયબીથી ભરેલા છો.

" તું શું બોલે છે તે મને સમજાતું નથી." રામમોહને કંટાળીને કહ્યું.

" એમ સમજવું સહેલું નથી તો," હાસ્ય કરીને વિમળા બોલી. મારૂં જાદુ એવું છે કે કદાચ તમે જાણી લો તો પછી મારે તમારી ઉપર દાવો કરવો પડે પણ મેં કાંઈ એ પેન્ટટ કરાવ્યું નથી કે જેથી મારી ફરીયાદ ચાલી શકે.; માટે મારે તો એ ગુપ્તજ રાખવાનું છે.

" ગુપ્ત રાખશે તો પેટમાં ખદબદ થશે." સ્ત્રીઓના સ્વાભાવિક ચારિત્ર્યનું ભાન કરાવતાં રામમોહન બોલ્યો !

વિમળાએ કહ્યું, નાથ ! તેની ચિંતા રાખશો નહિ. તમે મને અત્યારે સ્રી સ્વભાવનું જે આડકતરી રીતે કટાક્ષમાં વર્ણન કરી દીગદર્શન કરાવ્યું છે પણ તેવી હું નથી. સ્રીઓના પેટમાં કાંઈ વાત ટકતીજ નથી. એવી જે કહેતી પડી ગઇ છે, તેને હવે તો બહુ કાળ થયો છે. સ્રીઓ કેવાં કેવાં કામ કરે છે, તેની એવી કહેવત જોડી કાઢનાર મનુષ્યને ખબરજ ન હોવી જોઇએ. જરા સ્રી ચરિત્ર વાંચો એટલે તમને પણ તેની ખબર પડે !

આમ આડી ઉતરી કદાચ તું છટકવા માગશે પણ તેમ બનવાનું નથી. ચાલ કહી દે તે શું જાદુ કર્યું છે. કયા ફકીર કે ઓલીયા પાસે તું શીખી લાવી છે તે તો જણાવ ? રામમોહને ફરી પાછું પૂછયું.

વિમળા સ્મિત કરી બોલી ફકીર ઓલીયા પાસે તે એ જાદુ શિખાતું હશે! બળ્યું એટલોએ વિચાર નથી કરતા.

"ત્યારે શું કોઈ બાવા પાસે કે જોગી જતી પાસે શીખી." રામમોહન અધિરો થઈ બોલ્યો.

બાવો કે જોગી જતિ તે શું શીખવતા હતા ? હું સર્વને શીખવું તેવી છું વિમળા બોલી.

"ત્યારે તું તે પરમેશ્વરની દીકરી છે કે જેથી તને એ જાદુ વારસામાં મળ્યું." રામમોહને વ્યંગમાં પૂછ્યું.

વિમળા બોલી. હા. હું પરમેશ્વરની દીકરીજ છું સર્વ જગત પરમાત્મામાંથી ઉત્પન્ન થયું છે. અને આખી સૃષ્ટિના પિતા તેજ છે. એટલે તમે મને પરમેશ્વરની દીકરી કહો તેમાં મને કાંઈ ખોટું નથી. લો હુંજ કહું છું કે મને એ જાદુ વારસામાંજ મળ્યું છે. પરમેશ્વર મને એકલીને નહિ પણ સર્વને એનો વારસો આપે છેજ. પણ મનુષ્યો તેનાથી અજ્ઞાત રહે છે અને તેનો ઉપયોગ કરતા નથી અરે હું મનુષ્યની તે કયાં વાત કરૂં તમે પોતે પણ તેને જાણુતા નથી. શિવ! શિવ!

રામમોહન ક્રોધિત થઈ બોલ્યો "કેમ હવે તારે સ્પષ્ટ બોલવું છે કે વાત વધારી દેવી છે." વધશે તો પછી તેનું પરિણામ ઠીક નહિ આવે.

વાત વધશે તો ટુંકી કરતાં કયાં વાર છે ! માપ મારા હાથમાં છે તો તમારૂં પરિણામ તમારી પાસે રહેશે ઉસ્તાદ વિમળા બોલી,

હવે નાહક આવી ખોટી વાતો છોડી મુદ્દાની વાત ઉપર આવે તો મ્હોટી મહેરબાની થાય રામમોહને કંઈ પણ ઈલાજ ન ચાલવાથી છેવટે નમ્રતાનો આશ્રય લઈ કહ્યું.

ખરેખર નમ્રતાનો આશ્રય જ્યાં લેવામાં આવે છે ત્યાં અદ્ભુત પરિણામ પ્રકટે છેજ. કોઈ પણ મનુષ્ય ઉપર તેની અસર થયા સિવાય રહેતી નથી. રસ્તે ચાલનાર કોઇ અપરિચીત મનુષ્યને પણ જો તમે નમ્રતાપૂર્વક કાંઈ કહેશો તો તે તમારૂં કહેવું સાંભળશેજ. રેલ્વેટ્રેનમાં ખીચોખીચ મનુષ્ય બેઠા હોય તો પણ તેમાંથી એકાદને આ નમ્રતાપૂર્વક તમે કહેશો કે ભાઇ જરા બેસવા દેશો તો એ પોતે સંકોચાઇને બેસીને પણ તમને માર્ગ આપશે. આ પ્રમાણે હોવાથી એટલું તો નક્કી છે કે મનુષ્ય નમ્રતાના ગુણને લીધે જે કાંઈ કરવા ધારે તે કરી શકે છે. રામમોહનની પત્ની વિમળા ઉપર પણ આની અસર થઈ. રામબાણ કોઇ પણ દિવસ નિષ્ફળ થયલું સાંભળ્યું છે ! અમૃતપાન કર્યા પછી મૃત્યુનો ભય શું સંભવિત છે ! ના કદી પણ નહિ. આથી વિમળા ઉપર પણ

રામમોહનના આ વચનોની અસર ન થાય એ કેમ બને ! તરતજ તેના ઉપર અસર થઈ અને તે નીચે પ્રમાણે બોલી.

હૃદયેશ્વર ? ધીરા થાઓ. આટલી બધી ઉતાવળ શાને માટે કરો છો ? શાંતિ રાખવાથી સર્વ મળે છે એ મહાવાકય શું તમે ભુલી ગયા ? વશીકરણ અથવા મારૂં જાદું તમને કહેવાનોજ મારો વિચાર છે. એથીજ મેં આ વાતને ઉપાડી હતી. જો મારે કહેવાને વિચાર ન હોત તો એ વાત હું ઉકેલત શું કરવા જેમ બાજીગર પોતાને રમત કરવી હોય છે ત્યારેજ પોતાની ઇંદ્રિજાળ ઉકેલે છે. તેમ આ વિમળાને પણ એ વાત આપને જણાવવાની ઇચ્છા થઈ છે તેથીજ તે ઉપાડી છે.

મારો જાદુયે અન્ય નથી. તમે પણ જાણીને આશ્ચર્ય પામશો કે એ તો સામાન્ય છે. હવે હું તમને જણાવું છું કે મારો જાદુ એ **પ્રેમ** છે. આપના પ્રતિ વિશુદ્ધ અંતઃકરણના પ્રેમથી આપની સહભાગિની તરીકે આપની હું સેવા કરૂં છું. અને મારી એ અનન્ય સેવાને લીધે આપ મારા થઈ ગયા છો.

રામમોહન બોલ્યો. આ તો હું જાણુતોજ હતો. અરે પહેલાથી તે કહી દેવું હતું ને ? વાત નહિ, અને વાતનો પાયો નહિ. આ તો “ માથા કરતાં પઘડી બહોતેરી ” ના જેવો ઘાટ થયો.

વિમળાએ કહ્યું હુંજ પ્રથમ કહેતી હતીને કે એને તમે પણ જાણો છો. પરંતુ માત્ર તમે તેને જાણો છો અને મેં તેને આચારમાં મૂકયોછે એટલોજ આપણા બે વચ્ચે તફાવત છે.

રામમોહને કહ્યું, પણ વ્હાલી આ સામાન્ય સરખા પ્રયોગથી આવું અદ્ભુત કાર્ય થઈ શકે એ શું સંભવે છે ?

વિમળા બોલી, ના કેમ સંભવે ? હાથ કંકણને આરસીની શી જરૂર ! દાખલો કાંઈ શોધવા જવો પડે તેમ નથી. મારોજ દાખલો લ્યો કેમ મારા પ્રયોગથી તમે હાલ મારા થયા છો કે નહિ ?

હા અવસ્ય, રામમોહને પોતાની પ્રિયાને એક ચુમ્બન લેતા જણાવ્યું.

પ્રાણેશ ! વિમળા બોલી આ પ્રેમ એજ અમારે સ્ત્રીઓનું વશીકરણ છે. કેટલીક સ્ત્રીઓ આ વશીકરણને માટે જોગી જતી પાસે જઈ પોતાના પતિ ઉપર કેટલાક તાન્ત્રિક પ્રયોગ કરાવે છે પણ તેનું પરિણામ કોઇ પણ જગ્યાએ સારૂં આવેલું મારી જાણમાં નથી. ઉલટું “ ખાડો ખોદનાર પડે ” એ જન પ્રચલિત કહેવત પ્રમાણે એનાથી એ સ્ત્રીને તેમજ તેના પતિને ઉભયને નુકસાનજ થાય છે. માટે આવા ખોટા પ્રયોગો કરાવવાની ઈચ્છા કોઈ પણ સ્ત્રીની નજ હોવી ઘટે. કેમ ખરૂં ને ?

રામમોહને કહ્યું, એક વખત નહિ પણ હજાર વખત ખરૂં. પણ તારા જેવું અન્ય સ્ત્રીઓ સમજતી હશે ત્યારે ને !

વિમળા બોલી. ઘણી ખરી સ્ત્રીઓ તો આ વાતને સમજે છે. આવા પ્રયોગો કરાવનાર નીચ સ્ત્રીઓ તો કોઇ કોઇજ હોય છે, પણ તેઓને લીધે આખા સમાજને માથે તેમના અપકૃત્યનો જવાબ આવી પડે છે. ખરેખર એવી સ્ત્રીઓ તો નર્કનીજ અધિકારીણી છે.

રામમોહને જણાવ્યું, " વ્હાલી ! આ તારી સઘળી વાત યથાર્થ સત્ય છે. પણ મને એક શંકા ઉત્પન્ન થાય છે કે પ્રેમ જેવા સામાન્ય પ્રયોગને લીધે આવું અદ્ભુત પરિણામ પ્રકટતું હશે !

હાસ્ય કરીને વિમળા બોલી, હજી પણ શંકા રહી ખરીને ! પ્રેમનું બળ એટલું બધું છે કે તેને કાંઇ પણ અશકય જેવી વસ્તુજ નથી. **પ્રેમની ઉત્પતિ પરમાત્મામાંથી** છે. અર્થાત્ પ્રેમમયજ પરમાત્મા છે એમ કહીએ તો તે પણ ખોટું નથી. જેમ નાનાં સરખા વેદના અથવા ઉપનિષદ્‌ના મંત્રમાં અદ્ભુત સામર્થ્ય રહેલું છે તેમ આ પ્રેમના સંબંધમાં પણ છે. **પ્રેમ એ પણ એક મંત્ર** છે. અને તેના જાપથી ધારેલું ફળ મળે છે. મારે આ સ્થળે જણાવવું જોઇએ કે કેટલાક આ સ્થળે વિષયપ્રેમને પ્રેમ કહેશે. પણ પ્રેમનું શુદ્ધ સ્વરૂપ એ તદ્દન જુદુંજ છે. વિષયપ્રેમ એ ક્ષણીક છે. ત્યારે આ અખંડ છે. **પ્રેમનું શુદ્ધ સ્વરૂપ હૃદયની** તથા **તનની મનની એમ સર્વાંગની એકતા છે. અને આ** એકતાને ધારણ કરનાર દંપતીજ સુખી છે. તેમનાજ ગૃહસ્થાશ્રમને ધન્ય છે.

તમારૂં કહેવું હવે મને બરાબર સમજાયું. પ્રેમની કિંમત હવે ખરેખરી રીતે મારા લક્ષમાં આવી. જેમ નાની સરખી અગ્નિની ચીનગારી મોટા મહાલયને પણ ભસ્મિભૂત કરવાને માટે બસ છે. તેમ ગમે તેટલા વિરોધીપણાને ટાળવાને આ પ્રેમજ જબરજસ્ત સાધન છે. પણ મનુષ્યને તેની કિંમતજ કયાં છે. વાંદરાના હાથમાં ચિંતામણી હોય તો તેની તેને કાંઈ કિંમત હોતી નથી, તે તો તેને સામાન્ય કાચગણી ઉપેક્ષા કરે છે. તેમ મનુષ્યો પણ આ પ્રેમની ઉપેક્ષાજ કરે છે. જનસ્વભાવની સ્વાભાવિક પ્રકૃતિનું દર્શન કરાવતાં રામમોહને જણાવ્યું,

"અરે તમે પણ આજ સુધી તેવાજ હતા." વિમળા બોલી મેં તમને જણાવ્યું ત્યારે કે ?

"હા તેટલા માટે તારો ઉપકાર અને આભાર" રામમોહન બોલ્યો.

"હવે બસ થયુ"' મારે ઉપકાર કે આભાર જોઈતો નથી. કેમકે કદાચ આભારના ભાર નીચે દબાઈ જશો તો મારેજ તેમાંથી છૂટા કરવા પડશે." વિમળા સ્મિત કરી બોલી.

એમ કે "ત્યારે આભાર નથી માનતો થયું." રામમોહને કહ્યું.

"ત્યારે તમારા હૃદયની કૃતઘ્નતા કહેવાય." વિમળા બોલી.

અરે ! હવે મારે તે શું કરવું. રામમોહને અકળાઇને જણાવ્યું આભાર માનું તેમાં આભારનો ભાર લાગે અને ના માનું તેમાં હૃદયથી કૃતઘ્નતા કહેવાય. આ દુઃખ તે મારે કોને જઈને કહેવું ?

કોને જઈને શું. મને જઈને કહેવું. વિમળાએ પૂર્ણ પ્રેમથી પતિના ખોળામાં શયન કરતાં જણાવ્યું.

રામમોહન તેના ચંદ્ર જેવા મુખ ઉપર એક ચુમ્બન લઇ બોલ્યો ખરેખર તું ઉસ્તાદ તો બહુ છે !

વિમળાએ કરેલો વશીકરણરૂપ પ્રેમનો પ્રયોગ પ્રિય દંપતી તમે પણ કયારે કરીને એક બીજાને વશ થઈ રહેશો, અર્થાત્ એકતાને પામશો ?

સુજ્ઞાની એક ક્ષણ.

પ્રત્યેક મનુષ્ય કે જે કંઈ પણ કરવાને ઇચ્છે છે તેને સર્વ સાધનો સર્વ પ્રકારના શુદ્ધ વિચારો, ને સર્વ પ્રકારની અનુકૂલતા હોય છે પણ કાર્ય કરવાનો પૂર્ણ સમય નથી મળતો એમજ સર્વને લાગે છે વળી કોઇ કોઇ સમયે અનેક પ્રકારના ઇચ્છિત કાર્ય માટે સમય ગાળવામાં આવે છે પણ તે કાર્યથી અંતે જે પ્રકારનો આનંદ મળવો જોઈએ તે મળતો નથી ને સમય નકામો ગયો એમ થઈ રહે છે. અનેકને આજ પ્રમાણે સમયની પ્રતિકૂલતાજ જ્યાં ત્યાં નડે છે ને તેથી વાસ્તવ પૂર્ણત્વને ન પામવાથી અસંતોષને ઘણા મનુષ્યોને સેવતા આપણે જોઈએ. છીએ.

આ સમયની પ્રતિકૂલતાને લીધેજ જ્યારે ઘણા સમય સુધી અસંતોષને ધારતાં કેવી રીતે એક નવી ક્રિયા જડવાથી એકને સર્વ પ્રકારે સર્વોત્તમને પૂર્ણપણું મળ્યું છે એવું એક સુજ્ઞા નામની સ્ત્રીનું જીવન જોઈશું ને આપણે પણ તેથી વિશેષ કંઈ જાણવાજેવું મળે એવું હોવાથી તે અયોગ્ય નહીંજ ગણાય.

આ શ્રીમતિ સુજ્ઞા ખરેખર અનેક રીતે અત્યંત બુદ્ધિશાળી સુશીલ અનેક સદ્ગુણ સંપન્ના ને સદ્વિચારને સેવનાર હતી. તે પ્રતિક્ષણ એજ વિચાર કરતી

હતી કે કેવાં સાધનથી, કેવા વિચારથી ! ને કેવી ક્રિયા કરવાથી ઉન્નતિને પામી શકાય ! ને તે માટે તે ઘણો સમય તેવા કોઈ શુભ વિચારોમાં કાઢતી હતી.

સ્ત્રીઓને જાણવા યોગ્ય ગૃહ સંબંધીના કાર્યનું જ્ઞાન પણ તેને સારૂં હતું પાક કલા, ચિત્ર કલા, ભરવું, ગુંથવું એવાં કેટલાંક સુક્ષ્મ કામો પણ તે અત્યંત સુંદર રીતે કરતી હતી.

અતિથીસત્કાર જે ગૃહસ્થોને મુખ્યત્વે કરીને કરવાનો હોય છે. તેના યોગ્ય સ્વરૂપને તે જાણુતી હતી ને સર્વ પ્રતિ પ્રેમથી રહીને સર્વનો યોગ્ય સત્કાર કરતી.

જે કોઇ તેને ત્યાં જતાં તે સર્વની ઉચ્ચ પ્રવૃત્તિ જોઈને આનંદને પામતાં. અન્ય સામાન્ય સ્ત્રીઓની માફક કોઈ પણ પોતાને ઘેર આવે તો અત્યંત સંતાપથી કહે કે ‘ વળી આ પીડા કયાંથી આવી ને કયારે જશે ’ એવું જે નિત્ય કહ્યા કરે છે તેવો ભાવ આ સુજ્ઞાને કદી પણ સ્કુરતો નહીં.

અનેક સ્ત્રીઓ જેનું અંતઃકરણ હલકું હોય છે તેમજ બહારની પણ તેટલી અવ્યવસ્થા, ભોજનની અવ્યવસ્થા, બીછાનાની તેવીજ સ્થિતિ અનેક વસ્તુઓ પણ તેજ પ્રમાણે, અવ્યવસ્થિત સ્થિતિને આવું સર્વ જોતાં સર્વને તેથી એમજ થાય છે કે કયારે અહીંથી છૂટીએ ને વિશેષમાં અપમાન યુક્ત વર્તન આ પ્રમાણે જે સ્ત્રીઓમાં અંતર, બહાર, મલિનતાજ હોય છે તેવું કશુંજ આ સુજ્ઞાના હૃદયમાં કે ગૃહમાં નહોતું પણ અનેક પ્રકારે પ્રશંસનીય હતું. તેનું ગૃહ, તેની વ્યવસ્થા તેની સ્વચ્છતા ને તેની પ્રત્યેક ક્રિયા સર્વને તેના પ્રતિ માન ઉપજે એવીજ હતી. જે કોઈ તેને ત્યાં જતાં તેને સ્વભાવિકજ એમ રહ્યા કરતું કે બે ચાર દીવસ વિશેષ આ સ્થલે રહેવાનું હોય તો સારૂં. આ પ્રમાણે તેનું અતિથી પ્રતિનું વર્તન હતું.

પાકકલા કરવામાં પણ તેજ પ્રમાણે તેના વિધીને તે અત્યંત સુંદર પ્રકારે જાણુતી હતી ને તેથી પણ અનેક મનુષ્ય તેના હસ્તથી કરાએલા ભોજનથી તૃપ્તિને પામતાં હતાં. સર્વના પ્રતિ તેનો શુદ્ધ સ્નેહ હોવાથી આ ભોજન કરવામાં પણ અત્યંત સાવધાનતાથી ને જે કંઈ કરે તે સારૂં થાય તેમ તે ઈચ્છતી હતી. ગમે તેવું બગડેલું, ગંધાતું, ને નિરસ થએલું અન્ન તે ગૃહમાં રાખતીજ નહોતી ને આ પ્રમાણે આથી સર્વ તેના ગૃહના ભોજનની ઈચ્છા રાખતાં.

ચિત્રકલાને સામાન્ય પ્રકારે તે જાણુતી હતી. ગુંથણુકામ, ભરતકામ, પણ તે ઘણી સારી જાતનું સુંદર પ્રકારે કરી શકતી ને જે કોઈ શીખવા આવે તેને યથાર્થ પ્રેમપૂર્વક શીખવતી હતી. પ્રાતઃકાલમાં ભોજન વીગેરેના કાર્યથી નિવૃત્ત થઇને જયારે તે બેસતી ત્યારે તે આ પ્રકારના કાર્યમાં પણ થોડો કાળ ગાળતી

હતી ને પોતાના ગૃહના શૃંગાર જેવી વસ્તુઓ બનાવીને ગૃહને શોભાવતી હતી ને અન્યને પણ શીખવવામાં પણ સમય ગાળતી.

આ બધાં કાર્ય તે કરતી પણ તેનો ઘણો સમય કોઈ પણ સદ્ગ્રંથના વાંચનમાં, થોડો કંઈ નવીન અભ્યાસ કરવામાં જતો હતો. પુસ્તકો વાંચીને તેના પર કંઈક થોડા વિચાર કરવાની તેની ટેવ હતી ને તે પર વિચાર કરી તે પ્રમાણે વર્તવા પણ આગ્રહ ધરતી હતી. કંઈ કામ નથી તો જરા ચોપડી લઈને બેસવું એવા ભાવથી તે પુસ્તક વાંચતી નહોતી પણ તે પુસ્તકોમાં સૂચવ્યા પ્રમાણે ને તેમાં વર્ણેલાં પ્રમાણ પ્રમાણે તેનો ઉંડાણથી વિચાર કરતી આ પ્રકારે તે અભ્યાસ કરતી હતી છતાં પણ તે પોતાને જેવા પ્રકારની ઉંચી સ્થિતિમાં સ્થાપવાને ઈચ્છતી હતી તેવું તે કંઈજ જોતી નહોતી ને તેથી અસંતોષને સેવતી.

સામાન્ય મનુષ્યોને અને અનેક બુદ્ધિમાન મનુષ્યોને તે આ વિષે વારંવાર પુછતી ને શી રીતે ઉન્નતિને સત્વર પમાય તે માટે તે વિચારશીલ રહેતી.

કોઈ તેને કહેતાં કે અન્ય સર્વ કાર્યથી નિવૃત્ત થઈ વિશેષ સમય સદ્વિચાર ને સત્ક્રિયામાં ગાળવામાં આવે તો ઠીક, તો કોઈ કહેતાં કે જ્ઞાનના પુસ્તકો ઘણો સમય વાંચો, કોઈ કહે કે કોઈ અભ્યાસમાં વિશેષ સમય વીતાવો આ પ્રમાણે તેને સર્વ પોતપોતાના અભિપ્રાય પ્રમાણે કહેતાં પણ કોઈ તેને એવો કોઇ નવીન વિચાર કે માર્ગ બતાવનાર ન મળ્યું. આ સર્વ તો તે નિત્યજ કરતી હતી ને તેથી તેની ઈચ્છા પૂર્ણ થઈ નહિં ને નિત્ય તેની વૃત્તિ અસંતુષ્ટ રહેતાં ને વિકલ અંતઃકરણ રહેતાં જે નિત્યના સર્વ કાર્યો તે કરતી હતી તે પણ વ્યવસ્થા રહીત થવા લાગ્યાં ને બીજી બાજુથી કોઈ પ્રકારે ઉન્નતિને પામવાનો માર્ગ પણ તેને જડયો નહિં છતાં પણ પ્રાપ્ત વિષયની તેની તીવ્રેચ્છા ન્યૂન થઇ નહોતી.

આ પ્રમાણે કેટલોક સમય જતાં એક સમયે તે આજ વિચારમાં તીવ્રેચ્છાથી વિચાર કરતી બેઠી હતી એટલામાં કંઇ એક અવાજ થયો ને તે અવાજથી તેના અંતરમાં કંઈક જાગૃતિ, ઉત્સાહ, પ્રકટીને એકાએક વિશેષ બળ આવેલું ભાસ્યું; તે અવાજનો વિચાર હવે તેનું હૃદય કર્યા કરે છે ને તેમાંને તેમાં કંઈક નવીન ને નવીન એને જણાતું જાય છે. આ પ્રમાણે જોતાં ને વિચારતાં લગભગ એકાદ કલાક જેટલો સમય થયો એટલે પુનઃ બે અવાજ થયા ને તેથી તે બે અવાજે પૂર્વ કરતાં હવે વિશેષતર બળને સુજ્ઞાના હૃદયમાં પ્રકટાવ્યું. એકાએક તે બોલી ઉઠી 'અવશ્ય હું સર્વ કરી શકીશ મને કુંચી જડી છે, જે સમયની આટલા સમયથી તે રાહ જોતી હતી ને તે માટે તે અનેક વિચારને અનેક ક્રિયા કરતી ને કંઇક પણ સૂજયું નહોતું તે આજે તેને મળ્યું ને અવશ્ય આ પ્રમાણે વર્તીશ એમ તેણે પ્રતિજ્ઞા કરી.

આ અવાજે તેને ખરેખર અદ્ભુત જ્ઞાન આપ્યું ને તેથી ગમે ત્યારે હવે ગમે તેવી સ્થિતિમાં સર્વ હું કરીશ. એવું તેને ભાન રહેવા લાગ્યું.

સુજ્ઞાને આ અવાજથી જે નવીન જ્ઞાન મળ્યું, તે કોઇ રીતે અદૃશ્ય રહી કોઈ મહાત્માના સ્વરે કે કોઇ અદૃષ્ય સત્તાએ તેમ કર્યું છે એમ સર્વને લાગે એમ છે. આ અવાજ અથવા તે દ્વારા કોણે તેની ભૂલ તેને સમજાવી! કોઈ પણ મનુષ્ય આ સમયે તેની પાસે હતું નહિં. કોઈએ તેને કંઈ અદૃષ્યથી આવીને કહ્યું નથી. આ પ્રમાણે તેને માર્ગ બતાવનાર ને તેની પાસે નિત્યજ રહેનાર એક વસ્તુ હતી ને આ પ્રમાણે થવાથી તે અત્યંત આનંદ પામી.

આટલા સમય સુધી સર્વ પ્રકારે તે નિપૂણ ને ચાતુર્યયુક્ત હતી. વારંવાર તે ઘણા પ્રકારના સત્કાર્યમાં સમય ગાળતી તે છતાં પણ તેને એમજ રહેતું કે વાસ્તવ પૂર્ણત્વને પામવા યોગ્ય જ્ઞાન હજી નથી ને તેમાંજ એક એજ અપૂર્ણતા હતી કે જે વિધિથી ને જે કલાથી તે સર્વ કરવાં જોઈએ, તે પ્રમાણે તે થતાં નહિં.

આજે પૂર્ણપણે વેગથી કાર્ય કરે છે. થોડો સમય વાંચે છે પણ પૂર્ણપણે જ્ઞાન મેળવે છે થોડો સમય જપ કરે છે અદ્ભૂત શાંતિને પામે છે. થોડોજ સમય લખે છે અત્યંત અસરકારક ને આકર્ષક લેખ લખી શકે છે ને પૂર્ણતાને પામી. આનંદથી જેમ પેલા અવાજે તેને જ્ઞાન આપ્યું તેમ આ પણ વિજયઘોષ, વિજયનો ડંકો સર્વત્ર વગાડી રહી. હવે સર્વને સહજ એમ થાય કે આ એવી કઈ વસ્તુ હશે કે તેના અવાજથી સુજ્ઞાને જે જોઈતું હતું તે મળ્યું પણ તે કંઇ સુજ્ઞાનેજ જ્ઞાન અર્પવાનાજ ઉદ્દેશથી કંઈ ઇશ્વરે તેનેજ માટે રચી નહોતી પણ આજે તે સર્વના ગૃહમાં નિત્યજ સમીપમાંજ રહે છે ને વારંવાર તેનો સર્વને ખપ પડે છે તેની પાસે આપણે પણ જો જ્ઞાન મેળવવું હોય તો મેળવી શકીએ તેમજ છે હવે આપણી જીજ્ઞાસા વૃત્તિ અત્યંત આતુર થઈ છે ને એમજ ઇચ્છે છે કે કયારે હવે તે જેમ સુજ્ઞાને જ્ઞાન આપ્યું તેમ આપણને પણ જ્ઞાન સ્ફુરાવવા ધ્વનિને કાઢે તેથી જો આપણે પણ જો સુજ્ઞાની માફક જ્ઞાનને પામી ઉન્નતિને પામવાની તીવ્રેચ્છાવાળાં હોઈએ ને સમયનો બધો કાલ કાઢતાં છતાં કશુંજ મેળવી શકયા ન હોઈએ તો આજે અત્યંત તીવ્રેચ્છાજ ઉઠી છે તો ચાલો આપણે પણ સુજ્ઞાને જ્ઞાન જેણે આપ્યું છે તે તરફ જોઇએ.

ખરે! હવે આપણે તીવ્રેચ્છાથી નીચાં મુખને ઉંચું કરી સામે ભીંત ઉપર દ્રષ્ટિ કરીએ શું જોઈએ છીએ!

સુજ્ઞાને જે અવાજે જાગૃતિ, બળ, કાર્ય કરવાનો ઉત્સાહ આપ્યો છે તે અવાજને કાઢનાર કઇ વસ્તુ છે!

આ વસ્તુ તે બીજી કોઇજ નહિં પણ નિત્ય આપણા ઉપયોગનું આ ભીંત પર ટાંગેલા સમયદર્શક યંત્ર તરફ જોઇએ. આણેજ સુજ્ઞાને ઉત્સાહ પૂર્ણ કરી

મૂકી છે અત્યારે પણ તે ધ્વનિ કરે છે. એક ડંકો વગાડે છે ને તે એક ડંકો ક્યારે વગાડે છે કે તેની ગતિમાં તે ફરીને વિજયથી થાય છે, પ્રત્યેક ક્ષણે પ્રત્યેક કાર્ય પૂરૂં કરીને તે અવાજ કરે છે

સુજ્ઞા એમજ કહેતા કે જાણે આ ધ્વનિ થતાં મને એમજ ભાન થવા માંડયું કે પ્રત્યેક ક્ષણ જો નિયમિતપણે કાર્ય થાય ને જેમ યંત્રે મને અવાજથી સૂચવ્યું કે અવાજ થયા પછી એક ડંકો વાગ્યા પછી જોતજોતામાં એક ક્ષણ બે ક્ષણ ચાર ક્ષણ પાંચ ક્ષણ થઈ જલદી સમય જવા માંડયો ને મને ભાન થયું કે જે પ્રત્યેક ક્ષણો જેટલી ત્વરાથી વહી જાય છે ને તેની ગતિ નિયમિત થઇને હું જોઉં છું તેટલામાં તો એક કલાક થઈ ગયો છે માટે આપ્રમાણે મેં કોઈ સમયે કાર્ય કર્યું હોત તો આજે અનેક કર્મો કરી ઉન્નતિને મેળવી હોત આ સમય દર્શક યંત્રે ખરે મને અદ્ભૂત જ્ઞાન આપ્યું છે ને એક કલાક પૂર્ણપણે કાય કરતાં ને નિયમિત પણે કાર્ય કરતાં કલાકના અવધિએ બે ડંકા થયા ને તેથી મેં એવો ભાવ લીધો કેવી નિયમિત કાર્યની પાછળજ ખરી ઉન્નતિ છે આનંદ છે જે ક્ષણે જે કાર્ય કરવાનું હોય તે સમયે તે યથાર્થને તત્કાળજ કરવું એજ ખરો કાર્ય કરવાનો સમય છે ને તેમાંજ ઉન્નતિ રહેલી છે. આ પ્રમાણે સુજ્ઞાએ તત્કાલ કરવું શરૂ કર્યું- હવે તેને સૂજ્યું કે ખરે એકજ ક્ષણ પણ નિયમિતપણે કાર્ય કરવાને માટે પૂર્ણ છે ને આ એકજ ક્ષણ એક એવું અપૂર્વ બળ અર્પે છે કે જેવી રીતે પ્રત્યેક ક્ષણ નિયમિતપણે ને પૂર્ણપણે કાર્ય કરે છે તો અંતે પ્રત્યેક ક્ષણ મળી એક કલાક થતાં તેની નિયમિતતા જણાઈ છે તેમ પ્રત્યેક ક્ષણે જે કાર્ય કરવાનું છે નિયમિતને લક્ષપૂર્વક થતું હોય તો અંતમાં તેનો સરવાળો કરતાં એક મોટું કાર્ય આપણે હાથે થાય છે ને સર્વ કાર્યોમાં ઉન્નતિને પમાય છે.

આ પ્રમાણે આપણે અનેક પ્રકારના વિષયો જાણવાને અનુભવવાને ઈચ્છનાર છીએ ને તે માટે સમયની અનુકૂલતા નથી એ બોલવાનો હવે અવકાશ રહેતો નથી.

આપણે જેમ સુજ્ઞા પૂર્વે સમય ગાળતી હતી તેમ તો કાઢીએજ છીએ ૦॥ કલાક કલાક બે ચાર કલાક કાઢીએ છીએ પણ અંતે શું કંઈજ નહિં હતા ત્યાંના ત્યાંજ.

એકજ ક્ષણ સર્વ કરવા સમર્થ છે અનેક પ્રકારના અશુભ વિચાર અટકાવવા શું કરવાનું છે તે સમયે કંઈ કલાક બે કલાકની નવરાશ કાઢી અમુક વિચાર આવ્યો તો તેની નિવૃત્તિ કેમ કરવી તે માટે તે સમયે કોઈ પુસ્તકમાંથી બોધ મળી આવવાનો નથી તેમ તે સમયે કોઈ આવીને કે કોઈ પાસે જઇને બોધ લેવાતો નથી પણ જે સમયે ક્રોધ કે એવોજ કોઈ અશુભવિચાર પ્રકટયો તો તેજ સમયે એજ ક્ષણે શાંતિના વિચારને આણવો પછી એજ થવાનું કે બીજી ક્ષણે

જરા શાંતિ વિશેષ લાગવાની ને આ બે ક્ષણે જે કાર્ય કર્યું તેથી પછીની બીજી ક્ષણોમાં શાંતિના વિચારો શાંતિ શું લાભ કરે છે એવું સ્ફુરતાં પેલાં ક્રોધને નિવારી શકાય છે ને જેમ પ્રત્યેક ક્ષણોનું એકત્રપણું તે યથાર્થ નિયમિતપણાથી પૂર્ણપણે એક કલાક થાય છે ને એ પ્રમાણે બાર કલાક થતાં દીવસ થાય છે તેમ એકજ ક્ષણ કરેલો શુભ વિચાર અન્ય અનેક શુભ, વિચારને લઈ આવે છે ને આપણા જીવનને પૂર્ણત્વની સ્થિતિમાં પહોંચાડે છે.

સમયને માટે રાહ જોઈ બેશી રહેવાથી કદી પણ અનુકૂળતા આવતી નથી ને તેથી એકજ ક્ષણનો પણ પૂર્ણ લક્ષ દઈને કરેલા શુભવિચાર આપણું આંતર એવી રીતે ગ્રહણ કરે છે કે તે કદી પણ ભૂસાતા નથી ને વારંવાર એમજ કરવાથી અતિશય મોટા કાર્ય અત્યંત સદ્‌ગુણો ઉંચી કલ્પના કરી શકાય છે.

આ એકજ ક્ષણને અમૂલ્ય સમ જાણનાર અનેક મનુષ્યો એક એક ક્ષણને નિયમિત રીતે ગાળીને વિદ્વતાને તથા અત્યંત જ્ઞાનને પામ્યાં છે.

સમય મળે ત્યારેજ અમુક કાર્ય કરાશે આ પ્રકારની આશા રાખવી એ કેવલ દુરાશાજ છે. પણ પ્રત્યેક ક્ષણે શુભ વિચારને તથા શુભ ક્રિયાને કરતા રહેવાથી આપણે પણ વિજયનો ધ્વનિ કાઢવા શક્તિમાન થઇએ તેમ છે.

આપણે પણ આ ક્ષણથી તે નિયમે કાર્ય કરવા માંડીએ કે જેથી સત્વર સર્વમાં વિજયનેજ જોઈશું.

સમાપ્ત.

વાંચવા લાયક પુસ્તકો

૧ મુલ્યવાન રત્નો-નિશાળમાં ભુખી ગએલા મનુષ્યને તેમાંથી મુક્ત કરનાર અતિ ઉપયોગી પુસ્તક મૂલ્ય ફકત ૭ પાઇ.

૨ સદ્‌બોધ સ્તવનમાળા-ચંદ્રપ્રકાશ માસિકમાં પ્રસિદ્ધ થએલા કાવ્યોમાંથી ખાસ ચુંટી કહાડેલા કાવ્યોનો સંગ્રહ મૂલ્ય બે આના. પોસ્ટેજ ૦—૦—૬.

૩ કાવ્યકુસુમ-જ્ઞાન, તત્વવિચાર, અનુભવ, ભક્તિ વગેરે વિષયો ઉપર લખેલાં રસિક અને બોધક તદન નવિન પદોનો સંગ્રહ ખાસ વાંચવા વિચારવા યોગ્ય, મૂલ્ય આઠ આના પોસ્ટેજ ૦—૧—૦

૪ શ્રેયઃ સુધાકર-શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગના દરેક અગ્રગણ્ય શ્રી ગુરૂઓના કાવ્યોમાંથી ખાસ ચુંટી કહાડેલો ઉત્તમ સંગ્રહ પાકું પુઠું સોનેરી નામ બે સુંદર છબી. મૂલ્ય રૂ. એક પો. ૦—૨—૦.

૫ સુક્તિ મુક્તામાળા-ઉત્કૃષ્ટ વિચારોથી ભરપુર પુસ્તક ફકત અર્ધા આનાની ટીકીટ મોકલી મંગાવનારને મફત.

૬ આધ્યાત્મિક માર્ગ પ્રકાશ-અધ્યાત્મવિદ્યાના અભ્યાસીઓને સીધો અને સરળ માર્ગ દર્શાવનાર ઉપયોગી પુસ્તક મૂલ્ય આના આઠ પોસ્ટેજ ૦—૧—૦

૭ ચિતોડ પર ચઢાઈ-એક ઐતિહાસીક રસમય નવલકથા બે ભાગ સાથે સંપૂર્ણ સુપ્રસિદ્ધ ગુજરાતી પત્રની ભેટ પદ્મિનીનું અનુસંધાન મૂલ્ય રૂ. એક પોસ્ટેજ ૦—૧—૦

૮ પ્રાણ ચિકિત્સા-શરીરમાં નવ જીવનનું અપૂર્વ બળ આપનાર સરળ ક્રિયાઓથી ભરપુર ઉપયોગી પુસ્તક મૂલ્ય ફક્ત ત્રણ આના પોસ્ટેજ અર્ધો.

૯ રૂદ્રાક્ષ ઉપનીષદ્‌-રૂદ્રાક્ષ કેવા પહેરવા તેને પહેરવાથી કેવું ફળ થાય છે. રૂદ્રાક્ષની ઉત્પત્તિ તેની પરીક્ષા વગેરે અનેક બાબતોથી ભરપુર ઉપયોગી પુસ્તક આ પુસ્તકમાં ચમત્કારી રીતે આપણા શાસ્ત્રમાં લખેલી કેટલીક ક્રિયાઓના અર્થ પણ બહુ સરળ રીતે સમજાવ્યા છે. મૂલ્ય ૭ આના પોસ્ટેજ ૦—૧—૦.

૧૦ સંસાર દર્પણ-બાબુ રમેશચંદ્રની નવલકથા સમાજનો અનુવાદ પ્રગતિ નાશિલ વિચારોથી ભરપુર નવલકથા પાકું પુઠું સોનેરી નામ, મૂલ્ય એક રૂપિયો.

ચંદ્રપ્રકાશ ઓફીસ

ખપાટીઆ ચકલા સુરત.

સમગ્ર ધર્મ અને વેદાંત શાસ્ત્રના સર્વોત્તમ સંગ્રહરૂપ અત્યુત્તમ ગ્રંથ

સૂતસંહિતા.

ચંદ્રપ્રકાશ ઓફિસ તરફથી બહાર પડેલાં તમામ પુસ્તકોમાં આ પુસ્તક પ્રથમ પદે બિરાજવા યોગ્ય છે. વેદાંત, ધર્મ, તત્વવિચાર, જ્ઞાન, ભક્તિ, વગેરેના સાધનો તથા તેના પ્રકારોનું તેમાં યુક્તિ, પ્રયુક્તિથી એવી સરસ રીતે વર્ણન કરવામાં આવ્યું છે. કે વાંચતા અંતઃકરણમાં ખરા રહસ્યનું ભાન થઇ સાચી પ્રસન્નતા પ્રકટે છે. મનુષ્યોને જ્ઞાતવ્ય, પ્રાપ્તવ્ય અને કર્તવ્યની દિશાનું ભાન કરાવનાર પુસ્તકો આજના સમયમાં અનેક છે. અને તે સર્વ વાંચતા થાકી જવાય છે. આ પુસ્તક બધાના સારરૂપ છે. તેના એકનાજ વાંચનથી જાણવાનું અને પ્રાપ્ત કરવાનું સઘળું મળે છે. આ પુસ્તકમાં ચાર ખંડ છે. ૧ શિવ માહાત્મ્ય ખંડ, ૨ જ્ઞાનયોગ ખંડ, ૩ મુક્તિ ખંડ, ૪ યજ્ઞ વૈભવ ખંડ. આ ચાર ખંડ થઇને તેમાં અનેક બાબતો આવી જાય છે. રાજયોગ સંબંધી પ્રાણાયામ ધ્યાન ધારણા આસન વીગેરેની બાબતો પણ તેમાં સંપૂર્ણ વિસ્તારથી આવી છે. ટુંકમાં એવી કોઈ બાબત નથી કે જે આ પુસ્તકમાં રહી જવા પામી હોય. ડમી આઠ પેજી લગભગ પચાસ ઉપરાંત ફોર્મના આ પાકા પૂંઠાના પુસ્તકની કિંમત ફક્ત રૂા. બે રાખવામાં આવી છે. પોષ્ટેજ આના ચાર જુદા.

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.